Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



E/168

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૮ મું. આત્મ સં. ૫૫ સંવત ૨૦૦૭.

અંક ૬-૭ મો. તા ૧૫-૨-૫૧ પોશ-માઘ.



વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

આ. શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

પ્રકાશક:

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## " નમ્ર સૂચના "

આ સભાનો ગઇ સાલનો ( ૫૪મા વર્ષનો ) રિપોર્ટ પોષ માસના અંકમાં દાખલ કરવાનો હતો; પરંતુ તૈયાર થતાં વિલંબ થવાથી અને તેને જલ્દી પ્રકટ કરવાનો અમારૂં દર વર્ષનું ધોરણ હોવાથી પોષ અને માહ માસના બે અંકો સાથે પ્રકટ કરવા પડ્યા છે, જેથી ક્ષમા ચાહીએ છીએ. આ અંકોમાં રિપોર્ટ દાખલ કરવામાં આવેલ છે. જેથી સર્વ વાંચક વર્ગને મનનપૂર્વક વાંચવા વિનંતિ છે.

# અનુક્રમણિકા.

( પોષ-માઘ-જાન્યુઆરી-ફેબ્રુઆરી )


૧ શ્રી પાર્શ્વ જિનેશ્વર સ્તવન ... ... ... ( લે. જંબૂવિજયજી મહારાજ ) ૧૦૫
૨ શ્રી અંતરિક્ષજી પાર્શ્વનાથજી તીર્થ ... ... ( લે. જંબૂવિજયજી મહારાજ ) ૧૦૬
૩ તત્ત્વાવબોધ... ... ... (લે. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૧૧૪
૪ શ્રી બાહુજિન સ્તવન. અર્થ સહિત ... ... ( ડોકટર વલ્લભદાસ નેણશીભાઇ ) ૧૧૭
૫ શંકા-સમાધાન ... ... ... ( લે. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી મહારાજ ) ૧૨૧
૬ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ...( સભા ) ૧૦૦

( માઘ માસ. )

૭ શ્રી ગૌતમસ્વામીનો વિલાપ ... ... ( મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજ ) ૧૨૬
૮ શંકા અને સમાધાન ... ... ... ( શ્રી વિજયલબ્ધિસૂરિશ્વરજી મહારાજ ) ૧૨૭
૯ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ( સભા ) ૧૩૦

**૧૦ સંવત ૨૦૦૬ નો આ સભાની સંપૂર્ણ કાર્યવાહીનો રિપોર્ટ (છેલ્લે) પા. ૧૩૦ પછી.**

૧ મુખ્ય સેક્રેટરીનું વાર્ષિક-નિવેદન. પા. ૧
૨ સ્થાપના અને ઉદ્દેશો. બંધારણ. પા. ૪
૩ પેટ્રનોની નામાવલી અને અત્યાર સુધીમાં હજારો રૂપીયાની કિંમતના ગ્રંથોનો અપાયેલ લાભ. પા. ૪
૪ સંપૂર્ણ સલામતીવાળી સભાની આર્થિક સ્થિતિ. પા. ૫
૫ જુદા જુદા પાંચ પ્રકારના સાહિત્ય પ્રકાશન ખાતાઓ, તેની શરૂઆત, મૂલ પ્રકાશન ગ્રંથોમાંથી સુમારે રૂા. બત્રીશ હજારના ગ્રથો પૂજ્ય સાધુ-સાધ્વી મહારાજાઓ વગેરેને આપેલા ભેટના ગ્રંથોનો લાભ. પા. ૬
૬ સસ્તા સાહિત્યની યોજના અને પ્રકાશનની થયેલી શરૂઆત.
૭ શ્રી આત્મારામજી જૈન લાઇબ્રેરીનું વર્ણન અને જ્ઞાનમંદિર સ્થાપનાની તૈયારી. પા. ૮-૯
૮ **માનપત્ર સંબંધી**-આ સભાના પ્રમુખશ્રીનું વિવેચન અને મુખ્ય સેક્રેટરીનું માનપત્રના અધિકાર માટેનું મંતવ્ય અને ભાવનગર સમાચાર પત્રનો તે માટે અભિપ્રાય પા. ૧૦
૯ બંને પ્રકારથી કેળવણીને ઉત્તેજન. પા. ૧૩
૧૦ જૈન બંધુઓ માટે રાહત ફંડ. પા. ૧૪
૧૧ વાર્ષિક મહોત્સવ આનંદ મેલાપ અને જ્ઞાનપૂજન. પા. ૧૪
૧૨ ગુરૂ જયંતિઓ દેવભક્તિ અને તીર્થ યાત્રા. પા. ૧૪
૧૩ મીટીંગોનો હેવાલ અને સં. ૨૦૦૬ની સાલનું વહીવટી સરવૈયું. પા. ૧૫
૧૪ આવતા વર્ષ માટે શરૂ કરવાના કાર્યો મનોરથ આશા, પ્રાર્થના અને આભાર. પા. ૧૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન્ શ્રેષ્ઠિવર્ય શ્રી ભગુભાઇ ચુનીલાલ સુતરીઆનું જીવન વૃત્તાંત

475

અનેક વિદ્વાન આચાર્ય ભગવાનો, મુનિપુંગવોના આવાગમનથી પવિત્ર થયેલ, અનેક સુંદર ભવ્ય જિનાલયોથી વિભૂષિત, દાનવીર પુણ્યપ્રભાવક નરરત્નોથી શોભાયમાન એવી જૈનપુરી રાજનગર( અમદાવાદ )માં દેવગુરુ, ધર્માનુરાગી શેઠશ્રી **ભગુભાઇનો** જન્મ વિ. સં. ૧૯૩૧ ના ભાદરવા શુદિ છઠ્ઠે થયો હતો. તેમના પિતાશ્રીનું નામ શેઠ **ચુનીલાલભાઈ** અને માતુશ્રીનું નામ **શ્રી દિવાળીબાઇ** હતું. પ્રબલ પૂણ્યોદયે પરંપરાથી જન્મથી જ સંસ્કાર પ્રાપ્ત થયા હતા. યોગ્ય ઉમરે મેટ્રિક સુધી શિક્ષણ લઇ સાથે જરૂરી અને આવશ્યક ધાર્મિક શિક્ષણ પણ પ્રાપ્ત કર્યું, અને પિતાશ્રીના નામે ચાલતી શેઠ ચુનીલાલ ખુશાલદાસની પેઢીમાં દાખલ થયાં.

સંવિગ્ન ગીતાર્થ–આચાર્ય મહારાજશ્રી **વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજ તથા શાંતિમૂર્તિ આચાર્યશ્રી **વિજયનીતિસૂરિજી** મહારાજ વિગેરે ગુરુવર્યોના સમાગમ અને વ્યાખ્યાનશ્રવણાદિનો નિરંતર લાભ અને સેવનાથી દેવ, ગુરુ, ધર્મની ભકિત કરવાની તીવ્ર લાગણી જાગૃત થઇ અને પ્રભુપૂજા, તીર્થયાત્રા, તપ, ઉદ્યાપન, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, ઉપધાન, વીસસ્થાનક તપ, બારવ્રત વિગેરે ધર્મક્રિયાની દિવસાનુદિવસ વિશેષ વૃદ્ધિ થતાં ધર્માધના પણ સાથે

---

દાનવીર શ્રેષ્ઠીવર્ય **શ્રી ભગુભાઇ ચુનીલાલ** જેવા પરમશ્રદ્ધાળુ જૈનનરરત્ને આ સભાની વિનંતિથી માનવંતું પેટ્રન ( મુરબ્બી પદ ) સ્વીકારેલ છે. સભાના ધારાધોરણ પ્રમાણે પેટ્રન પદ સ્વીકારે, તેઓશ્રીનો ફોટો અને સંક્ષિપ્ત જીવનવૃત્તાંત આત્માનંદ પ્રકાશમાં પ્રગટ કરવું. શેઠ સાહેબ **ભગુભાઈ** પાસે બંનેની માંગણી કરતાં બંનેનો અસ્વીકાર કર્યો જેથી તેઓશ્રી પ્રસિદ્ધિ અને તેવી કીર્તિની ઇચ્છા વગરના છે એમ જાણી, સભાને ઘણો જ આનંદ થયો છે. પરંતુ શેઠ સાહેબ આ જૈનપુરીના જૈનનરરત્ન અને ભારતનાં તીર્થોની સંરક્ષક કમીટીમાં અગ્રગણ્ય પુરુષ ( સેવાભાવી ) હોઇને અન્ય જૈન બંધુઓને તેઓશ્રીની ધાર્મિક પ્રવૃત્તિ અને જીવન અનુકરણીય હોઈ બીજે સ્થળેથી મેળવી જીવનવૃત્તાંતની અહિં રજુ કરતાં અમોને આનંદ થયો છે છતાં તે માટે અમો તેઓશ્રીની ક્ષમા ચાહીએ છીએ. વળી

आ.श्री. कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
ना क्र.

For Private And Personal Use Only

3015

સાથે વિશેષ કરવા લાગ્યા. શ્રી સિદ્ધગિરિજીની નવાણું યાત્રા સુખપૂર્વક કરી. તેઓશ્રીમાં પરંપરાના સંસ્કારવડે રાજનગર(અમદાવાદ)માં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં તીર્થરક્ષણ અને સેવામાં અગ્રગણ્ય પ્રતિનિધિ થતાં તીર્થ સેવા પણ કરવા લાગ્યા. ધાર્મિક પ્રવૃત્તિ અને બુદ્ધિ–કૌશલ્યવડે પ્રતિષ્ઠિત ગણાતાં વ્યાપારઉદ્યોગપતિઓમાં, શહેરી તરીકે અને અમદાવાદમાં દરેક ધાર્મિક કાર્યમાં એક સારા સલાહકાર તરીકે વર્તમાનકાળમાં કોઇ વ્યક્તિ નથી, એમ જૈન સમાજમાં પણ ગણના થઈ. અવિચ્છિન્ન પ્રભાવશાળી ત્રિકાલાબાધિત શ્રી તીર્થંકરદેવે પ્રકાશેલા કલ્પવૃક્ષ જેવા–શ્રી જૈનેન્દ્ર શાસનના સાચા ઉપાસક હોવાથી પરમાત્માએ પ્રરૂપેલા સાત ક્ષેત્રોને પોષવામાં–ઉપધાન, તીર્થયાત્રા, અઠ્ઠાઇ મહોત્સવ વિગેરે ધાર્મિક કાર્યોમાં ઉલ્લાસથી સુકૃત લક્ષ્મીનો સદુપયોગ કરતા હોવાથી અમદાવાદમાં દાનવીર પુરૂષ પણ જણાયા છે, છતાં જ્ઞાનભક્તિ રસિક હોવાથી જૈન સાહિત્ય પ્રકાશનોમાં સખાવતો ચાલુ રાખી રહેલ છે.

આ સભાની ધાર્મિક કાર્યવાહી, દેવગુરુજ્ઞાનભક્તિ થતી જાણી આ સભાની વિનંતીથી પેટ્રનપદ સ્વીકારવાથી આ સભાના ગૌરવ અને પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઇ છે જે માટે સભા આભાર માને છે.

છેવટે પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે–શેઠશ્રી **ભગુભાઇ** દીર્ઘાયુ થઇ શારીરિક, આર્થિક, આધ્યાત્મિક લક્ષ્મીમાં વધતાં જૈન સમાજ અને જનસમૂહના ઉત્કર્ષ માટે તન મન ધનથી સેવા અને દાનવડે આત્મકલ્યાણ વિશેષ વિશેષ સાધે.

---

આ પ્રમાણે મહાન ઉદ્યોગપતિ, ભારતના જૈન સમાજના મુગટરૂપ તથા ભારત તીર્થરક્ષક કમીટીના માનવંતા પ્રેસીડેન્ટ સાહેબ ભારતના જૈન અનેક તીર્થોની ભક્તિ, સેવા કરનાર નગરશેઠ કુટુંબના નબીરા, શેઠ સાહેબ **કસ્તુરભાઇ લાલભાઇ**એ પણ આ સભાનું મુરબ્બી પદ સ્વીકાર્યું તે વખતે સભાએ ફોટા, જીવનવૃત્તાંત માટે કરેલી માંગણીનો તેવાજ કારણો માટે કરેલા અસ્વીકાર માટે અને અન્ય સ્થળેથી પણ જીવનવૃત્તાંત નહિં મળવાથી સભાએ માત્ર અભિનંદન આપવા સાથે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. આ બંને મહાશય જૈનનરત્નોની જોડી માટે અમદાવાદને અને જૈન સમાજને ગૌરવ લેવા જેવું છે.

આ જૈનપુરીમાં તીર્થસંરક્ષકની માનવંતી સંસ્થાના આવા મુખ્ય પુણ્ય પ્રભાવક પુરુષો વિગેરેવડે અમદાવાદ જૈનપુરી, (રાજનગર) તેવી પરંપરાવડે શોભે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૭. | પોષ—માઘ | પુસ્તક ૪૮ મું. |
| વિક્રમ સં. ૨૦૦૭. | :: તા. ૧૫મી જાન્યુઆરી ફેબ્રુઆરી ૧૯૫૧ :: | અંક ૬–૭ મો. |

## श्रीपार्श्वजिनेश्वर स्तवन

( ચાલ-દેખી શ્રી પાર્શ્વતણી મૂરતિ અલબેલડી...... )

વંદના સ્વીકારો સ્વામી વામાદેવી નંદના, વિનતિ કરું કરજોડ રે.
પાર્શ્વપ્રભુ શિવસુખ આપજો,
સ્વામી મારા ભવદુઃખ કાપજો
તારકનામ સુણી આવ્યો જિણંદજી, આશા ધરી તુમ દ્વાર રે. પાર્શ્વપ્રભુ૦ ૧
શાંત મુદ્રામય મૂરતિ નિહાળી, પ્રગટ્યો આનંદ અપાર રે. પાર્શ્વપ્રભુ૦ ૨
દેવાધિદેવ પ્રભુ કરું તારી સેવા, સુણો સેવક અરદાસ રે. પાર્શ્વપ્રભુ૦ ૩
અંતરજામી તમે સ્વામી છો મ્હારા, આશા પૂરો જિનરાજ રે. પાર્શ્વપ્રભુ૦ ૪
જંબૂ વિનવે પ્રભુ, પાર્શ્વજિનેશ્વર, ઉતારો ભવજલ પાર રે.
પાર્શ્વપ્રભુ શિવસુખ આપજો, સ્વામી મારા ભવદુઃખ કાપજો. ૫

રચયિતા—મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

नमः श्रीअन्तरिक्षपार्श्वनाथाय ॥

# श्रीअंतरिक्षपार्श्वनाथजीतीर्थ

( ગતાંક પૃષ્ઠ ૮૫ થી ચાલુ )

**શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાન**ના તીર્થની ઉત્પત્તિ આદિ વર્ણવતા જે પ્રાચીન ઐતિહાસિક ઉલ્લેખો ઉપલબ્ધ થાય છે, તે લગભગ તમામ ઉલ્લેખોનું અગાઉનાં અંકોમાં વર્ણન આવી ગયું છે. બીજા પણ કેટલાંક પ્રાચીન લખાણો છે કે–જેમાં અંતરિક્ષજીનો ઇતિહાસ નહીં પણ માત્ર નામોલ્લેખ મળે છે. આવા ઉલ્લેખો પૈકીના ખાસ ખાસ નીચે મુજબ છે.

"**श्रीपुरे अन्तरिक्षः श्रीपार्श्वः**"—આ ઉલ્લેખ **શ્રી જિનપ્રભસૂરિરચિત વિવિધતીર્થકલ્પાન્તર્ગત ચતુરશીતિમહાતીર્થનામસંગ્રહકલ્પ**( પૃ૦ ૮૬ )માં છે. આ જ જિનપ્રભસૂરિએ રચેલા **श्रीपुरअन्तरिक्ष पार्श्वनाथकल्प** નો ઉલ્લેખ ૧૪–૪–૫૦ ના **આત્માનંદ પ્રકાશ**ના અંકમાં આવી ગયો છે. ત્યાં એ પણ સાથે જણાવ્યું છે કે–એની રચના સં. ૧૩૮૭ આસપાસ થઇ હશે, પરંતુ **ચતુરશીતિમહાતીર્થનામસંગ્રહકલ્પની** રચના સં. ૧૩૬૯ પહેલાં જ તેમણે કરી હશે એમ લાગે છે, કારણ કે આ કલ્પમાં તેમણે **શત્રુંજયતીર્થનું** વર્ણન કરતાં સં. ૧૦૮ માં [1]**વજ્રસ્વામી અને જાવડશાહના** હાથે પ્રતિષ્ઠિત થયેલા **શ્રી આદીશ્વર ભગવાન** અને **પુંડરીકસ્વામીનો** ઉલ્લેખ કર્યો છે, પરંતુ આ બિંબનો–પ્રતિમાજીનો સં. ૧૩૬૯ માં મુસલમાનોને હાથે વિનાશ થયો હતો, એમ [2]શત્રુંજયતીર્થકલ્પ( કે જેની સં. ૧૩૮૫ માં રચના થઇ છે. )માં પૃ. ૫ માં તેમણે જ જણાવ્યું છે. એટલે **श्रीपुरे अन्तरिक्षः श्रीपार्श्व**—**ચતુરશીતિમહાતીર્થનામસંગ્રહકલ્પમાંનો** ઉલ્લેખ સં. ૧૩૬૯ પૂર્વનો છે એમ સિદ્ધ થાય છે. સંભવ છે કે—તેમણે આ ઉલ્લેખ **તીર્થ**યાત્રા કર્યા પહેલાં માત્ર સાંભળીને જ કર્યો હોય.

સં. ૧૪૭૩ માં લખાયેલી **ધર્મઘોષ**સૂરિવિરચિત **કલિકાચાર્ય કથાના** અંતમાં લખાવનાર આદિનું વર્ણન કરતી એક પ્રશસ્તિમાં પણ આ જ તીર્થનો [3]ઉલ્લેખ છે. સંભવત:

---

૧ तथाहि—श्रीशत्रुञ्जये भुवनदीपः श्रीवैरस्वामिप्रतिष्ठितः श्रीआदिनाथः ।...श्रीशान्तिप्रतिष्ठितः पुण्डरीकः श्रीकलशः । द्वितीयस्तु श्रीवैरस्वामिप्रतिष्ठितः पूर्णकलशः ।"—वि० ती० कल्प. पृ. ८५. "इत्थं जावडिराद्यार्हत्पुण्डरीककपर्दिनाम् । मूर्तीर्निवेश्य सञ्जज्ञे स्वार्विमानातिथित्वभाक् ॥ ८३ ॥ दक्षिणाङ्गे भगवतः पुण्डरीक इहादिमः । वामाङ्गे दीप्यते तस्य जावडिस्थापितोऽपरः ॥ ८४ ॥ वि. ती. कल्प पृ ४ । २ "ह्री प्रहर्तुक्रियास्थान(१३६९)संख्ये विक्रमवत्सरे । जावडिस्थापितं बिम्बं म्लेच्छैर्भग्नं कलेर्वशात् ॥ ११९ ॥" वि. ती. कल्प. पृ. ५ । વિસ્તારથી જાણવા માટે જુઓ ૧૪–૨–૫૦ ના અંકમાં દેવગિરિના લેખમાં મારું ટિપ્પણ. પૃ. ૧૨૦ ॥ ૩. श्री**शत्रुञ्जय**-**रैवत**क्षितिधर-श्री**अर्बुद**-**श्रीपुर**-श्री**जीराउलि**-**कुल्यपाक**-प्रमुखश्रीतीर्थयात्रा मुदा । कालेऽत्रापि कलौ करालललिते चक्रे स संघाधिपो वर्षन्नर्थिजने घनाघन इव द्रव्याणि पानीयवत् ॥ १० ॥ एतावता निजकुटुम्बयुतेन **नूना**ह्नसंघपतिना वसताऽमराद्रौ । श्री**अन्तरिक्ष**-मुखतीर्थविचित्रयात्रा मुख्या[:] कृता विविधपुण्यपरम्परास्ताः ॥ २४ ॥—ऐतिहासिक महत्त्वकी प्रशस्ति पृ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ મી સદીના પ્રારંભમાં રચાયેલી **શ્રી રત્નશેખરસૂરિશિષ્ય નંદીરત્ન** શિષ્ય **રત્નમંદિર-ગણિ**વિરચિત **ઉપદેશતરંગણી**માં પણ આ તીર્થનો [૪]ઉલ્લેખ છે. **દેવવિમલસૂરિ**કૃત **હીરસૌભાગ્ય** મહાકાવ્યમાં પણ આનો ઉલ્લેખ[૫] છે. **શીલરત્ન**સૂરિકૃત **ચતુર્વિંશતિ જિનસ્તુતિ**( આત્માનંદ સભા પ્રકાશિત, ભાવનગર )માં પૃ. ૬ માં, તથા એ જ પ્રતિમાં છપાયેલી **ખુશાલવિજય**વિરચિત ( સં. ૧૮૮૧ ) **પુરુષાદાની પાર્શ્વદેવનામમાલા**-(પૃ. ૧૧) માં પણ આ તીર્થનો ઉલ્લેખ છે. શ્રી **આત્માનંદ સભા**પ્રકાશિત **જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્યસંચય** ( પૃ. ૩૦, ૫૨, ૭૯, ૨૭૭ ) માં પણ જુદા જુદા રાસોમાં આ તીર્થનો ઉલ્લેખ છે. **યશોવિ૦ ગ્રંથમાલા**પ્રકાશિત **પ્રાચીનતીર્થમાલાસંગ્રહ** ( ભાગ ૧ ) માં પણ ( પૃ. ૯૮, ૧૧૪, ૧૫૧, ૧૬૯, ૧૯૮ )માં જુદા જુદા મુનિરાજોએ આ તીર્થની યાત્રા કર્યાનો ઉલ્લેખ છે. ન્યાયવિશારદ વાચકવર ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજા પણ અહિં પધાર્યા હતા અને તેમણે સ્તુતિમાં બે સ્તવનો બનાવ્યાં છે.[૭]

ઐતિહાસિક માહિતી આપતા સંસ્કૃત-પ્રાકૃત ઉલ્લેખોનું ગુજરાતી ભાષાંતર તો અગાઉના અંકોમાં આપવામાં આવ્યું જ છે. તેના મૂળ સંસ્કૃત-પ્રાકૃત ભાગો ઘણા લાંબા લાંબા હોવાથી તેમજ સંસ્કૃત-પ્રાકૃતભાષાને લીધે આ માસિકના ઘણાખરા વાંચકોને પણ કંટાળો આવે તેથી અહીં આપવામાં આવતા નથી. વિશેષ જિજ્ઞાસુઓએ તે તે સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથો જોઇ લેવા. ગ્રંથોનાં નામ, પ્રકાશનસ્થાન, પૃષ્ઠાંક વિગેરે તે તે સ્થળે જણાવ્યાં જ છે.

---

૫૪૭-૮ ( प्रेमी अभिनन्दनग्रंथान्तर्गत ). જુઓ. ૧૪-૫-૫૦ ના અંકમાં પૃ. ૧૮૬ માં ટિપ્પણ. ૪. " श्रीजीरापल्लि-फलवर्धि-कलिकुण्ड-कुर्कुटेश्वर-पावका-ऽऽरासणस(श)ङ्खेश्वर-चारूप-रावणपार्श्व-वीणादीश्वर-चित्रकूटा-ऽऽघाट-श्रीपुर-स्तम्भनपार्श्व-राणपुरचतुर्मुखविहाराद्यनेकतीर्थानि यानि जगतीतले वर्तमानानि यानि चाऽतीतानागतानि तानि सर्वाण्यपि तत्तत्कालप्रधानचतुरनरशिरोरत्नपुरुषपुरन्दर-प्रवर्तितान्येव न तु स्वयं समुत्पन्नानि ।......। अत एव वसुधाभरणं पुरुष एव "-उप० तरं० पृ० ६ ( यशो. वि. ग्रं. प्रकाशित ) આનું સંપાદન સં. ૧૫૧૯ માં લખાયેલી પ્રતિ ઉપરથી કરવામાં આવ્યું છે. એટલે તે પહેલાંનો આ ગ્રંથ ખરો જ. ૫. ઉપાધ્યાય શ્રી **ધર્મસાગરજી**ગણિવિરચિત **તપાગચ્છ પટ્ટાવલી** કે જે સં. ૧૬૪૮ માં બરાબર રચાઇ ગઇ હતી તેમાં પણ પૃ. ૭૩ માં ( પૂ. મુનિરાજશ્રી **દર્શનવિજયજી** મ૦ ત્રિપુટી સંપાદિત **પટ્ટાવલીસમુચ્ચયાંતર્ગત** ) **હીરસૌભાગ્ય** કાવ્યનો ઉલ્લેખ હોવાથી સં. ૧૬૪૮ પહેલાં જ આ કાવ્યની રચના થઇ હશે. તેમાં ૬ ઠ્ઠા સર્ગમાં આ પ્રમાણે ઉલ્લેખ છે—

अपि **पार्श्वजिनान्तरिक्षकाभिध** उच्चैःस्थितिकैतवादिह । किमु लम्भयितुं महोदयं भविनां भूवलयात् प्रचेलिवान् ॥ १८ ॥ फणभृद् भगवन्निभालनादनुभूताहिविभुत्ववैभवः । स्पृहयन् भुवनद्वयीशतां फणदम्भाद् भजतीव यं पुनः ॥ १९ ॥ એક તો-" જય જય જય જય પાસ જિણંદ. અંતરીક પ્રભુ ત્રિભુવનતારક ભવિક કમલ ઉલ્લાસ દિણંદ "-આ ૬ કડીનું સ્તવન છે. તથા બીજું " ભેટે ભેટે સલુને પ્રભુ અંતરીક ભેટે "-આ ૩ કડીનું સ્તવન છે. આ બંને સ્તવનો ઘણાં પુસ્તકોમાં છપાયાં છે. ૯. આ સિવાય મહિમાસાગર શિષ્ય આનંદવર્ધનકૃત અંતરિક્ષપાર્શ્વનાથ સ્તોત્ર ( જૈનધર્મસિંધુ પૃ. ૫૩૭ ), વિનયપ્રભસૂરિકૃત તીર્થયાત્રા-સ્તવન, સમયસુંદરકૃત ( સં. ૧૬૮૬ ) તીર્થમાલા વિગેરે વિગેરે અનેક ગુજરાતી કાવ્યોમાં આ તીર્થનો ઉલ્લેખ છે.

For Private And Personal Use Only

કવિ શ્રી **લાવણ્યસમય**જીએ સં. ૧૫૮૫ માં એક અંતરિક્ષજીનો છંદ બનાવ્યો છે. આનો ઉલ્લેખ હું ૧૪-૫-૫૦ ના અંકમાં ૧૮૭ મે પાને કરી ગયો છું. આ છંદ ભાવનગર-નિવાસી સ્વ૦ શ્રી કુંવરજીભાઈ આણંદજીભાઇ તરફથી પ્રકાશિત થયેલા **પ્રાચીનસ્તવનાદિ-સંગ્રહ**માં છપાયો છે, અને તે ૪૫ કડીનો છે, પરંતુ મને **બાલાપુર**માંથી મળી આવેલાં હસ્તલિખિત પાનાંઓમાં ૫૪ કડીઓ છે. વળી હસ્તલિખિત સાથે સરખાવતાં **પ્રા૦ સ્ત૦ સં૦**માં છપાયેલ છંદની કડીઓમાં ઘણું અંતર દેખાય છે. એટલે આ છંદ પુનઃ છાપવા યોગ્ય સમજીને [1]પાઠાંતર સાથે નીચે મુજબ આપવામાં આવે છે—

કવિ લાવણ્યસમયવિરચિત—

## શ્રીઅંતરિક્ષપાર્શ્વનાથ છંદ.

સરસ વચન દે સરસતિ માત, બોલિસ [1]આદિ જિસિ વિખ્યાત;
**અંતરીક** ત્રિભુવનનો ધણી, [2]પ્રતિમા પાસ જિનેસરતણી. ॥ ૧ ॥
**લંકધણી** જે રાવણ રાય, તેહતણો બનેવી કહેવાય;
**ખરદૂષણ** નામે ભૂપાલ, અહિનિસિ ધર્મતણો પ્રતિપાલ. ॥ ૨ ॥
સદ્ગુરુ વચન સદા મન ધરે, ત્રિણ કાલ જિનપૂજા કરે;
મન આખડી ધરી છે એમ, જિનપૂજા વિણ જિમવા નેમ. ॥ ૩ ॥
એક વાર મન ઉલટ ધરી, ગજ રથ ઘોડા પાયક તુરી;
ચડ્યો રવાડી સહુ [3]સંચરે, સાથે દેહરાસર [4]વિસરે. ॥ ૪ ॥
દેહરાસરીયો ચિંતે ઇસ્યું, વિન દેહરાસર કરવું કિસ્યું;
રાયતણે મન એ આખડી, જિનપૂજા વિણ નહીં સુખડી. ॥ ૫ ॥
પ્રતિમા વિણ લાગી ચટપટી, ચડ્યો દિવસ દસ બારહ ઘટી;
કર્યાં એકઠા વેલુ છાન, [6]સા(મા)થે સાખી કીધો ભાણ. ॥ ૬ ॥

---

૧. આ છંદનાં પાનાં મને બે પાસેથી મળ્યાં છે. એક તો અંતરિક્ષજીના **કેસમાં સાક્ષીરૂપે** સાક્ષીદાર મહેસાણાવાસી સ્વ૦ શા. વેણીચંદ સુરચંદ તરફથી રજૂ કરવામાં આવ્યાં હતાં. અને તે અત્યારે અંતરિક્ષજીના વ્યવસ્થાપક **બાલાપુર**વાસી શેઠ હરખચંદભાઈ હોશીલાલ પાસેથી મળ્યાં છે. તેની **સંજ્ઞા** H રાખવામાં આવી છે. આમાં ૫૫ કડીઓ છે. અને તેની અંતે इति श्रीअंतरीकपार्श्वनाथछंद संपूर्ण । सं. १८६९ प्र० वैशाख वदी १, चंद्रे એમ લખેલું છે.। બીજાં પાનાં બાલાપુરવાસી સ્વ૦ શેઠ લાલચંદભાઇ ખુશાલચંદના ઘરમાંથી મળી આવ્યાં છે. આની **સંજ્ઞા** L રાખી છે. આમાં ૫૪ કડી છે, અને અંતે इति श्रीअंतरीकपार्श्वजिनस्तवन संपूर्ण ॥ पं. श्रीसुखविजयलिपीकृतं श्रीजेसंघपुरामध्ये: सं. १८०६ प्रवर्तते એમ લખેલું છે. આ બે પાનાંઓ ઉપરથી છંદનું સંપાદન કર્યું છે. જ્યાં અર્થ વિગેરેની દૃષ્ટિએ મહત્ત્વ લાગ્યું છે ત્યાંજ H અને L નાં પાઠાંતરો આપ્યાં છે. અર્થદૃષ્ટિએ ભેદ વિનાનાં મહત્ત્વરહિત પાઠાંતરોના ઉપેક્ષા કરવામાં આવી છે.

૧. આહ ( આહિં ? ) જિસિ H । ૨. પુરવે ઇચ્છા સહુકોતણી H । ૩. સાંચર્યો L । ૪. વિસર્યો L । ૫. ભેટ્યા વિણ H । ૬. ભારે L ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૭]નહીં કોઇ બીજી આસની, પ્રતિમા નિપાઇ પાસની;
તે કરતાં નવિ લાગી વાર, થાપ્યો મહામંત્ર નવકાર. ॥ ૭ ॥
પંચ પરમેષ્ઠિનો કરે ધ્યાન, કરી પ્રતિષ્ઠા સહુ પ્રધાન;
દેહરાસરીયો હરખે હસે, પ્રતિમા દેખી મન ઉલ્લસે. ॥ ૮ ॥
આવ્યો રાજા કરી [૮]અંઘોલ, બાવનાચંદન કેશર ઘોલ;
પ્રતિમા પૂજી લાગ્યો પાય, મન હરખ્યો ખરદુષણ રાય. ॥ ૯ ॥
એક વેલુ ને બીજો છાણ, પ્રતિમાનો આકાર પ્રમાણ;
ધરમી રાજા ચિંતા કરે, રખે કોઇ આશાતના કરે. ॥ ૧૦ ॥
પ્રતિમા દેખી હિયડું ઠરે, સાથ સહિત ભલાં ભોજન કરે;
તેહજ વેલા તેહજ ઘડી, પ્રતિમા વજ્રતણી પરે જડી. ॥ ૧૧ ॥
ખંધ ધરી **ખરદૂષણ** ભૂપ, પ્રતિમા મેલી તવ જલકૂપ;
ગયો કાલ જલમાંહી ઘણો, પ્રતિમા પ્રગટી [૯]હવે તો સુણો. ॥ ૧૨ ॥
**એલગપુર એલગદે** રાય, કુષ્ટી છે ભૂપતિની કાય;
ન્યાયવંત નવિ દંડે લોક, પૃથિવી વરતેં પુણ્યસિલોક. ॥ ૧૩ ॥
રાયતણે શિર મોટો રોગ, રયણીભર નવિ નિદ્રા જોગ;
રોમ રોમ કીડા સંચરે, રાણી સવી નિદ્રા પરિહરે. ॥ ૧૪ ॥
જે કીડાનો ઠામજ જિહાં, તે પાછા વલી મેલે તિહાં;
જો નવિ જાઇ તેહને ઠાય, તતખણ રાજા અચેતન થાય. ॥ ૧૫ ॥
રાય રાણી સંકટ ભોગવે, કરમે દોહલા દિન જોગવે;
[૧૦]રયણીભર નવિ ચાલે રંગ, દીસે કાયા દીસે ચંગ. ॥ ૧૬ ॥
એક વાર હય ગજ રથ પરિવર્યો, રમવા રયવાડી સંચર્યો;
સાથે સમરથ છે પરિવાર, પાળા પાયકનો નહીં પાર. ॥ ૧૭ ॥
જાતાં ભાણુ મથાળે થયો, મોટી અટવીમાંહે ગયો;
થાકો રાજા વડ વિશ્રામ, છાયા લાગી અતિ અભિરામ. ॥ ૧૮ ॥
લાગી તૃષા [૧૧]નિર મન ધર્યું, પાણી દીઠું ઝાબલ ભર્યું;
પાની પીધો ગલણે ગલી, હાથ પગ મુખ ધોયા વલી. ॥ ૧૯ ॥
કરી રયવાડી પાછા વલ્યો, પહેલાં જઇ પટરાણી મલ્યો;
પટરાણી રલિયાયત થઇ, [૧૨]થાકયો શય્યા પોઢ્યો જઇ. ॥ ૨૦ ॥
આવી નિદ્રા રયણી પડી, પાસે રહી પટરાણી વડી;
હાથ પાય મુખ નીરખે જામ, તે કીડા નવિ દેખે ઠામ. ॥ ૨૧ ॥

---

૭. નહીં બીજી એક આસની L ૮. અંઘોલ=સ્નાન ૯. તે પણ સુણો. L ૧૦. રયણીભર નિદ્રા નવિ ચંગ, રાણીભોગ નવિ ચાલે ચં(અં?)ગ, દેહે કાયા દિસે ચંગ ॥ ૧૬ ॥ L ૧૧. નિરમલ ધર્યું H ૧૨. થાકયો રાજા સૂતો જઇ. L

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાણીને મન કૌતુક વસ્યો, હરખી રાણી હિયડે હસ્યો;
જાગ્યો રાજા આલસ મોડ, રાણી પૂછે બે કર જોડ. ॥ ૨૨ ॥
સ્વામી કાલ રયવાડી કિહાં, હાથ પાય મુખ ધોયા જિહાં;
તે જલનો કારણ છે ઘણો, સ્વામી કાજ સરસેં આપનો ॥ ૨૩ ॥
રાજા જંપે રાણી સૂણો, અટવી પંથ અછેં અતિ ઘણો;
[1]વડ તીર ઝાબલ જલ ભર્યો, હાથ પાય મુખ ધોવન કર્યો. ॥ ૨૪ ॥
મેં પ્રભુ લીધો તેહનો ભેદ, આપણ જાસ્યું વડ વિછેદ;
રથ જોતરીઆ તુરંગમ લેય, રાય રાણી મીલ ચાલ્યા બેય. ॥ ૨૫ ॥
તિહાં દીઠું ઝાબલ વડ તીર, [2]જાણે માન સરોવર નીર;
હરખી રાણી હીયડે રંગ, રાજાઅંગ પખાવે ચંગ. ॥ ૨૬ ॥
ગયો કુષ્ટ ને વાધ્યો વાન, દેહ થઇ સોવન સમાન;
આવ્યો રાજા એલગપુરી, માંડે ઓચ્છવ આણંદ ધરી. ॥ ૨૭ ॥
ઘર ઘર [3]તલિયા તોરણ તાટ, આવે વધામણાં માણિક માટ;
[4]ભારી ઘણ આવે ભેટણો, દાન અમોલક દીજે ઘણો. ॥ ૨૮ ॥
રાય રાણી મન થયો સંતોષ, કર્યો અમારીતણો નિર્ઘોષ;
સપ્તભૂમિ ઢાલે પર્યંક, તિહાં રાજા સુવે નિઃશંક ॥ ૨૯ ॥
ચંદન ચંપક પુર કપૂર, મહકે વાસ અગર ભરપૂર;
રયણીભર[5] સુપનાંતર લહે, જાણે નર કોઇ આવી કહે. ॥ ૩૦ ॥
અતી ઊંચો કરી અંબ પ્રમાણ, નીલો ઘોડો નીલો પલાણ,
નીલા ટોપ નીલા હથીઆર, નીલ વરણ આવ્યો અસવાર. ॥ ૩૧ ॥
સુણ રે એલગપુરના ભૂપ, જિહાં જલ પીધો તીહાં છે કૂપ;
પ્રગટ [6]કરાવે વહેલો થઇ, તિહાં પ્રતિમા માહરી છે સહી. ॥ ૩૨ ॥
કરી [7]મલોખાની પાલખી, માણિક મોતી જડી નવલખી,
કાચે [8]તાતણે સાથે ધરી, હું આવીસ તિહાં બેસી કરી. ॥ ૩૩ ॥
જે આજના જાયા તતખેહ, વાછરડા જોતરજો તેહ;
પૂંઠ મ વાલીસ જોવા ભણી, સિખામણ દેઉં છું ઘણી. ॥ ૩૪ ॥
ઈસ્યો સુપન લહી જાગ્યો રાય, પ્રહ ઉઠી વનમાંહે જાય;
[9]ચાલ્યો ભલી સજાઇ કરી, તે આવ્યો વડ પાસે વહી. ॥ ૩૫ ॥
તે જલ કૂપ ખણાવ્યો જામ, પ્રગટ્યો કૂપ અચલ અભિરામ,
ભર્યો નીર ગંગા જલ જીસ્યો, હરખ્યો રાજા હિયડે હસ્યો. ॥ ૩૬ ॥

---

૧. વડ હેઠે છઈ ઝાબલ જલ ભર્યો. H ૨. જાણે ભરીયો દરીયાવનીર. L ૩. તરીયા H ૪. ઘરે ઘણો ન આવે ભેટણો L. ૫. નિદ્રાભરી L. ૬. કરાવીસ H. ૭. મલોખા—જુવારના સાંઠાનો અંદરનો ગર્ભ. ૮. તાંતણી સાતે ધરી L. ૯ જિમ ભલી સજાઇ થઇ આવ્યો વડ તબ પાસેં સહી L.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી મલોખાની પાલખી, માણિક મોતી જડી નવલખી;
કાચે તાંતણે મેલી ઠામ, આવી બેઠા ત્રિભુવન સ્વામ. ॥ ૩૭ ॥
પાસ પધાર્યા કંઠે કૂવા, ઉચ્છવ મેરૂ [1]સમાના હુઆ;
રથે જોતર્યા બે વાછડા, ચાલ્યા તે ખેડ્યા વિણ છડા. ॥ ૩૮ ॥
ગાય કામિની કરે કિલ્લોલ, બાજે ભુંગલ ભેરી ઢોલ;
પાલખી વાહનને આકાર, નવિ ભાંજે પરમેસર ભાર. ॥ ૩૯ ॥
પ્રૌઢી પ્રતિમા ભારી ઘણી, પાલખી છે મલોખાતણી;
રાજા મન આવ્યો સંદેહ, કિમ પ્રતિમા આવે છે એહ. ॥ ૪૦ ॥
વાંકી દૃષ્ટિ કર્યો આરંભ, રહી પ્રતિમા થાનક થિર થંભ;
રાજા લોક ચિંતાતુર થયો, એ પ્રતિમાનો થાનક થયો. ॥ ૪૧ ॥
સૂત્રધાર સિલાવટ સાર, તેડી આપ્યો ગરથ ભંડાર;
આલસ અંગતણાં પરિહરો, વેગે ઈહાં જિન મંડપ કરો. ॥ ૪૨ ॥
સિલાવટ તિહાં રંગરસાલ, કીધા જિનપ્રાસાદ વિસાલ;
ધ્વજદંડ તોરણ થિરથંભ, મંડપ માંડ્યા નાટારંભ. ॥ ૪૩ ॥
પબાસણ કીધો છે જિહાં, તે પ્રતિમા નવિ બેસે તીહાં;
અંતરીક ઉંચા એટલે, તલે અસવાર જાયે તેટલે. ॥ ૪૪ ॥
રાજા રાણી મનને કોડ, ખરચે દ્રવ્યતણી તિહાં કોડ;
સપ્ત ફણા મણિ સોહે પાસ, એલગરાયની પૂરી આસ. ॥ ૪૫ ॥
પૂજે પ્રભુને ઉખેવે અગર, તિન ઠામે વાસ્યો શ્રીનગર;
રાજા રાજલોક કામિની, ઓલગ કરે સદા સ્વામિની. ॥ ૪૬ ॥
સેવા કરે સદા ધરણેંદ્ર, પઉમાવઈ આપે આનંદ;
આવે સંઘ ચિહું દિશિતણા, માંડે ઓચ્છવ આનંદ ઘણા. ॥ ૪૭ ॥
લાખેણી પ્રભુપૂજા કરો, મોટો મુગટ મનોહર ભરો;
આરતિએ સવિ મંગલમાલ, ભુંગળ ભેરી ઝાકઝમાલ. ॥ ૪૮ ॥
આજ લગેં સહુકો ઇમ કહે, એક જ દોરો ઉંચા રહે;
આગલ તો જાતો અસવાર, જયારે એલગદે રાય અવતાર. ॥ ૪૯ ॥
જે[2] જીમ જાણ્યો તે તિમ સહી, વાત પરંપર સદ્ગુરુ કહી;
બોલી આદિ જિસી મન રૂલી, નિરતું જાણે તે કેવળી. ॥ ૫૦ ॥
અશ્વસેન રાય કુલ અવતંસ, વામા રાણી ઉદરી હંસ;
વાણારસી નગરી અવતાર, કરજો સ્વામી સેવક સાર. ॥ ૫૧ ॥

---

૧. સવાહા L. ૨. L માં આ કડી ૪૪ માં કડી પછી છે. H માં આના પછી એક કડી આ પ્રમાણે વધારે છે—'બોલે કવિ કર જોડી હાથ, વરસ માસ કહ્યા તે થાય; દેવ તુમારો દરસણ દાસ, પ્રહ ઉઠી પ્રભુ કરું અરદાસ ॥ ૫૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભણે ગુણે જે સરલેં સાદ, સ્વામી તાહરાં સ્તવન રસાલ;
ધરમી નર જે ધ્યાને રહે, બેઠા જાત્રાતણો ફળ લહે. ॥ ૫૨ ॥
ઉલટ અખાત્રીજે થયો, ગાયો પાસ જિનેસર જયો;
[૧]બોલીશ બે કર જોડી હાથ, અંતરીક શ્રી પારસનાથ. ॥ ૫૩ ॥
સંવત પનર પંચાશી જાણ, માસ શુદિ વૈશાખ વખાણ;
[૨]મુનિ **લાવણ્યસમય** કહે મુદા, તુમ[૩] દરસન પામે સુખ સંપદા. ॥ ૫૪ ॥

## ઉપસંહાર

આ લેખમાળાની સમાપ્તિ કરું તે પહેલાં **શ્રી જૈન આત્માનંદસભા**ના કાર્યવાહકોને મારે અવશ્યમેવ ધન્યવાદ આપવો જોઈએ, કે જેમણે ઘણા લાંબા વખતથી ચાલતી આ લેખમાળાને છાપવામાં કદાપિ કંટાળો બતાવ્યો નથી. એટલું જ નહીં પણ ઉત્સાહથી તેમણે તેમના બહુમૂલ્ય માસિકમાં પ્રત્યેક અંકમાં ઘણાં ઘણાં પાનાં રોકીને પણ આ વિસ્તૃત લેખમાળા છાપી છે અને ઉત્તમ તીર્થસેવા બજાવી છે. આ રીતે મારા ઉત્સાહમાં પણ તેમણે ઘણી વૃદ્ધિ કરી છે. પ્રોત્સાહન પણ ઘણી મહત્ત્વની વસ્તુ છે.

**વડોદરા**વાસી પં. શ્રી **લાલચંદભાઈ ભગવાનદાસ** ગાંધીને પણ મારે ખાસ જ ધન્યવાદ આપવો જોઈએ, કેમકે **ભાવવિજય**ગણિવિરચિત [૩]**श्रीअन्तरिक्षपार्श्वनाथमाहात्म्य** કે જે **અંતરિક્ષ**જીના ઇતિહાસમાં ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે, તે છપાઈ ગયું હોવા

૧. H તથા ર૦ **મોહનલાલ દલીચંદ દેસાઈ**લિખિત **જૈન ગુર્જર કવિઓ** (ભા. ૧, પૃ. ૮૦)માં (થોડા પાઠભેદથી) આને બદલે "હું સેવક છું તાહરો સ્વામ, હું લીનો પ્રભુ તાહરે નામ." એમ પાઠ છે. **૨.** મુનિ લાવણ્યસમય કહે ઇસ્યું ધરમીં જનને હઈડે વસ્યું H. ૩. 'તુમ દરિસણ હું વાંછું સદા'-મો૦ દ૦ લિખિત જૈનગુર્જર કવિઓ. ભા. ૧. પૃ. ૮૦.

૩. આ श्रीअन्तरिक्षपार्श्वनाथमाहात्म्य શા. **હીરાચંદ કકલભાઈ** (અમદાવાદ) તરફથી છપાયેલા **चमत्कारि सावचूरि स्तोत्रसंग्रह**માં સં. ૧૯૭૯ માં છપાયું છે. અને ર૦ પં. શ્રી ક્ષાંતિવિજયજી મહારાજે તેનું સંપાદન કર્યું છે. ફુટનોટમાં તેમણે કેટલાંક પાઠાંતર પણ આપ્યાં છે તેમજ અંતે ઉપયોગી શુદ્ધિપત્રક પણ આપ્યું છે.

આ લેખમાળાના વાચકોએ ૧૪-૬-૫૦ ના અંકમાં (પૃ. ૨૧૦)માં વાંચ્યું જ છે કે—'ભાવવિજયજી ગણીએ સં. **૧૭૧૫** ના ચૈત્ર સુદિ ૬ ને રવિવારે અંતરિક્ષજીના નવા મંદિરમાં પ્રતિષ્ઠા કરી હતી. જ્યોતિષશાસ્ત્રના ગણિતથી પણ આ વર્ષે આ જ દિવસે રવિવાર આવે છે કે કેમ એ નક્કી કરવાની મારી ઉત્કટતમ ઇચ્છા હતી. વાચકો જાણીને રાજી થશે કે જ્યોતિષશાસ્ત્રના મેં હમણાં જ થોડા કરેલા અભ્યાસથી મેળવી જોયું તો બરાબર સં. **૧૭૧૫** ના ચૈત્રસુદિ ૬ ને દિવસે રવિવાર જ આવીને ઊભો રહે છે. શાલિવાહન શક **૧૪૪૨** પછીના કોઈ પણ દિવસે કોઈ પણ વાર શોધવા માટે **ગ્રહલાઘવકરણ** ગ્રંથનો ૪ થો તથા ૫ મો શ્લોક પર્યાપ્ત છે. આ રીતે જોતાં સં૦ ૧૭૧૫, ચૈત્રાદિ વર્ષનો સમજવાનો છે. કાર્તિકાદિ વર્ષની ગુજરાતી પ્રક્રિયા પ્રમાણે સં૦ **૧૭૧૪** સમજવો તો જ બરાબર તિથિ વાર મળી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં ઘણો ઘણો પ્રયત્ન કરતાં પણ કોઇ સ્થળેથી પ્રાપ્ત થઇ શક્યું નહોતું તે તેમની પાસેથી મને મળ્યું હતું. અને જ્યારે જ્યારે દાર્શનિક અધ્યયન અને સંશોધનમાં મને કોઇ પણ પુસ્તકની જરૂર પડે ત્યારે ત્યારે અલભ્ય અને કિંમતી પુસ્તકો પણ વડોદરાની રાજકીય લાયબ્રેરીમાંથી વિના સંકોચે તેમણે પૂરાં પાડ્યાં છે. આ તેમનું સૌજન્ય જ છે.

આ તીર્થ ઉપર પૂર્ણ ભક્તિથી યથાશક્તિ યથામતિ શોધ કરીને આ તીર્થનો ઇતિહાસ આલેખવા પ્રયત્ન કર્યો છે,[1] છતાં તેમાં જે અપૂર્ણતા રહી ગઇ હોય તેને વિદ્વાન સંશોધકો પૂર્ણ કરવા પ્રયત્ન કરશે એવી આશા રાખું છું.

મેં તો મારા મુદ્રયમાણ **नयचक्र** ગ્રંથને પણ શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથભગવાન**ના ચરણકમલમાં અર્પણ કરી દીધો છે. તેમની કૃપાથી **નયચક્ર**સંબંધી મારી ઘણી મુશ્કેલીઓ દૂર થઇ ગઇ છે. મારી તો અહર્નિશ પ્રાર્થના છે કે—પરમાત્માની કૃપા અને શાસનદેવની સહાય જૈનશાસનના અમૂલ્યરત્ન સમાન **નયચક્ર**ગ્રંથને સાંગોપાંગ વ્યવસ્થિત બનાવે, પરમ-કૃપાળુ જિનેશ્વરદેવની કૃપાથી આ ગ્રંથ **આત્માનંદ-સભા** ભાવનગર તરફથી જ ટૂંક સમયમાં બહાર પડશે અને વાચકોના કરકમળમાં પહોંચી જશે, એવી આશા છે.

અંતે દેવાધિદેવ શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ**ભગવાનને ઉપાધ્યાયશ્રી **યશોવિજયજી** મહારાજના શબ્દોમાં જ વિજ્ઞપ્તિ કરીને આ લેખમાળા સમાપ્ત કરું છું—**दूर करो दादा पासजी भवदुःखका फंदा, वाचक यश कहे दासकुं दीजे परमानंदा ॥ मेरे साहिब तुम ही हो प्रभु पार्श्वजिणंदा ॥**

**मौन एकादशी**
**सं० २००७, मु. बालापुर**
**( जि. आकोला, विदर्भ )**

**मुनिराजश्री भुवनविजयान्तेवासी**
**मुनि जम्बूविजय.**

---

૧. આ લેખમાળામાં અંતરિક્ષજીના કેસની બાબતમાં આકોલા, નાગપુર તથા પ્રીવી કાઉન્સીલના અંગ્રેજી ચુકાદાનું ગુજરાતી ભાષાંતર મારી સમજ પ્રમાણે મેં આપ્યું છે. કેટલેક સ્થળે અર્થો સમજવા માટે વકીલોને ત્યાંથી પુસ્તકો મંગાવીને પણ અર્થ બેસાડવા મેં પ્રયત્ન કર્યો છે, છતાં તેમાં ક્ષતિ રહી ગઇ હોય અને વકીલોના પારિભાષિક શબ્દોનું બરાબર ગુજરાતી આપી ન શકાયું હોય તો વાચકો સુધારીને વાંચશે, એવી આશા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ

(ગતાંક પૃષ્ઠ ૮૭ થી શરૂ)

લેખક : આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

૬૦

સર્વથા સુખશાંતિ તો ભાવ રોગ મટી જઇને કર્મોથી મુક્તિ મળે નહિં ત્યાં સુધી મળવી મુશ્કેલ છે. હાલમાં બદ્ધ દશામાં તો ઔપચારિક સુખશાંતિમાં જ સંતોષ માનવાનો છે. જેને સુખશાતા કહેવામાં આવે છે તે પણ શાતાવેદની કર્મ ભોગવવા સિવાય બીજું કાંઈ નથી. પોતાની સુખશાતા મળે નહિ ત્યાંસુધી બધુંયે વ્યર્થ છે. બદ્ધદશામાં રહેલો આત્મા ભાડુતી સુખશાતાથી નિર્વાહ કરી રહ્યો છે. ઘડીકમાં શાતા તો ઘડીકમાં અશાતા ભોગવે છે. જે શાતા ભોગવે છે તે પણ સાચી નહિ, પણ તે ચણાને પીસ્તાં માનીને સ્વાદ કરવા જેવું છે. સાચી સુખશાતા અને શાંતિ તો એ જ કહેવાય કે જે એક વખત મળ્યા પછી પાછી જાય નહિં, હંમેશના માટે સુખશાતા શાંતિ બની રહે, તેને સાચી અને પોતાની કહેવામાં આવે છે. આત્મા અનાદિ કાળથી ખોટાને સાચું માનતો આવ્યો છે. અને સાચું જોયું નથી, જાણ્યું નથી, અનુભવ્યું નથી, ચાખ્યું નથી એટલે મોતીચુરને સિંહકેશરીયા મોદક માનવાનું, પીતલને સુવર્ણ માનવાનું. ટાઢે મરતા વાંદરાઓ ચણોઠીનો ઢગલો કરી પછી તેને દેવતાના ઢગલાનો સંકલ્પ કરી તાપે, પણ ટાઢ દૂર થાય નહી–મટે નહિ કારણ કે આ તો ઔપચારિક દેવતા છે. ચણોઠીમાં દેવતાનો આરોપ કર્યો છે. સાચો દેવતા નથી. આત્મા દરેક અનુકૂળ સંજોગોમાં સુખનો આરોપ કરે છે અને પોતાને સુખી માને છે. બાકી સુખશાંતિ જેવી વસ્તુ ચાર ગતિરૂપ સંસારમાં ક્યાંય નથી. માનવગતિમાં માનવીઓ પોતે ય માને છે અને બીજાને મનાવે છે કે અમુક માણસ પૈસે ટકે, પુત્રથી, ભાઇભાંડુથી, શરીરથી બધીયે વાતે સુખી છે. પણ તે માન્યતા માત્ર લોકસંજ્ઞા જ છે. વસ્તુસ્થિતિ જોતાં લેશમાત્ર પણ સત્યાંશ નથી. કદીયે ન જોયેલી વસ્તુને ઓળખવામાં માનવીઓનો મોટો ભાગ ભૂલે છે. અત્યંત જડાસક્ત જીવોમાંના કેટલાક પોતાને સમ્યગ્દૃષ્ટિ અધ્યાત્મજ્ઞાની ધ્યાની માને છે અને સ્વચ્છંદે ચાલીને પ્રભુના માર્ગને લોપે છે. અણજાણને પોતાનો માર્ગ સાચો સમજાવીને સુખના અર્થીઓને તે માર્ગે ચાલવા પ્રેરે છે, પરંતુ સાચી સુખશાંતિથી વિમુખ હોવાથી પૌદ્ગલિક સુખ અને તે પણ પોતાના પુન્ય પ્રમાણે મેળવેલા પૌદ્ગલિક સુખના સાધન અનુસાર આ લોકમાં જ ભોગવી શકે છે, પણ સાચું સુખ તેમજ પરલોકમાં પૌદ્ગલિક સુખો પણ મેળવી શકતા નથી; કારણ કે પ્રભુના માર્ગનું ઉલ્લંઘન કરી પોતાના સ્વચ્છંદે આચરેલા માર્ગને પ્રભુનો માર્ગ બતાવી જનતાને ઠગનાર પ્રભુની આશાતના કરનાર હોવાથી પુન્યકર્મ પણ ઉપાર્જન કરી શકતો નથી, પણ અપરાધી બનીને અનંત સંસાર રઝળે છે, અને સુખશાતા તથા શાંતિથી નિરંતર વંચિત રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આટાના ધોવણને દૂધ માની પીનાર દૂધની મધુરતા પ્રાપ્ત કરી શકતો નથી તેમજ દૂધથી થવાવાળી પુષ્ટિ પણ મેળવી શકતો નથી.

શુભ કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલાં અનુકૂળ પૌદ્ગલિક સુખનાં સાધનો જેવાં કે-તન, ધન, સ્વજન, બાગબંગલા, નાટક ચેટક, અત્તર-ફુલેલ, ભાતભાતની રસોઇ, મિષ્ટાન્ન વિગેરે મેળવીને જગ પોતાને સુખશાંતિવાળું માનતું આવ્યું છે. તે સિવાય તો સાચા સુખને કોઇ પણ ઓળખતું નથી. સાચા સુખને ઓળખનાર મહાપુરુષોની પ્રવૃત્તિમાં, દુઃખને સુખની કલ્પના કરનાર માનવી દુઃખ માને છે. પુદ્ગલાનંદી જગત સાચા સુખશાંતિની કલ્પના પણ કરી શકતું નથી. સંચિત પૂર્વોપાર્જિત કર્મને ભોગવવામાં જ સુખ-દુઃખ માનવા ટેવાઇ ગયેલું જગત સાચા સુખશાંતિનો માર્ગ જાણવાને પણ તૈયાર નથી, તો પછી મેળવવાને તો કયાંથી પ્રયાસ કરે ? સાચા સુખશાંતિનું સ્વરૂપ તથા તેને મેળવવાનો માર્ગ પુસ્તકોમાં લખેલાં વાંચી જનાર અને મોઢેથી બોલીને બીજાને સમજાવીને પોતાને જ્ઞાની જાણકારપણાનો ડોળ કરનારા તો ઘણાય મળી આવશે પણ તેના ઉપર શ્રદ્ધા રાખીને પોતે સાચું સુખ મેળવવામાં પ્રયાસ કરનાર તો કોઇક વિરલા જ હશે, કારણ કે સાચા સુખની શ્રદ્ધા થવી બહુ મુશ્કેલ છે. જ્યાંસુધી માનવીને બીજાએ કરેલી પોતાની સ્તુતિ સાંભળી હર્ષ થાય અને પોતાની નિંદા, છતા અછતા દોષ સાંભળીને દિલગીરી થાય. લોકસંજ્ઞા પ્રમાણે પાંચે ઇંદ્રિયોને વિષયમાં સારા કે નરસાપણાની ભાવનાથી પ્રીતિ તથા અપ્રીતિ થાય, માન પ્રતિષ્ઠા મેળવવાને હમેશાં આતુર બની રહે, જનતાની પાસેથી પોતાને મળતા માન પ્રતિષ્ઠા જોઇને ગર્વથી ગાંડા બનીને બીજાને તિરસ્કારની દૃષ્ટિથી જોતા હોય ત્યાં સુધી સાચાં સુખશાંતિ મેળવવાના અધિકારી બની શકતા નથી. આવા માનવીઓને કદીયે સાચાં સુખશાંતિ મળી શકતાં નથી.

૬૧

જ્ઞાનીઓના જાણવા પ્રમાણે જ વર્તાય છે અને વર્તાશે. આપણા વિચાર અને ઇચ્છા કામ આવે નહિ. આપણા ભૂતકાળના ભાવો અને ભાવીના નિર્વાણનો સમય જ્ઞાનીઓએ જાણ્યો છે. વર્તમાન ભવની સમય સમયની ભાવના અને પ્રવૃત્તિ જ્ઞાની જાણી રહ્યા છે. અવશ્યભાવી ભાવો જ્ઞાનીથી છાના નથી. કર્મપરિણામને જ્ઞાનીઓ ગૌણ રાખીને આત્માને પ્રધાનતા આપે છે. કર્મપરિણામો તુચ્છ છે અને આત્મા મહાન છે. જ્ઞાનીઓ આત્માને શુદ્ધ સ્વરૂપમાં જાણે છે, જુએ છે, કર્મના વિચિત્ર સ્વભાવને લઇ વૈભાવિક આત્માની પ્રવૃત્તિઓથી તેમને ઘૃણા કે તિરસ્કાર નથી કારણ કે જ્ઞાની, આત્મા માત્રને સ્વ-સ્વરૂપે જાણે છે, સ્વ-સ્વરૂપથી અભિન્ન જુએ છે અને કર્મપરિણામને ભિન્નપણે જાણે છે, જુએ છે. પારો ચડાવેલો કાચ જેને અરિસો કહેવામાં આવે છે તેમાં જેવો જેવો પડછાયો પડે છે તેવા તેવા સ્વરૂપવાળો અરિસો જણાય છે. અર્થાત્ આરિસો વસ્તુઓના આકારમા પરિણમી જાય છે, પણ જ્યારે કાચ ઉપરનો પારો ઉખડી જવાથી કાચ ચોખ્ખો થઇ જાય છે ત્યારે તે કાચ અન્ય વસ્તુઓના રૂપમાં પરિણમતો નથી, પણ અન્ય વસ્તુઓને ઓળારૂપે ગ્રહણ કરે છે તેમ અનાદિકાળથી આત્મારૂપ કાચ ઉપર કર્મરૂપ પારો ચડી જવાથી આત્મા આઠે કર્મના કાર્યરૂપે પરિણમે છે અને કામી ક્રોધી આદિ કહેવાય છે, તેમજ કર્મના કાર્યરૂપ ચારે ગતિઓમાં અનેક આકારોમાં પરિણમે છે, સુખી-દુઃખી કહેવાય છે, જન્મ જરા મરણવાળો કહેવાય છે; પણ જ્યારે કર્મરૂપ પારો આત્મા ઉપરથી ઉખડી જવાથી આત્મા સ્વચ્છ થાય છે ત્યારે વસ્તુમાત્રના ઓળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા ઉપર પડે છે, છતાં તે રૂપે આત્મા પરિણમતો નથી, પણ ઓળાસ્વરૂપ જ્ઞાન પરિણમે છે. એટલે તે જ્ઞાતા–દ્રષ્ટાપણે રહે છે. પણ પરિણામસ્વરૂપ કર્તાપણે રહેતો નથી.

આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી સકર્મક આત્મા પૌદ્‍ગલિક વસ્તુઓનો ભોક્તા અને કર્મોનો કર્ત્તા કહેવાય છે અને એટલા માટે અત્યારે આત્મા ઉદયાધીન છે. કર્મના ઉદય પ્રમાણે વર્તે છે. બધાયમાં મોહનીય વધારે બળવાન છે અને તેના ઉદયથી આત્માને બીજા કર્મના બળને શિથિલ કરી તેને ખસેડવામાં અસમર્થ નિવડે છે, છતાં દર્શનમોહની નબળાઇથી આત્મા સત્ય વસ્તુને ઓળખતો થયો છે. ચારિત્રમોહ તથા નોકષાયની પ્રકૃતિની કનડગતને સાચી રીતે જાણે છે છતાં તેના પરિણામને ટાળી શકતો નથી. તોયે સાચું જાણતો હોવાથી સમય મળ્યે ચારિત્રમોહનો પરાજય કરવાવાળો બનશે જ. એમાં જરાયે શંકા નથી. દર્શનમોહની દખલ જોઇએ તેવી ન રહેવાથી ચારિત્રમોહના પરિણામમાં એક રસવાળો બનતો નથી તેથી આત્માને પરમશાંતિ મળે છે. જેટલું વેદવાનું છે તે દ્રષ્ટા તરીકે રહીને વેદશે. અવશ્ય ભોક્તવ્ય ભોગવ્યા સિવાય છૂટકો નથી. બાંધ્યું છે તેટલું ભોગવવું પડશે. તેમાં કાંઈ હર્ષ–શોક જેવું કશુંયે નથી.

૬૨

જેટલી ધાર્મિક પ્રવૃત્તિઓ થાય છે તેનું ફળ પ્રભુ પાસેથી મેળવવાનું છે; કારણ કે ધર્મના પ્રચારક પ્રભુ છે. એટલે પ્રભુએ જેમ કહ્યું હોય તેમ કરવામાં આવે તો જ તેનું ફળ મળી શકે. પ્રભુનું નામ લઇને પોતાની મરજી પ્રમાણે વર્તવાથી પ્રભુના અપરાધી થવાય છે. પોતાનો તુચ્છ સ્વાર્થ સાધવા પ્રભુના પવિત્ર વચનોનો ઉપયોગ કરવો નહિ. પોતાના પૌદ્‍ગલિક તુચ્છ સ્વાર્થ સાધવામાં પ્રભુના કહ્યા પ્રમાણે કરું છું એમ ન કહેતાં, કર્મના કહેવા પ્રમાણે કરું છું એમ કહેવાથી પ્રભુના અપરાધી બની શકાતું નથી; કારણ કે પ્રભુ જ કહે છે કે–સંસારી જીવો કર્માધીન છે. એટલે કર્મના કહ્યા પ્રમાણે કરે છે. જ્યાં સુધી ભવસ્થિતિ પાકતી નથી ત્યાંસુધી મારા કહ્યા પ્રમાણે કરવાના નથી ગમે તેવા વેષ પહેરો કે મારા કહ્યા પ્રમાણે વર્તવાનો ડોળ કરો પણ મોહની આજ્ઞામાં રહેનારા જીવો મારી આજ્ઞાનો તો આદર નહિ જ કરે. અને મોહની આજ્ઞા પ્રમાણે વર્તીને કહેશે કે—અમે પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તીએ છીએ. આ પ્રમાણે ભવસ્થિતિ પાકે નહિ ત્યાંસુધી કર્મને આધીન રહેવું પડે છે અને તેના કહ્યા પ્રમાણે કરવું પડે છે, તો આત્મા અનંત બળી હોવાથી કર્મનો નાશ કરી સ્વતંત્ર બનવા પ્રયાસ કરે તો બની શકે છે. એટલે નિરંતર પ્રભુને હૃદયમાં ધારણ કરી રાખીને પ્રભુના વચનોનું મનન કરવું. પ્રભુની સહાયતાથી આત્મા કર્મનો પરાજય કરવા સમર્થ થઇ શકે છે. લોકસંજ્ઞા કાઢી નાખવી એટલે કર્મના કહેવા પ્રમાણે કરનારાઓનું અનુકરણ કરવું નહિ. અજ્ઞાની જીવોના ખાનપાન કે માન–પ્રતિષ્ઠાની દરકાર કરવી નહિ. પ્રભુની આજ્ઞા પાળી પ્રભુનું માન મેળવવા લક્ષ્ય આપવું. આ પ્રમાણે કરવાથી કર્મનો પરાજય થશે અને આત્મા સ્વતંત્ર બનશે.

૬૩

પ્રયત્ન કરવામાં આપણે સ્વાધીન છીએ, પણ ધાર્યા પ્રમાણે ફળ મેળવવામાં પરાધીન છીએ. પ્રારબ્ધની પ્રકૃતિ પ્રમાણે માનવી ફળ મેળવી શકે છે. પ્રારબ્ધની પ્રકૃતિ પ્રમાણે વિચારો ઉદ્‍ભવે ખરા, પણ તે વિચારો પ્રમાણે વર્તન કરતાં પહેલાં આત્માનું ઇષ્ટ–અનિષ્ટ વિચારી લેવું જોઇએ. આ જીવન તથા પરજીવન તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# તૃતીય શ્રી બાહુજિન સ્તવન—

### સ્પષ્ટાર્થ સાથે.

સં.—ડૉકટર વલ્લભદાસ નેણસીભાઇ—મોરબી.

**બાહુ જિણંદ દયામયી,**
**વર્તમાન ભગવાન, પ્રભુજી,**
**મહાવિદેહે વિચરતા,**
**કેવલજ્ઞાન નિધાન-પ્રભુજી. બાહુ-(૧)**

**સ્પષ્ટાર્થ:**-મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન ભગવાન આત્મ સત્તાભૂમિમાં નિરંતર પોતાના પર્યાયોનાં પરિણમતા પોતાના ગુણ પર્યાયો સહિત, સદા સત લક્ષણવંત હોવાથી વર્તમાન, આત્મિક અવિચલ અખંડ લક્ષ્મીના સ્વામી હોવાથી ભગવાન, સામાન્ય કેવલીઓનાં ઇંદ્ર સમાન, હે શ્રી બાહુસ્વામી! આપ સર્વ પ્રદેશે, સર્વ કાલે, સર્વ ભાવે દયામયી છો. અર્થાત્ આપના સર્વે પ્રદેશોથી હિંસાના હેતુનો અભાવ થયેલો છે તથા હવે તે હેતુઓનો સમૂલ ક્ષય હોવાથી કોઈપણ કાલે હિંસકભાવે પરિણમનાર નથી તથા જ્ઞાનાદિ સર્વે ધર્મો સર્વે નયે પૂર્ણ પવિત્ર થયા છે તેથી કોઇપણ ભાવ હિંસકભાવે પરિણમે તેમ નથી તેથી આપ સર્વાંગે સર્વોત્કૃષ્ટ અનુપમ દયાના ભંડાર છો તથા જે જ્ઞાનમાં જીવાજીવ સર્વે દ્રવ્યો પોતાના ત્રિકાલવર્તી સર્વે પર્યાયો સહિત પ્રત્યક્ષપણે ભાસે છે એવા કેવલજ્ઞાનના નિધાન કહેતાં અખૂટ ખાણ છો. (૧)

---

સ્વ-પરને હિતકારી વિચાર અને વર્તન માટે પૂરતી કાળજી રાખવી જોઇએ. બીજાના જીવન-પ્રવાહમાં તણાતા પહેલાં તેની શુદ્ધિ તથા નિર્મળતાને સારી રીતે તપાસી લેવી જોઇએ. જેથી કરીને આત્માને મલિન થવાનો પ્રસંગ આવશે નહિ. અનાદિ કાળથી સંસારમાં જીવ માત્ર આપસમાં પરસ્પર અનેક પ્રકારના સંબંધોથી જોડાતા આવ્યા છે. કોઇ પણ સંબંધ શાશ્વતો નથી માટે વર્તમાન ભવના અહિતકર સંબંધને વળગી રહી આત્માનું અનિષ્ટ કરવું નહિ. ચિત્તની અસ્થિરતા અને ચંચળતાને ટાળવા પ્રયત્ન કરવો જોઇએ. મક્કમ મનના થઇને આત્માને હિતકારી વિચાર અને વર્તનના વ્યસની બનવું. ભિન્નભિન્ન પ્રકૃતિઓના માનવીના સંસર્ગથી ચિત્તની ચંચળતા વધે છે અને અસ્થિર જીવન થાય છે, જેથી કરી ઘણી જ અશાંતિ ભોગવવી પડે છે માટે સ્થિર શાંત અને સરળ પ્રકૃતિવાળા અંતરાત્માના સન્મુખ થઇને પ્રયાણ કરવાવાળા ભાવિત આત્માના ભોમિયા થઇને અને તેમના જ સંસર્ગમાં રહીને જીવન વ્યતીત કરવા વિચાર રાખનાર વિવેકી કહી શકાય ખરા. માનવ જીવન મળ્યું છે તો તેમાં જીવીને જીવનનું સાચું ફળ મેળવવા પ્રયાસ કરનાર વિવેકી કહી શકાય. વિવેકી હોય તે જ માનવ જીવનમાં જીવવાનો અધિકારી છે. બાકી તો સંસારમાં માનવદેહમાં પાશવી જીવન વ્યતીત કરી રહ્યા છે, તેથી કાંઇ માનવજીવનની સાર્થકતા થઇ શકતી નથી. વિવેકી આત્મા તથા અનાત્માના સાચા સ્વરૂપને ઓળખનારા હોય છે, માટે જ વિવેકી આત્મજાગૃતિના અધિકારી છે. આપણે તો આત્મજાગૃતિ કરવી છે એટલે વિદ્વાન બનવાની જરૂરત નથી પણ વિવેકી બનવા પ્રયત્ન કરવાની જરૂરત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દ્રવ્યથકી છ કાયને,**
**ન હણે જેહ લગાર, પ્રભુજી.**
**ભાવ દયા પરિણામનો,**
**એહિજ છે વ્યવહાર-પ્રભુજી. બાહુ-( ૨ )**

**સ્પષ્ટાર્થ:**—પૃથ્વી-પાણી--તેજસ-વાયુ-વનસ્પતિ અને ત્રસ એ છકાયના જીવના દ્રવ્ય પ્રાણને હણવા-હણાવવા તથા હણતાની અનુમોદના કરવી એ દ્રવ્યહિંસા છે. તે દ્રવ્યહિંસામાં ભાવહિંસાના કારણની ભજના છે તેથી ભાવહિંસાનો ત્યાગી દ્રવ્યહિંસા આદરે નહિ-થવા દે નહિ. સાવચેતપણે વર્તે, સમિતિપૂર્વક વર્તે અર્થાત્ છકાયના જીવોની દ્રવ્યહિંસાનો ત્યાગ કરવો તે ભાવ દયાનો તથા ભાવ દયાના પરિણામીનો વ્યવહાર છે. દ્રવ્ય અહિંસા તે ભાવ અહિંસાનો વ્યવહાર-કારણ છે. ( ૨ )

**રૂપ અનુત્તર દેવથી,**
**અનંતગુણું અભિરામ, પ્રભુજી.**
**જોતાં પણ જગજંતુને,**
**ન વધે વિષય વિરામ-પ્રભુજી. બાહુ-(૩)**

**સ્પષ્ટાર્થ:**—સર્વ જીવોને આ સંસારજન્ય જન્મ-જરા-મરણાદિરૂપ ભયંકર દુઃખથી છોડાવી રત્નત્રય પમાડી અનંત આત્મિક પરમાનંદના ભોક્તા કરું એવી ઉત્કૃષ્ટ ભાવ દયાના યોગે અત્યંત તીવ્ર શુભ પરિણામવડે-સર્વોત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે હે બાહુજિનેન્દ્ર ! આપનું રૂપ-લાવણ્ય-કાંતિ, વિજય, વિજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવો કરતાં પણ અનંતગણું અભિરામ, અતિશય યુક્ત, સર્વોપરી, મનોહર, રમણીય, આહ્લાદકારી છે. એવું અત્યંત દેદીપ્યમાન અનુપમ આહારિક આપનું મનોહર રૂપ જોતાં-નિરખતાં છતાં પણ વિષયાતુરતાને અવકાશ મળતો નથી પરંતુ આપની શાંત-દાંત-ગંભીર અને નિશ્ચલ મુદ્રાનું દર્શન પામી વિષયોથી ઉપશાન્ત ચિત્ત થાય છે. ( ૩ )

**કર્મ ઉદય જિનરાજનો,**
**ભવિજન ધર્મ સહાય, પ્રભુજી.**
**નામાદિક સંભારતાં,**
**મિથ્યા દોષ વિલાય-પ્રભુજી બાહુ (૪)**

**સ્પષ્ટાર્થ:**-"સવિ જીવ કરું શાસનરસી, ઇસી ભાવ દયા મન ઉલ્લસી" એવા અત્યંત તીવ્ર શુભ રાગ યુક્ત ભાવ દયાના પરિણામવડે બંધાયેલા તીર્થંકરનામકર્મના ઉદયવડે હે ત્રિલોક પૂજ્ય !-આ પારાવાર દુઃખનિધાન સંસારસમુદ્રમાં બૂડતા ભવ્ય પ્રાણીઓનો ઉદ્ધાર કરવા માટે સર્વે દૂષણો રહિત અને પાંત્રીશ ગુણ સહિત, નય-નિક્ષેપ-પક્ષ-પ્રમાણ યુક્ત જીવાજીવાદિ તત્વનો સમ્યક્ પ્રકારે ઉપદેશ આપો છો. એ આપનો કર્મ ઉદય નિર્વિવાદપણે-"ભવિજન ધર્મ સહાય" અનાદિ કાલથી જ્ઞાનાવરણાદિ કર્મ રજવડે મલિન થયેલા-લિપ્ત ભવ્ય જીવોના આત્મધર્મને એવંભૂત નયે પ્રાપ્ત થવા સહાય-નિમિત્તભૂત છે. તથા હે તીર્થનાથ ! આપના નામાદિક ચાર નિક્ષેપ સંભારતાં-સ્મરણ કરતાં-લક્ષમાં લેતાં-મિથ્યાત્વાદિ દુષ્ટ દોષોનો તત્કાલ અત્યંત અભાવ થાય. (૪)

**આત્મગુણ અવિરાધના,**
**ભાવ દયા ભંડાર, પ્રભુજી.**
**ક્ષાયિક ગુણ પર્યાયમેં,**
**નવિ પરધર્મ પ્રચાર-પ્રભુજી. બાહુ. ( ૫ )**

**સ્પષ્ટાર્થ:**-જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ અનંત આત્મગુણો તે ભાવ પ્રાણ છે. અને તે ભાવપ્રાણનો વિષય-કષાયાદિકે ઘાત કરવો તે ભાવહિંસા છે અને તે ભાવપ્રાણનું સમિતિ-ગુપ્તિ આદિ સંવરવડે રક્ષણ કરવું, ઘાત ન થાય એમ અપ્રમત્તભાવમાં વર્તવું તે ભાવ દયાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ ભંડાર-નિધાન છો, કારણ કે ભાવપ્રાણુના ઘાતક મિથ્યાત્વાદિ દુષ્ટ હેતુઓનો આપના આત્મપ્રદેશમાંથી સર્વથા નાશ થયો છે, ક્ષાયિક લબ્ધિને પામ્યા છો. તેથી આપની સત્તાભૂમિમાં મિથ્યાત્વાદિ દોષોનો રંચ માત્ર પણ પ્રવેશ-પ્રચાર થઇ શકે તેમ નથી અને તેથી આપમાં ભાવહિંસાનો બિલકુલ અભાવ છે તેથી આપ નિર્વિવાદપણે ભાવ દયાના ભંડાર છો. (૫)

ગુણ ગુણ પરિણતિ પરિણમે,
બાધક ભાવ વિહીન, પ્રભુજી,
દ્રવ્ય અસંગી અન્યનો,
શુદ્ધ અહિંસન પીન-પ્રભુજી. બાહુ (૬)

**સ્પષ્ટાર્થઃ**-આપનો આત્મદ્રવ્ય જ્ઞાન-દર્શન-ચારિત્ર-દાન-લાભ-ભોગ-ઉપભોગાદિ અનંત ગુણનો પિંડ છે, તે સર્વ ગુણો બાધકભાવ રહિત પોતાના શુદ્ધ પરિણામે છે, પણ તે ગુણો જો બાધકભાવે એટલે જ્ઞાન, અજ્ઞાનપણે, દર્શન, અદર્શનપણે, ચારિત્ર મિથ્યાચરણપણે પરિણમે તો આત્મ સ્વગુણનો રોધ કરે. શુભાશુભ કર્મ બંધ કરે-આત્મિક સહજ અબાધિત સુખની હાનિ કરે. પણ આપના સર્વે ગુણો અબાધકભાવે પરિણમે છે તેથી આત્મ અનંત ગુણના આનંદના ભોક્તા છે. જ્યાંસુધી આત્મા બાધકભાવે પરિણમે ત્યાંસુધી અશુદ્ધ છે, પણ જ્યારે સર્વ પરદ્રવ્યના રાગ-સંગ રહિત વર્તે ત્યારે શુદ્ધ છે, અહિંસક છે, કર્મબંધનો અકર્તા છે તથા પોતાના અનંત આત્મવીર્ય-વડે પુષ્ટ છે. (૬)

ક્ષેત્રે સર્વ પ્રદેશમેં,
નહિ પરભાવ પ્રસંગ, પ્રભુજી.
અતનુ અયોગી ભાવથી,
અવગાહના અભંગ-પ્રભુજી. બાહુ. (૭)

**સ્પષ્ટાર્થઃ**-જેમ સોનું ખાણુમાં પત્થર-માટી વિગેરે અનેક કુધાતુઓથી મળેલું હોય છે પણ જ્યારે યોગ્ય યુક્તિવડે તેને સર્વથા જૂદું પાડી, ગાળી, શુદ્ધ સોનું કરી લઇએ ત્યાર પછી તે સોનાને કાટ લાગી શકે નહિં. તેવી જ રીતે અનાદિકાલથી આત્મપ્રદેશે લાગેલા જ્ઞાનાવરણાદિ કર્મનો આપે શુકલધ્યાનરૂપ અગ્નિવડે સર્વથા નાશ કર્યો છે, સર્વ પ્રદેશો શુદ્ધ નિર્મલ પરમ પવિત્ર થયા છે તેથી આપના કોઇપણ પ્રદેશે પરભાવ-રાગદ્વેષાદિનો વિષય કષાયાદિનો રંચ માત્ર પણ સંશ્લેષ નથી, થવાનો સંભવ પણ નથી.

જ્યાં સુધી આત્મા ઔદારિકાદિ શરીરમાં તેમજ મન-વચન-કાયયોગમાં મમત્વ કરી વસે છે તેથી તે ચલ-પુદ્ગલયોગે આત્મપ્રદેશ સકંપ થાય છે. પણ જ્યારે સર્વથા તેનું મમત્વ ત્યાગ કરે ત્યારે શુદ્ધાત્મભાવે અરૂપી જ્ઞાયક સ્વરૂપ પ્રગટે, એમ અતનુ-અયોગી આત્મ અંગ આત્મભાવમાં સ્થિર થાય ત્યારે કોઈ પણ આત્મપ્રદેશ રંચ માત્ર પણ સચલ થાય નહિ; અભંગ અવગાહનાને પ્રાપ્ત થાય. (૭)

ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે,
સહેજે પરિણતિ થાય, પ્રભુજી.
છેદન યોજનતા નહિ,
વસ્તુ સ્વભાવ સમાય-પ્રભુજી. બાહુ. (૮)

**સ્પષ્ટાર્થ**:—સ્વભાવભાવે પરિણમવામાં અન્ય દ્રવ્યની સહાય જોઇતી નથી. જેમ અગ્નિ સહજે દાહકભાવે પરિણમે છે તેમ સર્વે દ્રવ્યો ઉત્પાદ-ધ્રૌવ્યય-વ્યયુક્ત સદાકાલ હોવાથી સહજે પોતાના સ્વભાવ પર્યાયમાં પરિણમે. અન્ય દ્રવ્યની મદદ જોઇએ નહી-વસ્તુને સહજે પરિણમવામાં કંઈ પણ દૂર કરવાની આવશ્યકતા નથી, કારણ કે દ્રવ્ય તથા પર્યાયનો અભેદ ભાવ છે. જેમ અગ્નિને દાહક પરિણામ વગરની તથા અગ્નિ વગર દાહક પરિણામને આપણે કદાપિ કાલે જોતા નથી. અર્થાત્ અગ્નિને જ્યારે જોઇએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે દાહક પરિણામ સહિત જ હોય છે, તેમ સર્વે દ્રવ્ય સદાકાલ પોતાના પરિણામે વર્તતા જ હોય છે. પરિણામ વગર દ્રવ્ય અભાવ-શૂન્ય-પણાને પામે-વર્તમાન પર્યાયનો વ્યય થાય, અને નૂતન પર્યાયનો ઉત્પાદ થાય તોપણ દ્રવ્યાર્થિક નયે દ્રવ્ય સદા ધ્રુવ છે. જેમ સોનાનું કડું ભાંગી મુકુટ બનાવીએ તેમાં કડાનો નાશ અને મુકુટનો ઉત્પાદ થયા છતાં પણ સોનું દ્રવ્ય સદા ધ્રુવ છે. (૮)

**ગુણ પર્યાય અનંતતા,**
**કારક પરિણતિ તેમ પ્રભુજી.**
**નિજ નિજ પરિણતિ પરિણમે,**
**ભાવ અહિંસક એમ.-પ્રભુજી બાહુ. (૯)**

**સ્પષ્ટાર્થ:**-જ્ઞાન તે સમ્યગ જ્ઞાનરૂપ, દર્શન તે સમ્યગ્દર્શનરૂપ, ચારિત્ર તે સ્વભાવાચરણ-રૂપ એમ જ્ઞાનાનુયાયી આપના અનંત ગુણો પોતાના શુદ્ધ પરિણામે છે, કારણ કે આપનું કારક ચક્ર તે શુદ્ધ અબાધકપણે સદા પરિણમે છે. (૧) સ્વધર્મ કર્તા તે કર્તાપણું. (૨) સ્વધર્મ પરિણામ તે કાર્ય. (૩) સ્વધર્માનુયાયી ચેતના શક્તિ તે કરણ (૪) સાધ્ય ગુણ શક્તિનું પ્રગટવું તે સંપ્રદાન. (૫) પૂર્વ પર્યાયનું નિવર્તન તે અપાદાન, (૬) સ્વગુણનો આધાર આત્મ સત્તાભૂમિ તે અધિકરણ-એમ ગુણ પર્યાયની તથા કારક પરિણતિની અનંતતા છે તેથી કોઇપણ આત્મધર્મને વિરાધકપણે રંચ માત્ર-સમય માત્ર પણ પરિણમતા નથી તેથી આપ સદા અહિંસક નામનું સર્વોત્કૃષ્ટ બિરુદ ધરાવો છો. (૯)

**એમ અહિંસકતામયી,**
**દીઠો તું જિનરાજ. પ્રભુજી.**
**રક્ષક નિજ પર જીવનો,**
**તારણતરણ જહાજ-પ્રભુજી. બાહુ. (૧૦)**

**સ્પષ્ટાર્થ:**-એમ સ્વપર જીવના દ્રવ્ય ભાવ પ્રાણનું રક્ષણ કરનાર તથા અગાધ કષાયરૂપ જલથી ભરેલા સંસાર-સમુદ્રમાંથી તારણતરણ જહાજરૂપ હે જિનેશ્વર ! હે કરુણાનિધાન ! આ જગતત્રયમાં સર્વાંગે દયામય મેં આપને જ જોયા. (૧૦)

**પરમાતમ પરમેસરુ,**
**ભાવ દયા દાતાર, પ્રભુજી.**
**સેવો ધ્યાવો એહને,**
**દેવચંદ્ર સુખકાર-પ્રભુજી. બાહુ. (૧૧)**

**સ્પષ્ટાર્થ:**-આત્માનો પરમભાવ જે જ્ઞાન તેની શુદ્ધતા, તથા સંપૂર્ણતાને સર્વે નયે પ્રાપ્ત થયેલા હોવાથી પરમાત્મા તથા અનંત, અવિનશ્વર, સ્વાધીન, પરમાનંદમય, શુદ્ધાત્મ ઐશ્વર્યતાને પ્રાપ્ત થયેલા હોવાથી પરમેશ્વર, અને ભાવદયારૂપ જે પરમ ધર્મ તેના ઉપદેષ્ટા, દાતાર તથા ભવભ્રમણજન્ય શારીરિક તથા માનસિક દુઃખનો અત્યંત અંત કરી સહજ પરમોત્કૃષ્ટ આત્મિક સુખના દાતાર ત્રિલોક પૂજ્ય, શ્રીબાહુ જિનેશ્વરને સેવો-ધ્યાવો-તેમના ગુણનું ધ્યાન કરો, તેથી એકાગ્રચિત્ત કરો એમ શ્રી દેવચંદ્ર મુનિ મિત્ર ભાવનાવડે ભવ્ય જીવો પ્રતિ હિતશિક્ષા આપે છે. (૧૧)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંકા અને સમાધાન.

**સમાધાનકાર:—જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ કવિકુલકિરીટ પૂ. આચાર્યભગવંત શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.**

**( પ્રશ્નકાર:—ભાવનગરવાલા શા. ફત્તેહચંદ ઝવેરભાઈ-મુંબઈ. )**

( પૃ૪ ૯૮ થી ચાલુ )

શં. અગીઆરમા ગુણસ્થાનકવાલા સિવાયના સર્વાર્થસિદ્ધવિમાને જઇ શકે ?

સ. ખુશીથી, કેમકે એવો નિયમ નથી કે અગીઆરમા ગુણસ્થાનકને સ્પર્શીને પછી જ સર્વાર્થસિદ્ધવિમાને જવાય. હા, એ વાત નિયમા છે કે અગીઆરમા ગુણસ્થાનકે કાલધર્મ પામે તો સર્વાર્થસિદ્ધ વિમાને જાય. છઠ્ઠા, સાતમા ગુણસ્થાનકેથી કાલધર્મ પામનાર સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય એવો નિયમ નથી, પરંતુ કોઇ વ્યક્તિવિશેષ પણ સર્વાર્થ સિદ્ધવિમાનમાં જઇ શકે.

શં. અગીઆરમા ગુણસ્થાનકે કષાયની ઘણી જ મંદતા થઈ છતાં તેત્રીશ સાગરોપમ અધિક સંસાર કેમ વધે ?

સ. કષાયોની મંદતા દબાણથી કરેલ છે, ક્ષય ભાવે નહિ અને ઉપશમાવેલી ચીજ પાછી ઉઘડતા પોતાની અસર દેખાડે એમાં આશ્ચર્ય જેવું નથી. વલી અગીઆરમા ગુણસ્થાનકને સ્પર્શ્યા પછી તેત્રીશ સાગરોપમ અધિક સંસાર વધે છે એમ નહિ પણ બાકી રહે છે. જો સમકિત કાયમ રહે તો, પણ તે જ ગુણસ્થાનક સ્પર્શીને ઉપશમભાવે બીલકુલ નિષ્કષાય બનીને પડતાં મિથ્યાત્વે આવે તો અર્ધ પુદ્ગલ પરાવર્તનથી કંઈ ન્યૂન પણ સંસાર હોય અર્થાત્ અનંતકાલ પણ સંસારમાં રખડી શકે છે.

શં. ક્ષાયોપશમિક વિગેરે પાચ ભાવોમાં પૌદ્ગલિક કેટલા અને આત્મિક કેટલા ?

સ. ક્ષાયિક અને ઉપશમ એ બે આત્મિક ભાવો છે, જ્યારે બાકી ત્રણ પૌદ્ગલિક છે.

શં. શ્રી આનંદઘનજીકૃત નવમા ભગવાનના સ્તવનમાં 'તુરીય ભેદ પડિવત્તિ પૂજા' એનો અર્થ સમજાવશો.

સ. પૂજાના ચાર ભેદ પૈકી ચોથા ભેદવાલી ઉચ્ચ ભેદવાલી પૂજા સમજવી 'તુરીય ભેદ પડિવત્તિ પૂજા' એટલે ચોથા ભેદની પ્રાપ્તિરૂપ પૂજા.

શં. શ્રી ભગવતીજી સૂત્રના પ્રથમ શતકમાં છઠ્ઠા ગુણસ્થાનકવાલા સંયમીમાં વર્તતા શુભયોગને 'અનારંભ' કહેલો છે તે કેમ ઘટે ? કેમકે શુભયોગે દ્રવ્યાશ્રવ થાય 'યાવત્ યોગ ક્રિયા નહિ થંભી તાવત્ જીવઇ યોગારંભી' એ વચન સાથે શી રીતે ઘટે ?

સ. તે અનારંભી એટલા માટે કહેવાય છે કે સાવદ્ય યોગનો સર્વથા ત્યાગ કર્યો છે અને તે સર્વવિરતિના પરિણામમાં છે માટે અનારંભી કહ્યા છે. શુભયોગે દ્રવ્યાશ્રવ થાય એ વાત બરાબર છે એટલે તેમને દ્રવ્યાશ્રવી કહેવાય તેમાં વાંધો નથી પણ આરંભી ન ગણાય કારણ કે પ્રાણાતિપાત આદિના સેવનારાઓને આરંભી કહીએ તેવા પ્રકારનો આરંભ આ ગુણસ્થાનકે છે જ નહિ તેમજ યોગની સાથે આરંભ શબ્દ જોડીને યોગારંભી કહીએ તોપણ વાંધો નથી કારણ કે યોગથી આવતા સૂક્ષ્મ આરંભો તો હોય જ એટલે યોગારંભી કહેવામાં વાંધો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શં. સંવર પરિણુતિ શુભ યોગવાલી હોય કે શુદ્ધ યોગવાલી? અને તે પરિણુતિમાં બંધ હોય?

સ. સંવર પરિણુતિ શુદ્ધ યોગવાલી હોય છે અને તે પરિણુતિ જેમ જેમ તીવ્ર થતી જાય તેમ તેમ અમુક અમુક કર્મોના બંધનો અભાવ થતો જાય છે અને જ્યારે સંવર મળે ત્યારે બીલકુલ અબંધ થઇ જાય છે.

શં. જાતિસ્મરણજ્ઞાન કેટલાભવ સુધી ટકે?

સ. જાતિસ્મરણજ્ઞાન સાથે ચાલતું નથી એટલે આ ભવે થએલ બીજા ભવે સાથે જાય એમ ન બને પણ પછી બીજા ભવમાં પણ તેવું નિમિત્ત મળતાં જાતિસ્મરણ જ્ઞાન થઈ શકે છે.

શં. શ્રી શાન્તિનાથ ભગવાન તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનની સવિશેષ ભક્તિ મંગલાચરણરૂપે પણ તેમના જ નામો તે સરાગસંયમીપણામાં સમાવેશ થાય?

સ. ના, સરાગ ભક્તિમાં સમાવેશ થઇ શકે છે. સરાગ સંયમ તો સંસાર ત્યાગી સાધુપણું લેનારમાં હોય છે પણ નામસ્મરણ, મંગલ આદિનું આચરણ પ્રભુભક્તિએ તો ગૃહસ્થીઓ પણ કરી શકે છે એટલે તે વસ્તુ સરાગ સંયમમાં દાખલ થઇ શકે નહિ.

શં. પરમાત્માએ જેમ ગણુધરપદવી પોતાની હયાતીમાં સ્થાપી તે હિસાબે ગણુધરોને **आयरियाणं** ગણીએ તો પણ ઉપાધ્યાયપદ વિગેરે કેમ સ્થાપી નથી? કેમકે **नमो उवज्झायाणं** પદ તો અનાદિનું છે તો તે પ્રણાલિકા કેમ પરમાત્માએ રાખી નહિ હોય? અથવા ઉપાધ્યાય પદવી પાછલથી કયારે શરૂ થઈ?

સ. શ્રી તીર્થંકર પ્રભુ ગણુધરપદ સ્થાપે છે એટલે તેઓશ્રીના હાથે આચાર્યપદવીનું અર્પણ સંભવે. જ્યારે ગણુધર મહારાજાના શિષ્યોથી જ આચાર્યપદ, ઉપાધ્યાયપદ આદિની પ્રવૃત્તિ થાય એટલે બીજી જ પેઢીએ ઉપાધ્યાય પદ આદિ જારી થયું એમ સમજવું.

શં—'પૂરવ પુણ્ય કરી ચેતન નીકા નરભવ પાયા રે' આમાં નીકા શબ્દનો અર્થ શું? મૂલ શબ્દ કયો? ફારસી કે સંસ્કૃત?

સ.—નીકા એટલે શ્રેષ્ઠ. નેક શબ્દ ઉપરથી નિકા ઉત્પન્ન થયું છે એટલે તે ઉર્દૂભાષાનો અપભ્રંશ છે.

શં—મુનિરાજને 'ધન' વગેરેનો અભાવ હોવાથી લાભાન્તરાય કર્મનો ઉદય ગણાય?

સ.—જ્યાં સુધી તેરમે ગુણુસ્થાનકે ન જાય ત્યાં સુધી લાભાન્તરાય રહેવાનો છે. બાકી લાખો રૂપીઆ છોડીને મુનિ થયા હોય તેવા મુનિઓને ધન આદિનો લાભાન્તરાય કેમ કહેવાય? બીજું સદા મુનિઓએ પણ ત્રિવિધ ત્રિવિધ ધનનો ત્યાગ કર્યો એટલે તેમને ધનાન્તરાયવાલા નહિ પણ ધનના ત્યાગી કહેવાય. જ્યારે ધન લેવાની કોશીષ કરતા હોય, તેના માટેના વિવિધ પ્રયત્નો જારી હોય અને ધન ન મલી શકતું હોય તો ધન-લાભાન્તર કહેવાય એમ સમજવું.

શં—ભાવકર્મ (રાગ-દ્વેષ) પૌદ્ગલિક કે આત્મિક? અને તે કર્મને પરમાણુઓ છે?

સ.—રાગ અને દ્વેષ આત્મિક છે કારણ કે તે અશુદ્ધ આત્માની પરિણુતી છે. વલી જડ પદાર્થમાં રાગ-દ્વેષ હોઇ શકતા નથી તેથી પણ આત્મિક પરિણુતી માનવી વ્યાજબી છે. દ્રવ્ય કર્મ માત્ર પરમાણુઓથી બને છે. પરમાણુ વગરનું કર્મ હોય નહિ. અશુદ્ધ આત્માની પરિણુતીનું નામ રાગ-દ્વેષ છે એટલે અશુદ્ધ પરિણુતી કર્મવાલી જ હોય તેથી પણ તેમાં પરમાણુ માની શકાય. વલી સંસારી આત્મા કથંચિત્ મૂર્ત છે એટલે એ હિસાબે પણ પરમાણુ માનવામાં આવે તો વાંધો નથી.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન–સમાચાર

**શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર** તરફથી પૂજ્ય મહાત્મા શ્રી **મૂળચંદજી મહારાજ**ની સ્વર્ગવાસ તિથિ માગશર વદી ૬ નાં રોજ હોવાથી શ્રી દાદાસાહેબ જિનાલયમાં સવારે શ્રી નવપદજીની પૂજા ભણાવવા વગેરેથી ભક્તિ કરી જયંતિ ઉજવવામાં આવી હતી. જે વખતે અત્રે બિરાજતા આચાર્યપ્રવર શ્રી **વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ** મુનિમંડળ સાથે પૂજામાં પધાર્યા હતા. રાત્રે આંગીરચના વગેરેથી ગુરુભક્તિ કરવામાં આવી હતી.

## મુનિરાજશ્રી ન્યાયવિજયજી ( ત્રિપુટી ) મહારાજનો સ્વર્ગવાસ.

જ્ઞાનોપાસના અને સાહિત્યોદ્ધાર માટે સતત સેવા સમર્પી રહેલ મુનિ મહારાજશ્રી દર્શનવિજયજી, મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી તથા મુનિરાજશ્રી ન્યાયવિજયજી ત્રિપુટીનું નામ જૈન સમાજમાં સુવિખ્યાત છે.

આ ત્રિપુટીમાંના સાહિત્ય અને લેખક મુનિમહારાજ **શ્રી ન્યાયવિજયજી** મહારાજ માગશર સુ. ૩ (૪) મંગળવારે હાર્ટ ફેઇલથી અમદાવાદ શહેરમાં નાગજી ભુદરની પોળમાં ઉપાશ્રયે સાંજનાં સાડા છ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાના અચાનક દુઃખદ સમાચાર મળતાં તે માટે આ સભાને અત્યંત દિલગીરી થાય છે. હાલ તેઓશ્રી યોગોદ્વહનની ક્રિયામાં પણ હતા.

મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજની નિડર અને સમયોચિત લેખની અને લેખોથી વાચકો અજાણ નથી. તેમના વિવિધ જૈન સાહિત્યના લેખો માટે કોઇપણ જાતની વિરુદ્ધતા કે અણગમો પણ કોઇ વખત દેખાયો હોય તેમ પણ નથી.

અમદાવાદમાં તેમના શુભ પ્રયત્નવડે જરૂરીઆતવાળી એક સાહિત્ય સંસ્થા પણ જન્મ પામી હતી. અને તેઓશ્રીની હૈયાતિ વિશેષ હોત તો સાહિત્ય માટે સમાજને કાંઇ વિશેષ જાણવાનું પણ મળી શકત.

તપગચ્છ પટ્ટાવલી, જૈન તીર્થોનો ઇતિહાસ જેવા સાહિત્ય સંબંધી ઉપયોગી ગ્રંથો તૈયાર કરવામાં ને વિહાર દરમ્યાનમાં તેઓશ્રીનો શુભ પ્રયત્ન જે થયો છે તે પણ પ્રશંસાપાત્ર અને ઉપકારક ગણાયો છે.

એવા ઉપકારક મુનિરાજની પડેલી ખોટ નહીં પુરાય તેવી આ સભા માને છે. પરમાત્માની પ્રાર્થના છે કે સદ્‌ગત શ્રી ન્યાયવિજયજી મહારાજના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ.

## ખેડામાં વાચનાચાર્ય શ્રી માણિક્યસિંહસૂરિજી મહારાજનો થયેલો સ્વર્ગવાસ.

ખેડા જૈન ઉડીવાટનાં ઉપાશ્રયે વાચનાચાર્ય શ્રીમદ્ વિજય માણિક્યસિંહસૂરીશ્વરજી મહારાજનું માગસર સુદી ૧૪ નાં રોજ સાંજનાં ૫–૦ કલાકે હાર્ટફેલથી અવસાન થયું છે.

તેમના અચાનક કાળધર્મ પામ્યાના સમાચાર ખેડા જૈન સમાજમાં ફેલાતા સૌ ગમગીન બની ગયા હતા. બરાબર ૧૧ વાગે તેમની સ્મશાનયાત્રા બહુ જ ભક્તિપૂર્વક કાઢવામાં આવી હતી.

વાચનાચાર્ય શ્રી વિજયમાણેક્યસિંહસૂરીશ્વરજીનો જન્મ પાટણના દશાશ્રીમાળી જ્ઞાતિનાં એક જૈન ગૃહસ્થને ત્યાં વિક્રમ સંવત ૧૯૨૪ નાં શ્રાવણ સુદી ૩ ને દિવસે થયો હતો. તેમનું સંસારી નામ [illegible]લ હતું. તેમનાં પિતાનું નામ મુળચંદ અને માતુશ્રીનુ નામ લક્ષ્મીબાઇ હતું. તેમને એક બ્હેન હતા તેમનું નામ પરશન હતું. તેમનાં પિતાને તેઓ એકના એક લાડકા પુત્ર હતા. તેમનાં માતા–પિતાનો તેમનાં ઉપર ઘણો જ પ્રેમ હતો. વાડીલાલ છ માસના હતા ત્યારે તેમનાં પિતાશ્રી અવસાન પામ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બચપણથી જ વાડીલાલમાં રહેલ વાક્ચાતુર્ય, ગ્રાહ્યશક્તિ, કવિતકલા અને શાંતતા વગેરે ગુણો હોઇ તેમનું ભવિષ્ય ઉજ્વલ દેખાતું હતું. પાટણમાં સાગરનાં ઉપાશ્રયે મહાસુખભાઇ નામના શ્રાવક પાસે તેઓશ્રીએ પંચ પ્રતિક્રમણ, ભક્તામર, કલ્યાણમંદિર સુધીનો અભ્યાસ કર્યો હતો.

શ્રીમાન્ પ્રતાપવિજયજી મહારાજ સાહેબ પાસે ઉપદેશ સાંભળી આ શરીર અનેક વ્યાધિઓનો આવાસ છે, દુનિયા એ દુનિયા નહિં પણ એક મુસાફરખાનું છે તે જાણી વૈરાગ્યવાસિત થયા હતા. ઉપરોક્ત મહારાજ સાહેબ સાથે શ્રી સંખેશ્વર પાર્શ્વનાથજીની યાત્રા કરવા ગયા હતા તે જ રાત્રે ચાણસ્મામાં બિરાજતા શ્રી ભટેવા પાર્શ્વનાથે સ્વપ્નામાં આવી વાડીલાલને કહ્યું કે-તું દીક્ષા લે. તને જ્ઞાનસંપદા સારી પ્રાપ્ત થશે. જેથી તેઓશ્રી શ્રીમાન્ પ્રતાપવિજયજી મહારાજ સાથે અમદાવાદ ગયા અને સં. ૧૯૪૩ના મહા સુદી ૧ નાં રોજ તેઓશ્રી પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. અને ગુરુજીએ તેમનું નામ માણિક્યવિજયજી સ્થાપ્યું. જેઠ વદી ૩ ને દિવસે તેમને વડી દીક્ષા આપી.

સંવત ૧૯૬૪ નાં જેઠ વદી ૨ ને દિવસે શ્રી માણિક્યવિજયના ગુણોથી આકર્ષાઇને જૈનાચાર્ય શ્રી ચંદ્રસિંહસૂરીશ્વરે શાસ્ત્રોક્ત વિધિ સહિત વાચનાચાર્ય પદ અર્પણ કર્યું હતું.

આવા વિદ્વાન આચાર્યશ્રીની જૈન સમાજને ખોટ પડી છે તે માટે આ સભા પોતાનો ખેદ જાહેર કરે છે અને તેમનાં પવિત્ર આત્માને અખંડ, અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની અમો પ્રાર્થના કરીએ છીયે.

---

## શ્રેષ્ઠીવર્ય જગજીવનદાસ અમરચંદભાઇ વોરાનો સ્વર્ગવાસ

શ્રીયુત્ જગજીવનદાસ વોરા ઘણા દિવસની બિમારી ભોગવી ૬૯ વર્ષની વયે પોષ સુદી ૧૩ શનિવાર તા. ૨૦-૧-૧૯૫૧ નાં રોજ પંચત્વ પામ્યા છે. ભાઇશ્રી જગજીવનદાસ આ શહેરના સુપ્રસિદ્ધ શહેરી દેવ, ગુરુ, ધર્મના પરમ ઉપાસક, પરમ શ્રદ્ધાળુ, ત્યાગી મહાત્માઓની વૈયાવચ્ચ કરનાર, ગુરુભક્ત, સ્વામીભાઇઓનું આતિથ્ય કરનાર ભાવનગર જૈન સંઘના અને વીશાશ્રીમાલી જ્ઞાતિના મુખ્ય સંચાલક ગોહીલવાડની જ્ઞાતિના મુખ્ય સલાહકાર તરીકે અગ્રપદ ધરાવનાર બાર વ્રતધારી અને જેની જોડ હજી સુધી ભાવનગરને સાંપડી નથી તેવા જૈન નર રત્ન શ્રાવક કુલ ભૂષણ વોરા અમરચંદભાઇ જસરાજના જ્યેષ્ઠ પુત્ર થતા હતા. કુટુંબનાં સંસ્કાર અને જૈન ધર્મ પ્રત્યે રૂચિતો જન્મથી જ સાંપડી હતી. શ્રીયુત્ અમરચંદભાઇના સ્વર્ગવાસ પછી દેવ, ગુરુ, ધર્મ અને ત્યાગી મહાત્માઓની વૈયાવચ્ચ-સેવા વગેરે કુળ ધર્મ જેમણે ઘણે અંશે સાચવી રાખ્યો હતો. તેઓના સ્વર્ગવાસથી તેમનાં કુટુંબીજનો, પિછાનવાળા, પરિચયમાં આવેલા સર્વેને ખેદ ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. ઘણા વખત સુધી પથારીવશ રહેવા છતાં દેવ, ગુરુની ભક્તિ દેવસ્મરણ વગેરે ચાલુ જ હતું. ભાવિભાવ બળવાન છે અને આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સર્વ નિરૂપાય છે. ભાઇ જગજીવનદાસ આ સભાના પૂર્ણ-હિતચિંતક હતા જેથી આ સભા પણ તે માટે પોતાનો ખેદ વ્યક્ત કરે છે.

તેઓના ત્રણ લઘુ બંધુ પૈકી મ્હોટા શ્રી ખાન્તિલાલભાઇ ( આ સભાના માન્યવર પેટ્રન છે. ) બીજા ભાઇ ભાનુચંદ્ર અને સૌથી લઘુ બંધુ છોટાલાલ એ ત્રણ બંધુ સ્વર્ગવાસી અમરચંદભાઇની સંઘસેવા, દેવ, ગુરુ, ધર્મના ઉપાસક તરીકેનો વારસો પૂર્ણ રીતે સંભાળે અને પિતાના તથા મ્હોટાભાઇના યશમાં વૃદ્ધિ કરે એટલું જણાવી એ ત્રણે બંધુઓ અને કુટુંબને દિલાસો દેવા સાથે પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે કે શ્રીયુત જગજીવનદાસના પવિત્ર આત્માને અખંડ અને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૭. માઘ પુસ્તક ૪૮ મું.

વિક્રમ સં. ૨૦૦૭. :: તા. ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૫૧ :: અંક ૭ મો.

## અનુક્રમણિકા.

૧ ગૌતમસ્વામીનો વિલાપ (કવિતા) ...(લે. મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ) ૧૨૫
૨ શંકા અને સમાધાન ... ... (લે. શ્રીમદ્ લબ્ધિસૂરીશ્વરજી મહારાજ) ૧૨૬
૩ રિપોર્ટ ... ... ... ... ... ... ... ... ... ૧૨૯

### સં. ૨૦૦૬ ની શાલની ભેટની બુકો.

ચૈત્ર શુદ ૧૫ સુધીમાં નવા થનારા લાઈફ મેમ્બરોને ધારા ધોરણ પ્રમાણે **શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર** સચિત્ર અને શ્રી જૈન કથારત્નકોષ એ બે ગ્રંથો છપાય છે (શુમારે રૂા. ૧૨ કિંમત) તે ભેટ આપવામા આવશે.

## "આત્માનંદ પ્રકાશ" સંબંધી નિવેદન.

ન્યુસ પ્રીન્ટીંગ પેપરનું ઉત્પાદન ઘટવાથી ભારત સરકારે ફરી કન્ટ્રોલ મૂકયો છે. છાપવાનાં કાગળોની તેથી થયેલ અછત તેનાં ભાવો તથા છાપકામનાં દરેક કામોમાં ભાવો વધવાથી હાલ આત્માનંદ પ્રકાશનો દર વર્ષે મ્હોટી રકમનો તૂટો પડે છે ઉપરોક્ત કારણે વિશેષ તૂટો ન પડે તે માટે તેમજ કેટલાક વર્ષોથી સખ્ત મોંઘવારીને લઇને તૂટો દર વર્ષ પડતો હતો છતાં અમે તે ખોટ પૂરી કરવા ફંડ કે ઉઘરાણું કે બીજું તેવું કાંઇ હજી સુધી કર્યું નથી. લવાજમ પણ વધાર્યું નથી. આવી વધતી જતી મોંઘવારી અને કાગળની અછતને પહોંચી વળવા ફાગણ માસથી આત્માનંદ પ્રકાશ હાલ જેટલા પાનામાં પ્રગટ થાય છે તેનાથી ચાર પેજ મેટર કમતી આપવામાં આવશે. કાગળની છત થતાં હાલ ચાલુ સ્થિતિ મુજબ પ્રકાશન કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ગૌતમસ્વામીજીનો વિલાપ.

(રાગ–ત્રિશલા માતા પારણું ઝૂલાવે)

વીર જિણંદ શિવ સિધાવ્યા, ચિર સુખ મહાલે રે,
સુર વિમાનો રૂમઝુમ કરતા, અંબર ચાલે રે......

વિપ્ર બોધીને ગણધર ગૌતમ, ઊમંગભર પાછાએ વલતા,
શાસનપતિ મુક્તિ પધાર્યા, કર્ણે સુણતા રે......(૧) વીર૦

એવું સુણીને ગદગદ કંઠે, બાળક જિમ અશ્રુ સારે,
અહો! પ્રભુજી! શું આદર્યું ? કેમ કર્યો દૂરે રે......(૨) વીર૦

બાલક જીમ હું છેડો ન ઝાલત, મુક્તિ જ્ઞાનનો ભાગ ન માગત,
એક આવનથી શિવ સાંકડું, હે પ્રભુના થાત રે......(૩) વીર૦

તુમ જવાથી કુમતિજનો, ખદ્યોત જેમ આજે ચમકે,
હે ભદંત! કો વદે ગોયમ, પ્રશ્નોત્તર કો આપે રે......(૪) વીર૦

વીર વીર રટતા કંઠ સુકાતો, વી...વી...ઉચ્ચારણ કરતા,
વી...વી...એ તો વીતરાગી, સત્ય સમજતા રે......(૫) વીર૦

રાગ રીસના પડલ હટાવી, ક્ષપકશ્રેણી શુકલ ધ્યાવે,
નવા વર્ષે નવપ્રભાતે, કેવલ પાવે રે......(૬) વીર૦

બાર વર્ષે વીર ગૌતમ મળે, સાદિ અનંત સુખે મહાલે,
શાસન ચંદ્ર જગમાં સોહે, સવિ જીવો હરખે રે......(૭) વીર૦

કપડવંજ. મુનિશ્રી ચંદ્રપ્રભાવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંકા અને સમાધાન.

સમાધાનકાર:—જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ કવિકુલકિરીટ પૂ. આચાર્યભગવંત શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

( પ્રશ્નકાર:—ભાવનગરવાલા શા. ફત્તેહચંદ ઝવેરભાઇ-મુંબઇ. )

શં—આહારક શરીર કયા કયા કારણોને લઇને લબ્ધિવંત મુનિરાજ બનાવે ?

સ.—કોઇ શંકા થાય અને વિદેહ ક્ષેત્રમાં બિરાજતા શ્રી તીર્થંકર ભગવાનને પૂછવાનું મન થાય તથા તેમની રિદ્ધિ જોવાનું મન થાય તો લબ્ધિવંત મુનિરાજ આહારક શરીર કરી, ત્યાં જઈ દર્શન અથવા પ્રશ્ન કરી, સમાધાન મેળવી લે છે. આ કારણનો શાસ્ત્રમાં ઉલ્લેખ છે તે સિવાય તેના ઉપલક્ષણથી બીજા પણ કારણો હોઇ શકે, પણ ઉલ્લેખ સિવાય કહી શકાય નહિ.

શં. અલબેલો, અલવેસરના મૂલ શબ્દો શું છે ? અને તેનો અર્થ પણ શું છે ?

સ. અલબેલો એટલે અદ્વિતીય, સુંદર, શોભિતું. અલવેસર એટલે અબલના ઈશ્વર, અબલને બલ આપનાર.

શં. 'જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો' તેમાં 'પૂંઠ' શબ્દનો અર્થ શું ? તથા તે શબ્દનું મૂલ કયાંથી ? શ્રી ઉદયરત્નકૃત લોભની સજ્ઝાયમાં 'પાવઠુ' શબ્દનો અર્થ શો ? ગૌતમસ્વામીજીના છંદમાં 'હેલા' શબ્દ છે તેનો અર્થ શો ? અને સ્તુતિમાં 'કાઢતા કર્મ કીલા' એટલે શું ?

સ. પૂંઠ એટલે સહાય. સહાય આપનારો અનુયાયી હોય છે એટલે પાછલ ચાલનારો અને પાછલને પૂંઠ કહે છે એટલે પૂંઠ પૂરનાર એટલે સહાય આપનાર એવો મતલબ નીકલે છે. પાવઠુ એટલે મદદગાર, સહાય કરનાર, ટેકો આપનાર. જૂની ગુજરાતીમાં કહેવત છે કે 'દુકાળમાં સાવઠુ નહિ અને ગરીબને પાવઠુ નહિ'. હેલા એટલે શીઘ્ર. કાઢતા કર્મ કીલા એટલે કર્મના ખીલા કાઢનાર.

શં. કર્મ ચેતના, કર્મ ફલ ચેતના અને જ્ઞાન, દર્શન ચેતનાનું સ્વરૂપ શું ?

સ. જે શુભાશુભ વિચારોમાં શુભાશુભ કર્મનો ટેકો હોય તે કર્મ ચેતના. કર્મ જેવાં ફલ આપવાના હોય તેવી બુદ્ધિ પરિણમે અને તેવા ફળોને મેળવે તે કર્મ ફલ ચેતના. જ્ઞાન દર્શનરૂપી આત્માનો શુદ્ધ ઉપયોગ તે જ્ઞાન-દર્શનચેતના.

શં. વિસંયોજના અને નિષેકના સ્વરૂપ સંક્ષિપ્તમાં જણાવશો.

સ. કર્મનું વિસરણ-વિખેરવું એનું નામ વિસંયોજના, પરંતુ વિસંયોજના એવા રૂપે નહિ કે તે જડથી ચાલ્યું જાય. અન્યાન્ય કર્મોમાં તે પુદ્ગલોનું પેસી જવું એટલે તે કર્મો પાછા ઉખડી આવે અને મૂલરૂપે કાયમ થઇ જાય. નિષેક એટલે કર્મને ભોગવવાના વખતે સત્તામાં રહેલા કર્મોને એવી રચનામાં મૂકે કે તે કર્મ અનુક્રમે ઉદયમાં આવી શકે.

શં.—અભવ્ય કયા અનંતે છે ?

સ.—ચોથે અનંતે અભવ્ય છે.

શં.—સમ્યકત્વ ગુણસ્થાનકે અંતઃ કોડાકોડી સાગરોપમનો બંધ ઉત્કૃષ્ટ તો જઘન્ય કેટલો ?

સ.—પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શં.—અનંતાનુબંધી વિગેરે પ્રથમના ત્રણ કષાયો ( ક્રોધ, માન, માયા અને લોભ ) પ્રશસ્ત હોઈ શકે ?

સ.—પ્રશસ્ત હોઇ શકે છે.

શં.—ચઉફરસી પુદ્ગલો અગુરુલઘુ ગણાય ?

સ.—હા.

શં.—અનુજીવી અને પ્રતિજીવી ગુણો કોને કહેવાય ? અને તે કયા કયા ?

સ.—આત્મ ઉદ્ધારને અનુકૂળ જ્ઞાન, દર્શન અને ચારિત્ર આદિ ગુણોને અનુજીવી કહેવાય અને આત્માનું પતન કરનાર મિથ્યાત્વ, અજ્ઞાન અને અવ્રત આદિ પ્રતિજીવી કહેવાય.

શં.—અઠ્ઠાઈધર, કલ્પધર, તેલાધર, તે ધર શબ્દ કે ધુર શબ્દ સાચો છે ?

સ.—ધૂર શબ્દ ઠીક લાગે છે કારણ કે તે પ્રથમ વાચા છે અને અઠ્ઠાઇધૂર એટલે અઠ્ઠાઇનો પહેલો દિવસ, કલ્પધૂર એટલે કલ્પનો પ્રથમ દિવસ અને તેલાધૂર એટલે તેલાનો પ્રથમ દિવસ છતાંય ધૂરનું ધર જયારે અપભ્રંશ થયું હોય ત્યારે રૂઢ હોવાથી તે તે શબ્દો જ શીઘ્ર સમજમાં આવી શકે તેમજ પ્રચલિત હોવાથી તે શબ્દ વાપરવો વધારે ઠીક છે.

શં—દેવદૂષ્ય એટલે શું ?

સ.—દેવી વસ્ત્ર.

શં.—ક્ષાયિક સમ્યકત્વ ગુણમાં અગુરૂલઘુ પર્યાયોની વૃદ્ધિ હાનિ હોય છે ?

સ.—ક્ષાયિક સમકિત પોતે ગુણ છે અને પર્યાયો દ્રવ્યના હોય છે એટલે ક્ષાયિક સમકિતની અંદર આ પ્રશ્ન અસ્થાને છે, પણ ગુણ ગુણીનો અભેદ સંબંધ માનીને તેમાં પણ અગુરૂલઘુ પર્યાયની હાનિવૃદ્ધિ ઉપચારથી માને તો વાંધો નથી.

શં.–'સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર; ભવમંડપમાં રે નાટક નાચીયો, ત્રણ રતન મુજ આપ, હવે મુજ દાન દેવાડ-દેવરાવ' આનો અર્થ શો ?

સ.—હે સિદ્ધારથરાજાના પુત્ર મહાવીરસ્વામી ! મારી વિનંતીનો સ્વીકાર કરો. હું ભવરૂપી મંડપમાં નાટક નાચ્યો છું તો હવે મને જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નને આપો. તેમજ કેવલજ્ઞાનનું દાન અપાવો. જયારે નટો કોઇ રાજા મહારાજા પાસે નાચે છે ત્યારે તેઓ દાન માગે છે તેમ તીર્થંકર પ્રભુજીની પાસે ભવનાટક નાચીને કવિ દાન માગે છે.

શં.—નોકર્મ એટલે શું ?

સ.—કર્મથી થએલ વિકારને નોકર્મ કહેવામાં આવે છે. જેમ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ કર્મ છે તેમ ઓદારિક, વૈક્રિય અને આહારક શરીર આદિ નોકર્મ છે.

શં.—અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન મન (નોઈન્દ્રિય) મારફત થાય છે કે સ્વતંત્ર ? ઇન્દ્ર ઉપયોગ મૂકે તેમાં મનનો ઉપયોગ ( સાધનરૂપે ) ખરો કે નહિ ?

સ.—ઉપયોગી જ્ઞાન હોવાથી ઉપયોગમાં એકાગ્રતા જોઇએ આથી એમ સિદ્ધ થયું કે મનના સ્થિરીકરણથી અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન હોઇ શકે છે પણ મનથી તે જ્ઞાન થાય છે એમ માનીએ તો અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન અતીન્દ્રિય ન કહી શકાય માટે મનથી થાય છે એમ ન કહી શકાય.

શં.—રાજુલ શ્રી નેમનાથજીથી ઉમ્મરમાં મોટા હતા ?

સ.—વાંચવામાં આવ્યું નથી.

શં.—અગિયાર બ્રાહ્મણો કે જેઓ ગણધર થયા તેમનો યજ્ઞ હિંસામય કે ઘી વગેરેની આહુતિરૂપ ?

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ.—તે સમયે બન્ને પ્રકારના યજ્ઞો હતા એટલે એઓના શાસ્ત્રમાં કલિકાલમાં અશ્વાદિ વિષયક હિંસકયજ્ઞ વિશેષનો નિષેધ હોવાથી તે વખતે હિંસકયજ્ઞ હોય તેવો સંભવ છે, પણ તે યજ્ઞ હિંસક જ હતો તેવો નિર્ણય ઉલ્લેખ જોયા સિવાય કહી ન શકાય.

શં.—કેવલી સમુદ્દઘાત દીક્ષા લીધા પછી છ માસનું આયુષ્ય બાકી હોય તે જ કરે? (કર્મોની સમસ્થિતિ કરવા માટે.)

સ.—જેઓનું કેવલજ્ઞાન થયા પછી છ માસની અંદર નિર્વાણ થવાનું હોય તેઓમાં કેવલી સમુદ્દઘાત સંભવે છે. વધારે આયુષ્યવાલાઓમાં નહિ.

શં.—નવકારશીનું પચ્ચકખાણ કોઇ ન કરે તો મુઠ્ઠસહિયંનું પચ્ચકખાણ સૂર્યોદય વખતે થઇ શકે?

સ.—મુઠ્ઠસહિયંનું પચ્ચકખાણ દિવસ અને રાતના ચોવીશ કલાકોમાં જે ટાઇમે કરવા માંગે તે ટાઇમે કરી શકાય છે.

શં.—લબ્ધિ-શક્તિ તો ક્ષાયિક નવ લબ્ધિ સિદ્ધને સત્તારૂપે કે વિકાસરૂપે?

સ.—ક્ષાયિક નવ લબ્ધિ સિદ્ધોને શક્તિરૂપે પણ છે અને ઉપયોગ-વિકાસરૂપે પણ છે. એટલે સમજવું કે કર્મો સર્વથી જેમના ક્ષય થયા હોય તેમને શક્તિથી અને ઉપયોગ-વિકાસથી સદૈવ લબ્ધિથી જારી હોય છે પણ કર્મનો ઉદય હોય તે ઉદિતકર્મને ક્ષયોપશમથી કેળવે ત્યારે શક્તિમાં અને ઉપયોગમાં ફરક પડે અર્થાત્ શક્તિથી કર્મોના ક્ષયોપશમથી સદૈવ હોય અને ઉપયોગથી કયારેક કયારેક હોય.

શં.—દ્રૌપદી કયા દેવલોકમાં ગયા છે અને દેવ તરીકે તેમનું નામ શું છે?

સ.—પાંચમે સ્વર્ગમાં ગયા છે અને દેવ તરીકેનું નામ ચરિત્રમાં ઉપલબ્ધ નથી.

શં.—કલ્પસૂત્રમાં છાણમાંથી વીંછીની ઉત્પત્તિનું દૃષ્ટાન્ત (ગણધરવાદમાં) છે તો છાણ તો (અન્ય) પૌદ્ગલિક વસ્તુ છે પણ શ્રી ગણધરનો પ્રશ્ન તો મનુષ્યમાંથી જેમ મનુષ્યની ઉત્પત્તિ છે તેમ '**तज्जीव तच्छरीर**' તરીકે પૂછેલ છે એટલે જીવમાંથી જીવની ઉત્પત્તિ તરીકે પૂછેલ છે તો છાણમાંથી વીંછીનો ઉત્તર શી રીતે ઘટી શકે?

સ.—છાણનું દૃષ્ટાન્ત '**यो यादृशः स तादृशः**' આના માટે આપવામાં આવ્યું છે માટે એ બરાબર બંધબેસતું નથી.

શં.—શ્રી આનંદઘનજીના તેવીશમા શ્રી પાર્શ્વનાથ પ્રભુના સ્તવનમાં 'અગુરૂલઘુ નિજ ગુણોમાં દેખતાં, દ્રવ્ય સકલ દેખંત; સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલને દૃષ્ટાન્ત' આ ગાથાનો સ્ફુટ અર્થ જણાવશો.

સ.—પોતાના ગુણોમાં રહેલા અગુરૂલઘુ ગુણોને દેખતાં સકલ દ્રવ્યોને દેખે છે એનો અર્થ એ થયો કે કેવલજ્ઞાની ભગવાન પોતાના ગુણોને દેખી શકે છે. છદ્મસ્થ દેખી શકતો નથી અને એ જ નિજ ગુણોને દેખનાર જગતના સકલ પદાર્થોને દેખી શકે છે એટલે આ કેવલજ્ઞાનનું વર્ણન થયું અને તે વડે કેવલી શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ ગાઇ. સાધારણ ગુણ તે કહેવાય કે જે અનેકોમાં રહે અને તેની સાધર્મ્યતાનું દૃષ્ટાન્ત જલ અને દર્પણ છે અર્થાત્ જેમ દર્પણમાં મુખ આદિનું પ્રતિબિંબ દેખાય છે તેમ જલમાં પણ દેખી શકાય છે. એટલે પ્રતિબિંબનું પ્રદર્શન કરવાનો ગુણ ઉભયમાં છે તે સાધારણ ધર્મની સાધર્મ્યતા કહેવાય તેમ **પદાર્થોમાં અને નિજ ગુણોમાં કેવલજ્ઞાન સાધર્મ્ય છે.** આવો ભાવ આ ગાથાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

**પાલણપુરઃ**—આ. ભ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ સાહેબની તબીયત સુધારા પર આવતી જાય છે. અશક્તિ છે. પોષ શુદ સાતમે મહામહિનાની સંક્રાન્તી હોવાથી પંજાબ, દેહલી, આગરા, જયપુર, બીકાનેર, બ્યાવર વગેરેથી ભાઇઓ સારા પ્રમાણમાં પધાર્યા હતા. દેવ, ગુરૂ, સ્તુતિના ભજનો થયા બાદ આચાર્યશ્રીજીના જીવન વિષયનાં હિન્દી કાવ્યમાં રૂપચંદજી સુરાણાએ મધુર ભાષામાં ગાઇ સંભળાવ્યું.

પૂજ્ય આચાર્યશ્રીજીએ મહા મહિનાની સંક્રાન્તીનું નામ સંભળાવ્યું. વાસક્ષેપ લેઇ જયનાદોની સાથે બધા છૂટા પડ્યા. બારના મેલમાં મુંબઇથી ડૉ. પટેલ ઓપરેશન કર્યા પછી આ ચોથીવાર આચાર્યશ્રીજીની આંખ તપાસવા પધાર્યા. આંખ તપાસી જણાવ્યું કે હેમરેજ આદિ તો મટી ગયા છે. આંખમાં છારી આવી ગઈ છે, તેનું ઓપરેશન કરવું પડશે. ઓપરેશન થવાથી છારી દુર થાશે અને જ્યોતિ આવ અને બધું દેખાશે સો કોઇ ઈચ્છિ રહ્યું છે કે શાસનદેવની કૃપાથી આચાર્યશ્રીજીની આંખમાં જ્યોતિ પ્રગટે અને ચિરાયુ થઇ શાસન પતાકા ફરકાવતા રહે ઓપરેશ પછી આચાર્યશ્રીજી વિહાર કરી પાલીતાણા પધારવાની ભાવના રાખે છે.

---

# ગ્રંથસ્વીકાર.

નીચેના પુસ્તકો અમોને મળ્યા છે, જે માટે આભાર માનવામાં આવે છે.

(૧) **શ્રી આદર્શ સજ્ઝાયમાળા-રચયિતા-** પ. પૂ. મુનિરાજ શ્રી **યશોભદ્રવિજયજી મહારાજ.**

( ૨ ) **महान् आचार्य आर्यकालकः** લે. जयभिक्खु.

( ૩ ) **પંડિત શ્રી વીરવિજયજી**કૃત સ્નાત્ર **પૂજા તથા અષ્ટ પ્રકારી પૂજા.**

( ૪ ) **अर्हत्तिथिभास्करः** सम्पादक–विद्वत्-समिति–**काशी.**

( ૫ ) Vedic gods. V. Rudra Kali By Hiralal Amritlal shah B. A.

( ૬ ) **વિજય પ્રસ્થાન**. ઈંદ્રિય પરાજયશતક ગ્રન્થનો અનુવાદ અને તે ઉપર વિવેચન તથા શ્રી શ્રાદ્ધવિધિ, વૈરાગ્ય શતક અને સંબોધ સિત્તરિ ગ્રન્થોનો અનુવાદ. અનુવાદક અને વિવેચકઃ શ્રી નરોત્તમદાસ અમુલખભાઇ કપાશી. એલ. એલ. બી. એડવોકેટ.

( ૭ ) ચતુર્વિંશતી જિનસ્તુતિ તથા વિવિધ કાવ્ય સ્તવનાદિ રચનાર વાચનાચાર્ય શ્રીમદ્ વિજયમાણિક્યસિંહસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક શેઠ બાબુભાઈ મણિલાલ.

( ૮-૧૭ ) મુન્શી મોતીલાલ રાંકા. બ્યાવર તરફથી નીચેનાં પુસ્તકો મળ્યા છે.

भूल–सुधार, गौरवशाली जैन धर्म, हम वैभवशाली प्रभावशाली कैसे बने ? गौरवशील साधु, जैनधर्म, आत्म-नियन्त्रण, पापो का पछतावा, पवित्रता के पथ–पर, सतीत्व परीक्षा.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ॥ श्रेयस्कर विघ्नहर श्री शंखेश्वर पार्श्वनाथ जिनेन्द्राय नमः ॥

॥ श्री आचार्यदेव श्रीमद् विजयानंदसूरीश्वरजी पादपद्मेभ्यो नमः ॥

# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો

પ૪મા વર્ષનો—

# રિપોર્ટ.

( સંવત ૨૦૦૬નાં કારતક સુદી ૧ થી આસો વદિ ૩૦ સુધી. )

## મુખ્ય સેક્રેટરીનું નિવેદન!

**માન્યવર પ્રમુખશ્રી અને પ્રિય સભાસદ બંધુઓ !**

**શ્રી** દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રિરત્નોની દિવસાનુદિવસ ભક્તિ કરતાં તેમની કૃપાથી પ્રગતિશીલ થતી જતી, પ્રતિષ્ઠા અને ગૌરવ પામતી આ સભાનો પ૪મા વર્ષનો રિપોર્ટ (આવક-જાવક, સરવૈયું) વિગેરે સર્વ કાર્યવાહી પ્રમાણિકપણે આપની સમક્ષ રજુ કરતાં અમોને હર્ષ થાય છે અને સર્વ સભાસદો અને જૈન સમાજના અન્ય બંધુઓ વાંચતા, વિચારતાં આનંદ પામે અને આપણા કાર્યવાહકોની આત્મકલ્યાણ માટેની આ પ્રવૃત્તિમાં જોડાય, આ સભાના સભ્યોના ઘણા વર્ષોના અનુભવે ચલાવવામાં આવતી આ સભાવડે દેવ, ગુરૂ, જ્ઞાનભક્તિમાંથી તેમજ વહિવટમાંથી સારૂં લાગે તે, તેમજ અનુકરણ કરવા જેવું હોય તેનું અનુકરણ કરે, અને તેમ કરતાં કોઇપણ સંસ્થાઓ દીર્ઘાયુ થઇ પોતાની સંસ્થાની પ્રગતિ, ગૌરવ અને પ્રતિષ્ઠામાં વધારો કરી ત્રિરત્નોની વિશેષ-વિશેષ ભક્તિ કરી આત્મકલ્યાણ સાધે તો જ અમારી આ ગુરૂભક્તિ માટેનો હેતુ સફળ થયો માનીશું.

એક પછી બીજા વર્ષે વિશેષ અનુભવ થાય, ભક્તિના કાર્યોની વૃદ્ધિ થાય, જ્ઞાન (સાહિત્યનો) ઉદ્ધાર અને ભક્તિ વધે (નવીન નવીન સાહિત્યનું પ્રકાશન થતાં) નવું નવું વાંચવા જાણવાનું સર્વ કોઇને મળે તે સર્વ માટે રિપોર્ટનું પ્રકાશન જરૂરી છે.

**સભાસદ બન્ધુઓ !**

આગલા વર્ષોના કાર્યવાહી તે તે વર્ષના રિપોર્ટદ્વારા આપ જેમ જાણી શકયા છો, તેમ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષની વહીવટ સંબંધી સર્વ કાર્યવાહી (હકીકત) આવતા વર્ષના બજેટ સાથે આજે પ્રમાણિકપણે આપની પાસે રજુ કરીયે છીયે, જેથી તેમાં કાંઇ સુધારો વધારો કરવાની જરૂર જણાય, આવતા વર્ષ માટે ભક્તિ, સેવા, આત્મકલ્યાણ કરતાં સભાની વિશેષ પ્રગતિ, પ્રતિષ્ઠા, ગૌરવ વધે અને નવીન કાર્યો જે જે શરૂ કરવા જેવા આપને જણાય તે સુચવશો તે તે આપ સર્વ બંધુઓના સહકાર વડે સભા જરૂર હાથ ધરશે.

અમો મુખ્ય કાર્યવાહકોથી સભાની ઉપરોક્ત રીતે સેવા કરતાં કંઇ આપનું મન દુઃખાવ્યું હોય, આપને અસંતોષ ઉપજે તેવું કંઈ થયું હોય, અમારી કાંઈ ભૂલ જોવામાં આવી હોય તે માટે અમો ક્ષમા ચાહીએ છીયે અને જે સુધારણા કરવા જેવું જણાય તે સૂચવશો તેથી આપણે સાથે મળી તે પણ જરૂર કરીશું, જેથી અરસ પરસના સહકારવડે આપણા સર્વમાં ધર્મસ્નેહની વૃદ્ધિ થશે.

જૈન સમાજની આ સંસ્થા હોવાથી અન્ય કોઇ પણ જૈન બંધુ આ રિપોર્ટ વાંચી કંઇ સૂચના કરે, સુધારો વધારો કરવા સૂચવે તો સભા જરૂર તેને પણ વધાવી લઇ યોગ્ય કરશે, એમ અમે ખાત્રીપૂર્વક વાચકને જણાવવા રજા લઇએ છીયે.

આ સભાની દિન પ્રતિદિન દરેક શુભ પ્રવૃત્તિઓ પ્રતિષ્ટા સાથે વૃદ્ધિ પામતી જાય છે, તેનું મુખ્ય કારણ પ્રથમ ગુરૂ કૃપા છે. કાર્યવાહકોનો આત્મકલ્યાણ માટેનો જ આ પુરૂષાર્થ હોવાથી કાર્યવાહકો પોતાની જવાબદારી બરાબર સમજી, ધર્મની મર્યાદામાં રહી પૂજ્ય પરમાત્માની આજ્ઞા હૃદયમાં ધારણ કરી વહીવટ કરે છે અને દરવર્ષે રિપોર્ટદ્વારા સર્વ કાર્યવાહી સમાજ પાસે મૂકે છે.

કાર્યવાહકો અને સભાસદોનું અરસપરસ સંગઠન છે, પ્રેમ અને સહકાર છે; કાર્યવાહકો પણ નિઃસ્વાર્થવૃત્તિએ બરાબર સાધ્યદૃષ્ટિ રાખી સર્વ કાર્યવાહી ચલાવે છે, દરવર્ષે રિપોર્ટદ્વારા પ્રગટ કરે છે જે કોઇ પણ સંસ્થા માટે આ જરૂરી બાબત છે. ઘણાં કાર્યોમાં પૂજ્ય ગુરૂદેવોની આજ્ઞા, સૂચના, સલાહ મુજબ પણ કરવામાં આવે છે, લોકોપવાદનો વિચાર પણ કરવામાં આવે છે, તેમજ સભાના લેવડ-દેવડમાં, તેમજ મકાનો સંબધી ભાડા વગેરેમાં, લોકોની સાથેના વ્યવહારમાં સભાના લાભ કે લોભની ખાતર કપટ કે છેતરામણ, કાળાબજાર કે પાઘડી લેવા વગેરે જેવા રાજ્યના કાયદા વિરૂદ્ધનું કોઇ પણ કૃત્ય કરવામાં આવતું નથી, વગેરે કારણોથી જ આ સભાનું ગૌરવ, પ્રતિષ્ટા વધતાં દિવસાનુદિવસ દરેક કાર્યમાં ઉન્નતિ થતી જાય છે. આ અમારી પ્રશંસા નહિં પરંતુ અમારો ખાસ અનુભવ જણાવ્યો છે જેથી જૈન સમાજની કોઇ પણ સંસ્થા આત્મકલ્યાણ માટે જ દેવ-ગુરૂ-જ્ઞાન ભક્તિ કરે અને આ સભાની જેમ ઉચ્ચ પ્રવૃત્તિશીલ બને એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

---

**સ્થાપના**—આ સભાની સ્થાપના સં. ૧૯૫૨ના બીજા જેઠ સુદ ૨ ના રોજ પ્રાતઃસ્મરણીય **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** (શ્રી આત્મારામજી) મહારાજના (સ્મરણ) ગુરુભક્તિ નિમિત્તે, તેઓશ્રી પૂજ્ય ગુરુદેવના સ્વર્ગવાસ પછી પચીશમે દિવસે મંગળમુહૂર્તમાં થયેલી છે, જેને આજે ૫૪ વર્ષ પૂરા થયા છે અને ૫૫ મું વર્ષ ચાલે છે.

---

૧ **ઉદ્દેશ**—જૈન બંધુઓ અને બ્હેનો ધર્મ સંબંધી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, બંને પ્રકારની કેળવણીની વૃદ્ધિ માટે સ્કોલરશીપ વગેરેથી યથાશક્તિ સહાય કરવા, પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજો કૃત મૂળ-પ્રાકૃત-સંસ્કૃત ઉચ્ચ કક્ષાના વિવિધ સાહિત્યના પ્રકાશનો અને ઇતિહાસ, જીવન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચરિત્ર અને કથા સાહિત્યના મૂળ અને સુંદર સચિત્ર શુદ્ધ અને સરલ અનુવાદો ગુજરાતી ભાષામાં પ્રકટ કરી, બ્હોળો પ્રચાર અને બને તેટલી ઉદારતાથી ભેટ આપવા, તેમજ જૈન સસ્તા સાહિત્યનું પ્રકાશન કરી ભેટ કે અલ્પ કિંમતે આપી, જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો અને તત્ત્વોને ભારતવર્ષમાં બ્હોળો પ્રચાર કરવા, તેમજ વિવિધ સાહિત્યની હસ્તલિખિત પ્રતો અને ઉપયોગી પ્રકાશનોનો સંગ્રહ કરી એક જ્ઞાનમંદિર કરી જ્ઞાનભક્તિ કરવા, ફ્રી લાઇબ્રેરી ( પુસ્તકાલય ) વડે મફત વાંચન પૂરું પાડવા, દરવર્ષે જરૂરીયાતવાળા જૈન બંધુઓને રાહત આપવા અને પુણ્ય પ્રભાવક, દાનવીર વગેરે જૈન બંધુઓનો યોગ્ય સત્કાર કરવા અને સાથે જ દેવગુરુતીર્થની પૂજા, યાત્રા, ભક્તિ કરી આત્મકલ્યાણ કરવાનો છે.

## બંધારણ.

(૧) પેટ્રન સાહેબો, (૨-૩) પહેલા બીજા વર્ગના લાઇફ મેમ્બરો અને (૪) વાર્ષિક સભાસદો મળી ચાર પ્રકારે છે. અને એક જ વખત રૂા. ૫૦૧) લવાજમ આપવાથી પેટ્રન સાહેબ, રૂા. ૧૦૧) આપવાથી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર, રૂા. ૫૧) આપવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બર અને દર વર્ષે રૂા. ૫) આપવાથી વાર્ષિક સભાસદના પદે નિયુક્ત કરવામાં આવે છે.

આ વર્ષ આખર સુધીમાં કુલ ૬૯૩) માનવંતા સભાસદો છે.

## સં. ૨૦૦૬ ની સાલ સુધીમાં થયેલા ૫૪ પેટ્રન સાહેબોની નામાવલી.

૧ શેઠ સાહેબ ચંદુભાઇ સારાભાઇ મોદી. બી. એ.
૨ રાવસાહેબ શેઠ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી.
૩ શેઠ સાહેબ માણેકચંદ જેચંદભાઈ
૪ ,, રતિલાલ વાડીલાલ
૫ ,, માણેકલાલ ચુનીલાલ જે. પી.
૬ ,, કાન્તિલાલ બકોરદાસ
૭ રાવબહાદુર શેઠ નાનજીભાઈ લધાભાઈ
૮ શેઠ સાહેબ ભોગીલાલભાઇ મગનલાલ
૯ ,, રતિલાલ વર્ધમાન
૧૦ ,, પદમશીભાઈ પ્રેમજી
૧૧ ,, રમણીકભાઈ ભોગીલાલ
૧૨ ,, મોહનલાલ તારાચંદ જે. પી.
૧૩ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૪ ,, ચંદુલાલ ટી. શાહ જે. પી.
૧૫ ,, રમણિકલાલ નાનચંદ
૧૬ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૧૭ ,, દલીચંદ પુરૂષોત્તમદાસ
૧૮ ,, વોરા ખાંતિલાલ અમરચંદભાઇ
૧૯ રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી
૨૦ ,, શ્રી અમૃતલાલ કાલીદાસ
૨૧ શેઠ સાહેબ ખુશાલદાસ ખેંગારભાઈ
૨૨ ,, શ્રી કાન્તિલાલ જેશીંગભાઇ
૨૩ ,, શ્રી બબલદાસ કેશવલાલ મોદી
૨૪ ,, શ્રી ચંદ્રકાન્તભાઇ ઉજમશી
૨૫ ,, શ્રી પુંજાભાઇ દીપચંદ
૨૬ ,, શ્રી લક્ષ્મીચંદ દુર્લભદાસ
૨૭ ,, શ્રી કેશવલાલ લલ્લુભાઇ
૨૮ શાહ ઓધવજી ધનજીભાઇ સોલીસીટર
૨૯ શેઠ મણિલાલ વનમાળીદાસ બી. એ.
૩૦ શેઠ સાહેબ સારાભાઇ હઠીસીંગ
૩૧ ,, રમણલાલ દલસુખભાઇ
૩૨ ,, જમનાદાસ મોનજીભાઇ ઝવેરી
૩૩ ,, વીરચંદ પાનાચંદ
૩૪ ,, હીરાલાલ અમૃતલાલ B. A.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૫ મહેતા ગિરધરલાલ હીરાચંદ કમળેજવાળા
૩૬ શેઠ સાહેબ પરમાણંદદાસ નરશીદાસ
૩૭ ,, લવજીભાઇ રાયચંદ
૩૮ ,, પાનાચંદ લલ્લુભાઇ
૩૯ શેઠ સાહેબ કસ્તુરભાઇ લાલભાઇ
૪૦ શેઠ પરશોતમદાસ મનસુખલાલ ગાંધી તારવાળા
૪૧ મહેતા મનસુખલાલ દીપચંદ કમળેજવાળા
૪૨ શેઠ છોટાલાલ મગનલાલ
૪૩ ,, માણેકચંદ પોપટલાલ થાનગઢવાળા
૪૪ ,, નગીનદાસ કરમચંદ
૪૫ ડૉકટર સાહેબ વલ્લભદાસ નેણશીભાઇ મહેતા
૪૬ શેઠ સાહેબ સકરચંદ મોતીલાલ મુળજી
૪૭ ,, પ્રાગજીભાઇ ઝવેરચંદ
૪૮ ,, ખીમચંદ લલ્લુભાઇ
૪૯ ,, પુરૂષોત્તમદાસ સુરચંદ
૫૦ ,, કેશવજીભાઇ નેમચંદ
૫૧ ,, હાથીભાઇ ગલાલચંદ
૫૨ ,, અમૃતલાલ ફુલચંદ
૫૩ ,, પોપટલાલભાઇ કેવળદાસ
૫૪ ,, ભગુભાઇ ચુનીલાલ સુતરીયા.

આ વર્ષની આખર સુધીમાં ૫૪ પેટ્રનો, ૫૦૧ પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો, ૧૧૬ બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૬ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, (ત્રીજો વર્ગ કમી થયેલ છે) અને ૧૬ વાર્ષિક સભ્યો મળી કુલ ૬૯૩ સભાસદો છે. તે પછી, નવા સભાસદો દાખલ થયેલા છે તેઓના નામો આવતા વર્ષના રિપોર્ટમાં જણાવવામાં આવશે. (નવા થનારા સભાસદ બંધુઓના નામો તે તે વખતે શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં દર મહિને આપવામાં આવે છે તે આપ સર્વને સુવિદિત છે).

વળી નવા નવા પુણ્યપ્રભાવક, દાનવીર, શ્રીમંત જૈન બંધુઓ આ સભાનું પેટ્રનપદ સ્વીકારી પોતાનો આનંદ વ્યકત કરે છે, તેમજ તે રીતે નવા નવા લાઇફ મેમ્બરોની પણ દર માસે વૃદ્ધિ થતી જાય છે. અત્રે સિવાય બહાર ગામના શ્રીસંઘો, સંસ્થાઓ, બોર્ડીંગો, લાઇબ્રેરીઓ, જ્ઞાનભંડારો વગેરેની સભ્યો તરીકેની પણ સાથે વૃદ્ધિ થતી જાય છે.

જૈન બ્હેનો પણ આ સભામાં સભાસદ થઇ શકે તેવો પ્રબંધ પ્રથમથી જ કરેલો હોવાથી જૈન બ્હેનો પણ સભ્યો થયેલ છે, થાય છે; પરંતુ વિશેષ ખુશી થવા જેવું તો એ છે કે કેટલી બ્હેનોએ વગર લખે અને માગણી કરે તેમજ કોઇ કોઇ ગ્રેજ્યુએટ બ્હેનો પણ આ સભામાં સભાસદ થયેલ છે તે પણ સભાનો ગૌરવનો વિષય છે.

આ વર્ષે પણ આ સભાના પેટ્રનસાહેબો અને લાઇફ મેમ્બરોની વૃદ્ધિ થઇ છે. મુંબઇ, કલકત્તા, મદ્રાસ, બેંગલોર, ગુજરાત સૌરાષ્ટ્ર અનેક સ્થળોના જૈનસંઘના આગેવાન બંધુઓ, ઉદ્યોગપતિઓ આગેવાનો, જૈનનરરત્નો, શ્રાવક કુલભૂષણો, પરમશ્રદ્ધાળુ પુણ્યપ્રભાવક પુરુષો પણ સભાસદ સદૈવ થતા જાય છે, તેનું કારણ તે સભાની પ્રમાણિક સંપૂર્ણ કાર્યવાહી રિપોર્ટદ્વારા દર વર્ષે પ્રકાશન કરવામાં આવે છે તે પણ છે.

---

**શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળા**—જેમાં અનુવાદ–ગુજરાતી ભાષાંતરોના છપાતાં સુંદર સચિત્ર કથા, જીવનચરિત્રો, ઐતિહાસિક સાહિત્યના ગ્રંથો, મહાન પુરુષોના ચરિત્રો, આદર્શ સ્ત્રીઓના જીવનચરિત્રો અન્ય કથાઓ વગેરે દરેક પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને બ્હોળા પ્રમાણમાં ધારા પ્રમાણે ભેટ આપવામાં આવે છે અપાય છે જે નીચેની હકીકત વાંચવાથી જાણવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સં. ૨૦૦૨ ની સાલથી સં. ૨૦૦૬ ની આખર સાલ સુધીમાં રૂા. ૧૮૧૨૩)ની કિંમતના ઉપરોક્ત ગ્રંથો સભાસદોને ભેટ આપવામાં આવેલા છે. સં. ૨૦૦૭ ( આ સાલમાં આપવાના બે ગ્રંથો શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર અને જૈન કથારત્નકોષ પ્રથમ ભાગ કિંમત રૂા. ૧૫) મોંઘવારીને અંગે શુમારે થશે ) તેની જાહેર ખબર આત્માનંદ પ્રકાશમાં અપાઇ ગયેલ છે અને સં. ૨૦૦૨ની સાલ પહેલાની સાલમાં ભેટના આપેલા ગ્રંથોની હજારોની કિંમત તે તો જુદી જ છે. આ અનુવાદો વગેરેમાંથી પણ પૂજ્ય સાધુ, સાધ્વી મહારાજ અન્ય વિદ્વાનોને પણ આપેલા ભેટના ગ્રંથોની સંખ્યા અને તેની કિંમત પણ જુદી છે.

દરેક વર્ષોમાં આવી ઉદાર રીતે અસાધારણ પ્રમાણમાં કોઇપણ જૈન સંસ્થા પોતાના સભાસદો અને અન્યને ભેટનો લાભ આપી શકતી નથી. અપાતાં સુંદર ભેટના પુસ્તકોના પઠન–પાઠનથી જેમ આત્મકલ્યાણ સધાય છે, તેમ સભાસદ બંધુઓને વ્યવહાર અને વ્યાપારિક દષ્ટિએ પણ ઘણો મ્હોટો સુંદર લાભ મળે છે. તે પણ બુદ્ધિમાનો સમજી શકે તેવું છે. તેવા જ તે રીતે પણ દરમાસે નવા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોની વૃદ્ધિ થતી જાય છે. પરંતુ માત્ર તેના લવાજમ (ફી) લઇ નામ પ્રકટ કરવા પૂરતું જ માન આપવામાં આવતું નથી, પરંતુ મ્હોટી રકમની કિંમતના ગ્રંથોનો ભેટનો લાભ સાથે જ અપાય છે. સભાસદોને ભેટના ગ્રંથોનો લાભ ઘણા વર્ષોથી શરૂ રાખ્યો છે, અને દરેક વર્ષે નવા ગ્રંથો ભેટ આપવામાં આવે છે. અને હજી સુધી કોઈ વર્ષ ખાલી ગયું પણ નથી; જેથી કોઇપણ જૈન બંધુ કે બ્હેનોએ આ સભાના માનવંતા સભાસદોનું પદ સ્વીકારી દર વર્ષે અપાતાં સુંદર ભેટના ગ્રંથોનો અને ઉદ્દેશમાં જણાવ્યા પ્રમાણે દેવ, ગુરૂ, જ્ઞાનભક્તિ અને તીર્થયાત્રા વગેરેનો લાભ માનવંતા સભાસદ થઇ વેલાસર લેવા જેવું છે. ઘણા વર્ષો પૂર્વે થયેલા માનવંતા પેટ્રન અને લાઇફ મેમ્બરો એક નાની સરખી લાઇબ્રેરી કરી શકયા છે. તેથી નવા સભાસદ થનાર બંધુ બ્હેનોને આત્મકલ્યાણ સાથે ભેટના અપૂર્વ ગ્રંથોનો લાભ લેવા જેવું છે.

---

## ૨. સંપૂર્ણ સલામતીવાળી સભાની આર્થિક સ્થિતિ.

આ સભા પાસે જે નાણાનું ભંડોળ છે તે મ્હોટા ભાગે સમાજ પાસેથી આવેલું હોઇ, કાર્યવાહકો તો એના વહીવટી પ્રતિનિધિઓ હોવાથી જવાબદારી પણ છે, તેથી તેના ઉદ્દેશ પ્રમાણે અને આપનારની ઇચ્છા પ્રમાણે શાસ્ત્રની મર્યાદામાં રહી આપલે કરવામાં શાસ્ત્રીયદોષ ન લાગે તે રીતે વહીવટ અને વ્યવસ્થા કરવામાં આવે છે અને કોઇ ક્ષેત્રો કે ખાતાઓને ક્ષતિ ન પહોંચે તે રીતે નિર્દોષ રીતે તેનો સદુપયોગ થાય છે અને સમાજનો વિશેષ વિશ્વાસ ઉત્પન્ન કરવા, તેને ટકાવી રાખવા અને તેના સંરક્ષણાર્થે અને ભવિષ્યમાં પણ ન જોખમાય, ઓછું ન થાય કે ન ગેરઉપયોગ થાય માટે આ સભાના નાણાં અત્યારસુધી સદ્ધર જામીનગીરીમાં ( બેંકોમાં ) રાખવામાં આવતા હતા, પરંતુ કાળપરિવર્તન અત્યારે એટલું બધું થયેલું છે કે ત્યાં કે બીજે સ્થળે સલામતીવાળી સ્થિતિ કાર્યવાહકોને નહિં લાગવાથી, ચાલતા વર્તમાનકાળનો વિચાર કરી સભાની આર્થિક બાબતનું ભવિષ્યનું રક્ષણ અને સંપૂર્ણ સલામતી માટે હાલ સભાની માલિકીના જેમ ત્રણ મકાનો ખરીદેલા છે જેની કિંમત પાછળ આપવામાં આવેલી છે તે સિવાય જરૂર પડતી થોડી રકમ સદ્ધર બેન્કમાં રહે છે અને ભવિષ્યમાં જેમ જેમ આર્થિક સ્થિતિ વધતી જશે તેમ તેમ અને ત્યાંસુધી સ્થાવર મિલ્કતમાં અને સંરક્ષણવાળી જામીનગીરીમાં જ સભાના નાણાં રોકવામાં આવશે કોઇપણ જાહેર સંસ્થાએ સમાજ પાસેથી કોઇપણ રીતે લીધેલ નાણાંનો શું વ્યય કર્યો ? તેવા નાણા કઇ અને કેવી સલામતીવાળી સ્થિતિમાં રોકેલ છે અને કેટલા નાણા સિલિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તે સ્પષ્ટ દર વર્ષે રિપોર્ટ પ્રગટ કરી તેમાં જણાવવું જોઈએ-બતાવવું જ જોઈએ, તો જ કોઈપણ સંસ્થાના વહીવટનું પ્રમાણિકપણું જાણી સમાજ વિશ્વાસ ધરાવી શકે છે.

---

## ૩. અમારી પાસે જુદા જુદા પાંચ પ્રકારના સાહિત્યોદ્ધાર જ્ઞાનભક્તિના ખાતા છે.

**૧. આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા, ૧ પ્રાકૃત-સંસ્કૃત વગેરે મૂળ-ટીકા વિવિધ સાહિત્ય પ્રકાશન,** પ્રચાર અને ઉદારતાપૂર્વકનું ભેટખાતું. જે ચાલે છે, તેમાં પૂજ્ય પૂર્વાચાર્યો મહારાજકૃત આગમો, તત્ત્વજ્ઞાન, ગણિત, કર્મવિષયક, નાટક, કાવ્યો જે મૂળ પ્રાકૃત-સંસ્કૃત ભાષામાં છપાય છે તે "શ્રી આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા" નામથી પ્રસિદ્ધ થાય છે.

આ સભાનું સ્થાન થયા પછી અને કેટલીક સ્થિતિ સ્થાપકતા થયા પછી સભાના મૂળભૂત ઉદ્દેશ પ્રમાણે ગુરૂદેવના પરિવાર મંડલની આજ્ઞા, કૃપા, વિદ્વતા, સહકાર અને જ્ઞાનવડે આજથી સાડત્રીશ વર્ષ પૂર્વે જ્ઞાનભક્તિ અને સાહિત્ય ઉદ્ધારનું આ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે, તેમાં છપાતાં ગ્રંથોનું પ્રકાશન બ્હોળો પ્રચાર અને ઉદારતાપૂર્વકનું ભેટખાતું ચાલુ છે અને ચાલુ રહેશે. આ ખાતામાંથી પ્રકાશન થતાં અમૂલ્ય ગ્રંથરત્નો જે અત્યાર સુધીમાં કુલ ૯૧ ) ની સંખ્યામાં પ્રકટ થયેલા છે તે આપ જાણીને ખુશી થશો કે ( તેમજ પાછળ જણાવેલ અનુવાદના ગ્રંથો સિવાયના ) તે પૂજ્ય સાધુ-સાધ્વી મહારાજા, શ્રી જૈન જ્ઞાનભંડારો, જૈન વિદ્વાનો, લાઈબ્રેરીઓ વગેરે આ સાલની આખર સુધીમાં રૂા. ૩૨૧૯૨)ના ભેટ આપેલા છે, જે કોઈપણ સંસ્થા તેવી રીતે ભેટ આપી શકી હોય તે પણ અમારા જાણવામાં નથી જેથી જ્ઞાનભક્તિ, ઉદ્ધાર સાથે પઠન-પાઠન માટે ઉપયોગી હોઈને તે જાણી આપણે સર્વને આનંદ થાય તે સ્વાભાવિક છે; તે પ્રકાશન, પ્રચાર, બ્હોળા પ્રમાણમાં ભેટ વગેરે ચાલુ જ રહે તેમ સભા હૃદયપૂર્વક ઇચ્છે છે. સમાજના સહકાર અને સહાય ઉપર જ સર્વ આધાર છે.

**૧ છપાતાં ગ્રંથો**—શ્રી **બૃહત્કલ્પ છેલ્લો છઠ્ઠો ભાગ**—જેની પ્રસ્તાવના બાઈડીંગ બાકી છે તે થોડા વખતમાં તૈયાર થતાં પ્રસિદ્ધ થશે.

**૨ શ્રી દ્વાદશારનયચક્રસાર ગ્રંથ**-(મૂળ)—જે જૈનદર્શનનો ન્યાયસાહિત્યનો મહામુલો ગ્રંથરત્ન છે જે પરમ કૃપાળુ મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજ તથા કૃપાળુ **શ્રી જમ્બૂવિજયજી** મહારાજે ઘણા જ પરિશ્રમવડે તૈયાર કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેનો જવાબ ભાવિ આપશે. તે ગ્રંથ શ્રી મુંબઈ નિર્ણયસાગર પ્રેસમાં ઊંચા ટકાઉ કાગળો ઉપર શાસ્ત્રી ટાઈપથી છાપવા આપ્યો છે, જે ઘણો જ મ્હોટો હોવાથી પ્રથમ ભાગ જલદીથી પ્રગટ થશે. ( છાપકામ શરૂ છે. આ ગ્રંથ પ્રગટ થતાં અન્ય જૈનદર્શનકારો, દર્શનશાસ્ત્રના અભ્યાસીઓ જૈનેતર વિદ્વાનો પ્રશંસા કરશે. )

**૨ શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સીરિઝનો** આઠમો ગ્રંથ-**શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**—બીજો ભાગ જેનું પ્રકાશન થઈ ગયેલ છે જેની જાહેરખબર "આત્માનંદ પ્રકાશ"માં છપાઈ ગયેલ છે. બાકીના પર્વોની યોજના વિચારાય છે.

**૩ પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળા**—હાલ પ્રકાશન ખાતું બંધ છે. ઉપરના ત્રણ પ્રકાશન ખાતાઓનો સભા માત્ર વહીવટ કરે છે અને ગુરૂ આજ્ઞા પ્રમાણે નવા નવા પ્રકાશનો પ્રગટ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ **શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા**—આ પ્રકાશન ખાતું સભાની માલીકીનું છે. જે જૈન બંધુઓના નામથી સિરિઝ (ગ્રંથમાળા) તરીક, તેમજ પોતાના તરફથી મૂળ ગ્રંથોના અનુવાદો, ગુજરાતી ભાષાંતરો વગેરે જૈન ઐતિહાસિક, કથા, જીવન ચરિત્રો અને તત્ત્વજ્ઞાન વગેરે સાહિત્યના પૂર્વાચાર્ય મહારાજની કૃતિના ગ્રથો જેમાં તીર્થંકર ભગવંતો, સત્ત્વશાળી નરરત્નો, આદર્શ જૈન સ્ત્રી-રત્નો અને સતી ચરિત્રો વગેરે વિષયોના ગ્રંથોનું ગુજરાતીમાં અનુવાદ કરાવી સચિત્ર સુંદર રીતે આ વર્ષની આખર સુધીમાં ૮૮) ગ્રંથો આ સભા તરફથી પ્રકટ થયેલા છે. ધારા પ્રમાણે પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરો (પૂજ્ય સાધુ સાધ્વી મહારાજો, જૈનેતર વિદ્વાનો વગેરેને) બ્હોળા પ્રમાણમાં ભેટ આપેલા છે. અમારા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ઘણી મ્હોટી સંખ્યા અને કિંમતના અત્યાર સુધીમાં એ સર્વ ગ્રંથો ભેટ આપ્યા છે તેની હકીકત આ રિપોર્ટ પાને ૫ મે આપેલ છે. તે વાંચવા નમ્ર સૂચના છે.

અમારા ગુજરાતી ભાષાંતરના અનુવાદોના પ્રકાશન ગ્રંથો માટે પૂજ્ય મુનિરાજાઓ, સભાસદ બંધુઓ, જૈનેતર વિદ્વાનોના સુંદર અભિપ્રાયો તેમજ પત્રકારોના તંત્રીઓની સમાલોચના અને અભિપ્રાયો મળ્યા કરે છે, તેની નોંધ તે જ વખતે આત્માનંદ પ્રકાશમાં પ્રકટ થાય છે તેથી જ્ઞાનભક્તિ સાથે, સભાની પ્રતિષ્ઠા, ગૌરવની વૃદ્ધિ થતી જાય છે. જૈનબંધુઓ અને બ્હેનો હોંશે હોંશે વાંચે છે અને પેટ્રન સાહેબો તથા માનવંતા સભાસદો નવા થતાં અમારામાં ઉત્સાહમાં અને સભાની પ્રગતિમાં વૃદ્ધિ થતાં પ્રતિષ્ઠાગૌરવ પણ વધતું જાય છે અને દેવ, ગુરુ, જ્ઞાનની ભક્તિ કરી આત્મકલ્યાણ સધાય છે.

**છપાતાં નવા ગ્રંથો**—શ્રી **શ્રેયાંસનાથ** ચરિત્ર(સચિત્ર), શ્રી **કથારત્નકોષ પ્રથમ ભાગ છપાય છે.** શ્રી **સુમતિનાથ** ચરિત્ર, શ્રી **કથારત્નકોષ બીજો** ભાગ યોજનામાં છે, નવા ગ્રંથો તૈયાર કરવાની જે વિચારણા ચાલે છે જે સર્વ આત્માનંદ પ્રકાશમાં આપવામાં આવે છે.

જૈન સમાજમાં વિદ્વાન્, સાક્ષરોત્તમ અને સાહિત્યકાર તરીકે પ્રશંસાપાત્ર થયેલા આપણા ગુરુદેવ **શ્રીમાન પુણ્યવિજયજી મહારાજ** કે જેમની અપૂર્વ કૃપા આ સભા ઉપર હોવાથી સભાના મૂલ પ્રાકૃત, સંસ્કૃત, ગ્રંથોનું સાહિત્ય જે સભા તરફથી પ્રકાશન થાય છે, તેમાં સંશોધન કાર્ય એટલું બધું સત્ય અને સુંદર કરી સભાને સુપ્રત કરે છે કે જેથી આ સભા તેઓશ્રીની આભારી હોવા સાથે જૈન સમાજ ઉપર પણ તે પ્રકાશન થતાં જેવો તેવો ઉપકાર નથી. સેંકડો વર્ષ પછી પણ તે ગુરુદેવને સમાજ યાદ કરશે અને તે સાહિત્ય ગ્રંથો પણ જવાબ આપશે. કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજની વળી શારીરિક સ્થિતિ જોઇએ તેવી નહિં હોવા છતાં પાટણ શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાંના આગમો–પંચાંગી વગેરેનું સંશોધનનું મહદ્કાર્ય પૂજ્ય **ગુરુશ્રી પુણ્યવિજયજી મહારાજને ત્યાંના શ્રી સંઘે** વિનંતિ સાથે સોંપ્યું છે, તેનું અપૂર્વ સંશોધન વગેરે હાથમાં હોવા છતાં, આ સભાનું સંશોધન કાર્ય પણ સાથે જ ચાલુ છે અને વિવિધ સાહિત્ય ગ્રંથો એક પછી એક સંશોધન કરી સભાને કૃપાની રાહે સુપ્રત કરે છે. અનુવાદના ગ્રંથોમાં પણ સભા તેમની આજ્ઞાધીન સલાહ લે છે, તેથી જ સભાની પ્રગતિ અને પ્રતિષ્ઠામાં વિશેષ વૃદ્ધિ થતી જાય છે. આટલું આટલું ભગીરથ કાર્ય હાથમાં હોવા છતાં દોઢ વર્ષ પહેલાં મહાકષ્ટવડે ઉગ્ર વિહાર કરી ઘણા દૂર જેસલમીર કે જ્યાં પ્રાચીન જ્ઞાનભંડારો છે જેમાં અમૂલ્ય સાહિત્ય રત્નો ઘણા છે. તે સદ્ભાગ્યે ત્યાંના જૈન સંઘ તરફથી વિનંતિપૂર્વક પૂજ્ય કૃપાળુશ્રીને તપાસવા સ્વતંત્ર રીતે સોંપ્યું, અને તેની નોંધ, રિપોર્ટનો વગેરે માટે અનેક તેના લગતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહિત્યો અને સ્ટાફ સાથે ઘણું જ સુંદર કાર્ય ત્યાં કરેલ છે. જે જૈનસમાજ ઉપર જેવોતેવો ઉપકાર નથી. જૈનદર્શનના ભાવિ ઉજ્વળ માટે આ મહામૂલ્ય પ્રયત્નો થાય છે જે સોનેરી અક્ષરે સચવાઈ રહેશે. ભાવિ કાળ જવાબ આપશે. આટલા આટલા જ્ઞાનોદ્ધાર–ભક્તિના કાર્યો કરી રહેલ છે. વળી તેઓ સાહેબના દાદાગુરુ શાંતમૂર્તિ શ્રી પ્રવર્તકજી **શ્રી કાન્તિવિજયજી મહારાજ** અને તેઓ સાહેબના **પૂજ્ય** વિદ્વાન્ ગુરુદેવ **શ્રી ચતુરવિજયજી મહારાજ**ની કૃપા આ સભા ઉપર પ્રથમથી જ હતી. સાહિત્ય સંશોધક અને પ્રકાશનની શરૂઆત પણ તેઓશ્રીની કૃપાવડે જ ઘણા વર્ષોથી શરૂ થયેલ છે, અને પૂજ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ વંશપરંપરાગત ગુરૂભક્તિ અને સાહિત્ય સેવાનો વારસો લઈ રહ્યા છે. જેથી સભા નિરંતરને માટે તેઓશ્રીનો જેટલો આભાર માને તેટલો ઓછો છે.

આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજની કૃપા સભા ઉપર છે, તેઓશ્રીની ઉચ્ચ કક્ષાના આવતા લેખોથી "આત્માનંદ પ્રકાશ" ની પ્રતિષ્ઠા વધી છે જેથી તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે.

આચાર્યદેવ શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની હાલ વૃદ્ધાવસ્થા થયેલ હોવા છતાં કૃપાદૃષ્ટિ સભા ઉપર ચાલુ છે. તેઓ કૃપાળુનું દિર્ઘાયુ ઇચ્છીયે છીએ અને સુખશાતામાં રહી જૈન સમાજ ઉપર વિશેષ–વિશેષ ઉપકાર કરે તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીએ.

આ સર્વ પ્રકારનો માટે પૂજ્ય મુનિમહારાજો, જૈન જૈનેતર વિદ્વાનો, સાક્ષરો અને સાહિત્યકારો, પરદેશી દર્શનશાસ્ત્રના અભ્યાસીઓએ સભાની મુલાકાત લઇ, તપાસી આનંદ વ્યક્ત કર્યો છે.

---

## *૫. સસ્તા સાહિત્યની યોજના પ્રબંધ અને શરૂ થયેલી કાર્યવાહી.

ગુરુદેવની કૃપાથી સમાજ જેમ વિશ્વાસ ધરાવે છે, તેમ પ્રતિષ્ઠા વધતી જતી હોવાથી સભાના એક પછી એક ઉદ્દેશોની શરૂઆત, પ્રબંધ, યોજના વગેરે પણ શરૂ થઇ જાય છે, આ સભાના ઉદ્દેશોમાં એક સસ્તા સાહિત્ય સંબંધી પણ છે. તેની શરૂઆત પણ આ વર્ષથી થઇ ગઇ છે. રાવબહાદુર શેઠશ્રી **જીવતલાલભાઇ પ્રતાપશી** અને સ્વર્ગસ્થ શેઠ **શ્રી શાંતિલાલ ખેતશીભાઇ**ના **ટ્રસ્ટી** સાહેબો તરફથી જે દશ વર્ષીય યોજના થયેલ છે, જેમાં દર વર્ષે તે પ્રકટ કરવા માટે રૂા. દશ હજાર એમ દશ વર્ષના થઇ રૂા. એક લાખ સભાને સુપ્રત થશે તેમ તેમ ટ્રસ્ટી સાહેબો અને સભા સાથે મળીને તેના ધારા–ધોરણો નક્કી થયેલ છે વગેરે ગયા વર્ષના રિપોર્ટમાં જે જણાવેલ છે. આ વર્ષની યોજના પ્રમાણે પ્રથમ નિબંધ "**અનેકાંતવાદ**" ના નિબંધોના સંબંધમાં સર્વ શ્રેષ્ઠ નિબંધ શ્રી **હરિસત્ય-ભટ્ટાચાર્ય** M. A. ના પાસ થયેલો તેમને તથા અન્ય નિબંધો લખનારને ધારા પ્રમાણેના ઇનામો આપવામાં આવેલા હતા જે હકીકત શ્રી આત્માનંદ પ્રકાશમાં પ્રગટ થયેલ છે, તેમજ બીજો નિબંધ તેજ વર્ષની યોજના પ્રમાણે શ્રી **નમસ્કાર મહામંત્ર**નો નિયુક્ત થયેલ હતો તેના આવેલાં નિબંધો આવી ગયા પછી પૂજ્ય શ્રી **ભદ્રંકરવિજયજી** મહારાજ યોગમાં હોવા છતાં દરેક નિબંધો ઘણા જ પ્રયત્નવડે તપાસી ખાતાના ટ્રસ્ટી શેઠ જીવતલાલભાઇ તથા સસ્તાસાહિત્ય ખાતાના કમીટીના સેક્રેટરી શેઠ હરિલાલ દેવચંદ અને સર્વ શ્રેષ્ઠ નિબંધના લેખક શ્રીયુત હરિસત્ય ભટ્ટાચાર્ય M. A. તથા સામળદાસ કોલેજના ફીલોસોફીના પ્રોફેસર જયંતીલાલ ભાઇશંકર દવે સાહેબ M. A. સર્વની રૂબરૂ સારી રીતે તપાસ કરી શ્રી ભટ્ટાચાર્ય સાહેબને પ્રથમ ઇનામ અને બીજા મહાશયોને મોકલી આપવામાં આવેલ છે. આ માટે **પૂજ્ય ભદ્રંકરવિજયજી મહારાજ**નો આ સભા આભાર

---

* આ ખાતાના વહીવટના દફતરો સર્વ સભામાં રહે છે અને જૈન સમાજને જોવા માટે તે ખુલ્લા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માને છે અને આ ખાતાના સેક્રેટરી શેઠ હરિલાલ દેવચંદે ટાઇમનો ભોગ આપી વારંવાર તે માટે પાલીતાણા સોનગઢ વગેરે સ્થળે જઈતેનું છાપકામ જલદી શરૂ કરી સમાજ પાસે રજુ કરવા માટે જે પ્રયત્ન સેવેલ છે તે માટે સભા તેમને ધન્યવાદ આપે છે.

---

## ૪ શ્રી આત્મારામજી જૈન લાઇબ્રેરી.

| | | | |
|---|---|---|---|
| વર્ગ ૧ લો. | જૈનધર્મના પુસ્તકો ( છાપેલાં ) | ૩૧૫૨ | કિંમત રૂા. ૪૭૨૮-૧૨-૦ |
| વર્ગ ૧ લો અ. | ,, પ્રતો (,,) | ૮૯૦ | ૧૩૬૯-૧૨-૦ |
| વર્ગ ૨ જો | છાપેલા આગમો | ૨૯૯ | ૧૬૪૧-૧૦-૦ |
| *વર્ગ ૩ જો | શ્રી ભક્તિવિજયજી જ્ઞાનભંડારની લખેલી પ્રતો | ૧૩૨૫ | અમૂલ્ય કુલ પ્રતો ૧૭૩૬ ) |
| | શ્રી લબ્ધિવિજયજી ભંડાર ,, | ૨૧૦ | |
| | સભાની પ્રતો ,, | ૨૦૧ | |

*આ વર્ગ અમૂલ્ય હોવાથી કિંમત લખી નથી. ( એક લાખથી વધારે છે. )

| | | | |
|---|---|---|---|
| વર્ગ ૪ થો | સંસ્કૃત ગ્રંથો | ૪૭૮ | ૧૫૪૦-૧૨-૦ |
| વર્ગ ૫ મો | નોવેલ નીતિના ગ્રંથો | ૩૫૬૮ | ૫૪૭૨-૧૩-૦ |
| વર્ગ ૬ ઠ્ઠો | ઇંગ્રેજી ગ્રંથો | ૨૨૩ | ૬૪૬-૯-૦ |
| વર્ગ ૭ મો | માસિક ફાઇલ | ૫૦૫ | ૧૨૩૬-૮-૦ |
| વર્ગ ૮ મો | હિન્દી ગ્રંથો | ૩૨૧ | ૬૬૪-૦-૦ |
| વર્ગ ૯ મો | બાલ વિભાગ. બુકો | ૨૭૭ | ૧૪૦-૧૦-૦ |
| | | બુકો ૧૧૪૪૯ | રૂા. ૧૭૪૪૦-૧૨-૦ |

ગઇ સાલ આખર સુધી પુસ્તક ૧૧૨૮૬) રૂા. ૧૭૦૭૭-૧૧-૦ ના હતા, આ સાલની આખર સુધીમાં નવા પુસ્તકો વધતાં કુલ ૧૧૪૪૯) રૂા. ૧૭૪૪૦-૧૨-૦ ના થયા છે. દિવસાનુદિવસ તેમ સારાં પુસ્તકોની વૃદ્ધિ થયા કરે છે.

---

**૫ જ્ઞાનમંદિર**—આ સભાના મૂળભૂત ઉદ્દેશમાં જણાવ્યા પ્રમાણે એક **જ્ઞાનમંદિરની સ્થાપના કરી** જ્ઞાનભક્તિ કરવી; કારણ કે આ સભા પાસે હસ્તલિખિત આગલા રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે પ્રતો પૂજ્ય આગમો, જૈનદર્શનના વિવિધ સાહિત્યના અમૂલ્ય ગ્રંથો કુલ પ્રતાકારે હાલ **૨૯૦૬ની સંખ્યામાં છે.** તેનું બધી રીતે સંરક્ષણ થાય, સદોપયોગ થાય અને જ્ઞાનભક્તિ થાય તે માટે સભાના મકાનની બાજુનું મકાન લીધેલ છે, ( તેને ફાયર પ્રુફ બનાવવા ) નવેસરથી તૈયાર કરવાનું કાર્ય શરૂ થઇ ગયેલ છે, તેના માંગલિક ખાત મુહૂર્તની શુભ ક્રિયા ગયા શ્રાવણ વદી ૧ ને સોમવાર તા. ૨૮-૮-૧૯૫૦ નાં રોજ તથા પ્રવેશદ્વારની ક્રિયા વિધિયુક્ત સં. ૨૦૦૭ નાં માગશર સુદી ૨ ને સોમવાર તા. ૧૧-૧૨ ૧૯૫૦ ના રોજ દાનવીર શેઠ શ્રી **ભોગીલાલભાઇ** મગનલાલ મીલવાળાનાં શુભ હસ્તે થઇ ગયેલ છે, તેમ તેના ત્રીજા માળના હોલ ઉપર શેઠશ્રી **મોહનલાલભાઇ** તારાચંદ જે. પી. જેમણે અમારી વિનંતિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજા માળના સાહિત્ય હોલને પોતાનું નામ જોડવા માટે સ્વીકાર કરેલ છે અને સાથે ઉદારતા બતાવી છે, તે તેમનાં હોલના નામાભિધાન ક્રિયા ( પ્રવેશ મુહૂર્ત ) ઉદ્ઘાટનના પ્રસંગે કે દરમ્યાન થઇ જશે, તે માટે શેઠ **મોહનલાલભાઈ**નો સહૃદય આભાર માનવામાં આવે છે. સભાએ તે માટે તેમનો ઓઇલ પેઇન્ટીંગ ફોટો મુકવાનો ઠરાવ કરેલ છે. તે મકાન તૈયાર કરવા માટે આ સભાના ટ્રેઝરરશેઠ **અમૃતલાલ છગનલાલને** સ્વતંત્ર રીતે સોંપતાં તેઓ તથા સાથે પારેખ **છગનલાલભાઇ** જીવણભાઇ માજી ગોહિલ-વાડના એન્જીનીયર સાહેબ એ બે ગૃહસ્થોની કમિટી નિમેલી હોવાથી દેખરેખ રાખી રહ્યા છે, તેમજ વરતેજનિવાસી ધમ પ્રેમી ભાવસાર **સાકરલાલ** ગાંડાભાઈ પણ જેઓ આ સભાના સભાસદ છે, તે નિઃસ્વાર્થ રીતે ચણાતાં મકાન ઉપર રસપૂર્થક ધ્યાન રાખી રહેલ છે તે માટે સર્વને ધન્યવાદ આપવામાં આવે છે.

તે મકાન તૈયાર થઇ જતાં પ્રવેશ મુહૂર્ત, ઉદ્ઘાટનનું મંગળવિધાન કોઈ પુણ્યપ્રભાવક, દાનવીર, શ્રીમંત બંધુના મુબારક હસ્તે કરાવવા સભાની ઇચ્છા છે. શ્રી જિનમંદિરની પ્રતિષ્ઠા, અને જ્ઞાનમંદિરનું ઉદ્ઘાટન-સ્થાપના-પ્રતિષ્ઠા એ સરખા પુણ્યવૃદ્ધિના કાર્યો હોવાથી ગુરુકૃપાએ સભાને કોઇ મહાભાગ્યવાન પુરુષ મળી જશે.

---

૬ **શ્રી આત્માનંદ પ્રકાશ**—સુડતાલીશ વર્ષથી નિયમિત રીતે દર મહિને પ્રકટ થાય છે. તેની અગીયારસો ઉપરાંત કોપીયો છપાય છે. ગ્રાહકોને જાય છે. લડાઇ દરમ્યાન અને હજુસુધી કાગળ, છાપકામ વગેરે તેના લગતા સાહિત્યની સખ્ત મોંઘવારીને લઇને માત્ર વાર્ષિક રૂા ૩) ત્રણ, હાલ કિંમત રાખવામાં આવી છે, વિદ્વાન મુનિ મહારાજા અને જૈન સાક્ષર બંધુઓના સામાજિક, ઐતિહાસિક, તત્વજ્ઞાનના ઉચ્ચ કક્ષાના લેખો અને કવિતાવડે વાચકોની પ્રશંસા પામેલ છે. છપાવતાં તૂટો પડતો હોવા છતાં સમાજ પાસે ખોટ પુરી કરવા ઉઘરાણું કર્યું નથી. હજી પણ મોંઘવારી વધતી જતી હોવાથી આવતા વર્ષ માટે વિષેષ તૂટો ન પડે તે માટે સભા વિચારણા કરે છે.

---

## માનપત્ર--અને તે સંબંધમાં આ સભાના માનનીય પ્રમુખ સાહેબનું અગત્યનું નિવેદન.

આ સભાના માનનીય મુખ્ય સેક્રેટરી **ભાઇ વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી છે.** જેઓ લગભગ પીસ્તાળીશ વર્ષથી નિસ્વાર્થવૃત્તિએ અને પ્રમાણિકપણે આ સભાની તન, મન અને ધનથી પ્રશંસાપાત્ર સેવા કરે છે, વિશેષમાં કહું તો તેઓ સભાના આત્મા છે. તેમની આટલા બધા વર્ષોની એકધારી સેવા માટે ગઇ સાલમાં માગશર માસમાં એક વખત આ સભાના માનનીય પેટ્રન સાહેબો દાનવીર શેઠ **શ્રી ભોગીલાલભાઇ મગનલાલ** મીલવાળા, અને શ્રીયુત **ખાન્તિલાલ અમરચંદભાઇ** વોરાએ અમો મુખ્ય કાર્યવાહકને જણાવ્યું કે, ભાઈ વલ્લભદાસની આવી સભાની ઉત્તમ ઘણા વર્ષોની સેવા માટે તેને માનપત્ર અર્પણ કરી સારી રીતે સત્કાર કરવાની ખાસ જરૂર છે અને તે માટે સભાએ વેલાસર તૈયારી કરવી. હું અને મારી સાથેના બીજા કાર્યવાહકોએ સહર્ષ તે વાત વધાવી લઈ ગઇ સાલની તા. ૧૫-૧૨-૪૯ ના રોજ એક મેનેજીંગ કમીટી તે માટે બોલાવી; સર્વાનુમતે તે ઠરાવ પસાર કરી અને તે માટે હું અને દશ ભાઈઓની કમીટી નીમી, ખર્ચની મંજુરી આપવામાં આવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમે તૈયારી કરતાં હતા દરમ્યાન ભાઇ વલ્લભદાસે માનપત્ર સ્વીકારવાની ના પાડી અને તે બાબત અંગે લેખિત વિનંતિ પત્ર સભા ઉપર મોકલ્યું. આ હકીકત અમારા બીજા સભાસદોને પણ જણાવી. તે લેખીત વિનંતિ પત્રની કોપી નીચે આપેલ છે.

"હું ઘણા વર્ષોથી વિચાર કરી રહ્યો હતો કે શ્રીમંતો, સુખી જીવનવાળા જૈન બંધુઓ, જૈન સંસ્થા સમાજ કે એવા કોઇ ધાર્મિક વગેરે ખાતાની તન-મન અને ધનથી ભકિત સેવા કરી શકે છે, તો મારી જેવો સામાન્ય સ્થિતિનો અને માત્ર આજીવિકા અને વ્યવહાર સાચવવા પુરતું ધંધાદારી કરનારો માણસ તન-મન અને ધનથી સેવા કરી શકે કે કેમ? અને તેવી જો કોઈ ઉત્તમ ભકિત-સેવા કરવાની તક સાંપડે તો આપણે પણ તેમજ કરી બતાવવું-જીવન પર્યંત કરવું. આવું વિચાર મંથન ચાલતું હતું. દરમ્યાન સંવત ૧૯૬૫ની સાલમાં સુભાગ્યે આ સભાના મુખ્ય ઓનરરી સેવકનું પદ મળ્યું, મારા ઉપરોકત વિચારનો અમલ કરવા દૃઢ નિશ્ચય કરી પ્રતિજ્ઞા કરી કે, આ સભાની પ્રમાણિકપણે નિસ્વાર્થવૃતિએ સેવા કરવી, તન મન અને ધનના ભોગે પણ સેવા કરવી, અને સભાવડે આત્મકલ્યાણ સાધવું, જ્ઞાન વૃદ્ધિ કરવી અને ગુરૂભકિત વિશેષ કરવી. એ રીતે નિર્ણય કરી સેવકપદ સભાનું સુકાન મેં મુખ્ય તરીકે હાથમાં લીધું. દિવસાનુદિવસ આત્મકલ્યાણ સધાવા લાગ્યું. જ્ઞાનવૃદ્ધિ થવા લાગી, ગુરૂભકિતનો પ્રેમ વિશેષ જાગ્રત થયો, તેને આજે સભાની તે રીતે સેવા કરતાં ૪૨ વર્ષ ચાલ્યા ગયા છતાં હજી પણ તે જ પ્રતિજ્ઞા ઉપર નિર્ભર છું, દરમ્યાન આ વર્ષની માગશર વદી ૧૦ ગુરૂવાર, તા. ૧૫-૧૨-૧૯૪૯ ના રોજ આ સભાની મેનેજીંગ કમીટીએ મને મારો સત્કાર કરવા (વગર પ્રસંગે) માનપત્ર આપવાનો ઠરાવ કર્યો, હું અજાયબ થયો, મને વિચાર આવ્યો કે કોઈ સંસ્થા-સમાજ કે આવા ખાતાની સેવાભકિત કરનાર જયારે નિવૃત તેમાંથી થાય કે હાલની પ્રણાલિકા પ્રમાણે જ્યુબીલી ઉજવાય ત્યારે સેવા કરનારને માનપત્ર અપાય છે, (અહિં તો જુબીલી ઉજવવાનો બે વર્ષ પર ઠરાવ કરી ખર્ચની મંજુરી સાથે એક સબ-કમીટી નીમી છતાં) ભવિતવ્યતાંના યોગે કાળની પરિપકવતા થયેલી ન હોવાથી જુબીલી ઉજવવાની (હીલચાલ) થતી નથી. હું સભાની ભકિતમાંથી સેવકપણામાંથી નિવૃત્ત થયો નથી, થતો નથી છતાં મને માનપત્ર આપવાના કરેલા ઠરાવ માટે હૃદયમાં આભાર માની આત્મવિચારણા કરી અને દૃઢ નિશ્ચય ઉપર આવ્યો કે, સભાની જુબીલી ઉજવાય તે પ્રશંસાપાત્ર છે, ગૌરવ છે તે ભલે ઉજવાય અને ઉજવવી જ જોઈએ; પરંતુ આવા પ્રસંગોએ તે તે સંસ્થાના સેવકો ભલે માનપત્ર લે, પરંતુ મારે સભાનું માનપત્ર સ્વીકારવું નહિં કારણ કે હું એમ સમજયો છું કે, ઘણા વર્ષો સુધીની સેવા ભકિતનો આ બદલો કદર છે. વળી માનપત્ર લેવામાં અમુક અંશોએ માન-અભિમાન ઉત્પન્ન થાય છે તે મારે શા માટે જોઇએ? મેં તો પ્રતિજ્ઞા સાથે પ્રથમથી જ નક્કી કર્યું છે કે સભાવડે આત્મકલ્યાણ સાધવું. જ્ઞાનવૃદ્ધિ કરવી અને ગુરૂભકિત ખૂબ કરવી. આજસુધીના ૪૨ વર્ષમાં ભક્તિ કરતાં આત્મકલ્યાણ સધાય છે, જ્ઞાન અને સાહિત્યની વૃદ્ધિ થઇ છે, ગુરુભકિત વધે છે અમારો તે રીતે હેતુ સધાય છે; તેથી આત્માને પરમ આનંદ થાય છે માટે સત્કાર-માનપત્ર લેવું પણ જરૂરી નથી તે એક હેતુ અને બીજો હેતુ બીજી સંસ્થાઓ વગેરેમાં સેવા કરનારા તેવા પ્રસંગે ભલે આવા માનપત્રો કે માનપત્ર-થેલી સ્વીકારે પરંતુ મારે તો તેનો અસ્વીકાર કરી સમાજમાં આવું પણ દૃષ્ટાંત પુરૂં પાડવું. આ બંને હેતુઓ મને યોગ્ય લાગવાથી મેનેજીંગ કમીટીને માનપત્રનો અસ્વિકાર કરવા વિનંતિ-પત્ર મોકલેલ છે, જેથી તે ફાઈલ ઉપર લઇ મેનેજીંગ કમીટીમાં મારી વિનંતિ સ્વીકારી કૃપા રાહે ઠરાવ કરશે જેથી હું સભાનો આભારી થઇશ."

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઈ વલ્લભદાસ જણાવે છે કે બીજું વિનંતિ પત્ર "જૈનપત્ર"ને આપ્યું છે, તેમણે કેમ કંઇ પ્રગટ કર્યું નહિં કે ખુલાસો મુકયો નહિં તે તે જાણે, પરંતુ ત્રીજું તે વિનંતિ પત્ર "**ભાવનગર સમાચાર**" જે રાષ્ટ્રીય અને રાજ્યપ્રજા માન્ય પેપર હોવા સાથે તેના વિદ્વાન તંત્રી શ્રીયુત જયંતીલાલભાઇ મોરારજી પ્રમાણિક તંત્રી છે તેઓશ્રીને મોકલેલ છે તેની નકલ અને તે નીચે તે પત્રના તંત્રી સાહેબનો અભિપ્રાય તા. ૧૪-૧-૧૯૫૦ પુ૦ ૧૧, પાને ૧૫ મે પ્રગટ થયેલ છે તે અક્ષરસહ નીચે પ્રમાણે હું પ્રકટ કરૂં છું તે પણ આ સભાને વિચારણીય છે.

## જૈન આત્માનંદ સભાના સેક્રેટરીની સેવા.

નીચેનો પત્ર અમને પ્રસિદ્ધિ અર્થે મળ્યો છે.—**તંત્રી.**

શ્રી જૈન આત્માનંદ સભાના માનનીય પ્રમુખ સાહેબ, બંધુઓ સેક્રેટરી સાહેબ અને શ્રીયુત ટ્રેઝરર સાહેબો વગેરે મેનેજીંગ કમીટીના સભ્ય સાહેબની સેવામાં,

વિનંતિપૂર્વક જણાવવા રજા લઉં છું કે આ સભાની ઘણાં વર્ષોની મારી સેવાનો સત્કાર કરવા આપ સર્વે તથા માનનીય ભોગીલાલભાઈ તેમજ શ્રી ખાન્તિલાલભાઇ, પેટ્રન સાહેબો સર્વેએ મળી મારી સેવા અને મારા પરના પ્રેમ માટે મેનેજીંગ કમીટી દ્વારા મને માનપત્ર આપવા જે નિર્ણય-ઠરાવ કર્યો છે, તે માટે આપ સર્વેનો આભાર માનું છું (અંતઃકરણપૂર્વક). મને મારા અંતરાત્મા દ્વારા જણાયું છે કે મેં જે સેવા કરી છે તે મારા આત્મકલ્યાણ માટે કરેલી હોવાથી તેનો બદલો લેવા કે તેની કિંમત ઓછી કરવા માગતો નથી. જેથી તે માટે જે યોજના કે તૈયારી કરતા હો તે બંધ રાખી મને ઉપકૃત કરશો. કદાચ મારી સેવા જાહેરને મારા ઉપરના પ્રેમથી જણાવવા માગતા હો તો સભાની જ્યુબીલી ઉજવવાના માંગલિક પ્રસંગે મારા માટે મારી કંઇ સેવા કે પ્રેમ માટે પ્રેમના બે શબ્દો આપ બોલી શકશો. મારો સાહિત્ય પ્રેમ અવિચળ રહેશે અને આથી હવે બેવડા આત્મબળે સાહિત્ય પ્રકાશન દ્વારા સભાની પ્રતિષ્ઠામાં વધારો કરવાનો છે. એ જ,

લી. આપનો નમ્ર સેવક,
**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**
સેક્રેટરી.

× × ×

## "ભાવનગર સમાચાર" પત્રનો અભિપ્રાય.

* અમને પ્રસિદ્ધ અર્થે મળેલો, શ્રી વલ્લભભાઇનો આ પત્ર એટલા માટે પ્રકટ કર્યો છે, કે અત્રેની જૈન આત્માનંદ સભાના સેક્રેટરી તરીકે લગભગ ૪૫ વરસથી તેઓ કામ કરે છે. અને આ સમય દરમિયાન મૂળ અને અનુવાદ સાથે એ સભાનાં લગભગ ૧૭૫ પ્રકાશનો થયા છે. અને આ રીતે તેઓએ અને એમના સહકાર્યકરોએ અપ્રકટ રીતે મૂકપણે, કોઈ પ્રકારના પ્રચાર વિના, કેવળ સેવાવૃત્તિથી ગુજરાતી સાહિત્યમાં અસાધારણ ફાળો આપ્યો છે. સ્વ. સાક્ષરશ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ-ભાવનગર આવ્યા ત્યારે આત્માનંદ સભાના મંત્રી તરીકે શ્રી વલ્લભદાસભાઇની કાર્યવાહી જોઈ એમણે આશ્ચર્ય વ્યકત કર્યું હતું અને તેઓશ્રીના કહેવાથી જ આત્માનંદ સભાએ 'વસુદેવ હિંડી' જેવો આકર ગ્રંથ રૂા. અગીઆર હજાર ખર્ચી, આપણા યુવાન અને અભ્યાસરત સાક્ષર શ્રી સાંડેસરા પાસે તૈયાર કરાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકટ કર્યો છે, અને આ ગ્રંથ પાછળ જૈન આત્માનંદ સભાની કાર્યવાહક સમિતિએ ખૂબ શ્રમ લઇ ગુજરાતી સાહિત્યમાં એક અમૂલ્ય ગ્રંથનો ઉમેરો કર્યો છે. શેઠશ્રી ભોગીલાલ અને શેઠશ્રી ખાંતીભાઇની પ્રેરણાથી સભાએ એમનું સન્માન કરવાનો ઠરાવ કર્યો છે તે અને એમણે તે સ્વીકારવા માટે નમ્રપણે અનિચ્છા દર્શાવી છે, એ ઉભય યોગ્ય થયું છે. કિં બહુના, શ્રી વલ્લભદાસભાઇને સન્માનપત્ર આપવાના આગ્રહ છતાં એમણે તે સ્વીકારવા દૃઢતાપૂર્વક ના કહી છે, તે વાસ્તવ દૃષ્ટિએ તો માનપત્ર આપ્યા જેવું જ ગણાય. અને એમ કહી તેઓ ખરેખર માનને યોગ્ય થયા છે. પણ ખરૂં જોતાં માણસની નિષ્કામ સેવા એ જ એને માટે યોગ્ય બદલો છે. સેવાનો સંતોષ એ જ એનું સત્ફળ છે. પરંતુ વ્યવહાર દૃષ્ટિએ વિચારતાં અમને લાગે છે કે કોઇ વ્યક્તિને માત્ર સન્માન પત્ર આપવા કરતાં એની સેવાનું ચિરસ્થાયી સ્મરણ રહે એવો પ્રબંધ થાય એ સેવાનો બદલો સવિશેષ યોગ્ય છે. એટલે શ્રી વલ્લભદાસની નિષ્કામ સેવાના નિમિત્તે એવો કોઇ પ્રબંધ થાય અને એ માટે એક સારી એવી રકમ શ્રી જૈન આત્માનંદ સભા અગર તો એમના મિત્રો, શુભેચ્છકો અને પ્રશંસકો કાઢી, તેમાંથી સામળદાસ કોલેજમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને માટે અર્ધ માગધીની એક 'ચૅર' સ્થાપવામાં આવે અથવા સ્કોલરશીપ અથવા તેઓને અભ્યાસમાં મદદ આપવામાં આવે અથવા એ નિમિત્તે પુસ્તક પ્રકાશનની વ્યવસ્થા કરવામાં આવે એ વધારે યોગ્ય માર્ગ જણાય છે.

તંત્રી.

× × ×

ભાઇ વલ્લભદાસે માનપત્ર અસ્વીકાર કરવાનું જે વિનંતિપત્ર સભા ઊપર મોકલ્યું છે, તે વાંચી તેમની સેવા માટે અસાધારણ માન ઉત્પન્ન થયું છે, પરંતુ સભા કદી પણ તેમની સેવાને માટે સત્કાર કર્યા સિવાય રહેશે જ નહિં, જ્યુબીલી ઉજવવાના પ્રસંગે કે નજીકના કોઇ ખાસ માંગલિકના પ્રસંગે સભા જરૂર તેનો સત્કાર કરશે જ અને તેટલા માટે તેનું વિનંતિપત્ર આવ્યા પછી અસ્વીકાર કે કોઇ ઠરાવ–નિર્ણય કરવાની સભાને જરૂર લાગી નથી.

આટલું મારૂં નિવેદન સહર્ષ જરૂરીયાતવાળું અને અનુકરણીય લાગવાથી આ રિપોર્ટમાં હું પ્રસિદ્ધ કરૂં છું.

**શેઠ ગુલાબચંદ આણંદજી**
પ્રમુખ
**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

**બંને પ્રકારની કેળવણીને ઉત્તેજન અને મળેલા ફંડો**—આ સભાએ સભાસદો વગેરેવડે કરેલું પ્રાતઃસ્મરણીય શ્રી **કાન્તિવિજયજી મહારાજ સ્મારક કેળવણી** ફંડ—( જેમાં હજી કેટલાક સભ્યોની રકમ ભરાવાની છે ) તેના વ્યાજમાંથી સભાએ કરેલ ઠરાવ મુજબ તેઓ સાહેબની સ્વર્ગવાસ તીથી અસાડ શુદ ૧૦ ના રોજ જાહેર મેળાવડો કરી મેટ્રિકની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થાય તેને સુવર્ણપદક સભા તરફથી, તેમજ બીજે નંબરે પાસ થાય તેને રૌપ્યપદક શેઠ દેવચંદ દામજીના તરફથી આવેલી રકમના વ્યાજમાંથી આપવાનો ઠરાવ કરવામાં આવેલો છે. તેનો અમલ આવતા વર્ષથી કરવામાં આવશે, અને શ્રી મુળચંદભાઇ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી ફંડના વ્યાજમાંથી તેમજ સભાના પોતાના તરફથી બંને પ્રકારની કેળવણીનો ઉત્તેજન અર્થે, સ્કોલરશીપો, બુકો વગેરે જૈન વિદ્યાર્થીઓને દરવર્ષે આપવામાં આવે છે, તેમજ તે સિવાય રૂા. ૨૦) શ્રી વૃદ્ધિ·

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદ્રજી સામાયકશાળાને અને રૂા. ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને ધાર્મિક શિક્ષણના ઉત્તેજનાર્થે દર વર્ષે અપાય છે, અને તેનો વહીવટ પણ સભા કરે છે.

**જૈન બંધુઓ માટેનું રાહત ફંડ**—શ્રી ખોડીદાસ ધરમચંદ જૈન બંધુઓ માટે રાહત ફંડ તથા રાષ્ટ્રીય મહોત્સવ દિનની ખુશાલી નિમિત્તે સભાએ જુદી મૂકેલ એ બંને રકમના વ્યાજમાંથી બંનેમાંથી જરૂરીયાતવાળા બંધુઓને રાહત અપાય છે. તે ફંડ વધારી આપણા સ્વામીભાઈઓને વિશેષ રાહત કેમ આપી શકાય તેનો પણ પ્રયત્ન થાય છે.

**મહોત્સવો:**—આ સભાનો વાર્ષિક મહોત્સવ દિન–વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે પોતાની હૈયાતિમાં આપેલ એક રકમનું વ્યાજ સભા, અને પોતે કહી ગયેલ બાકીની રકમનું વ્યાજ તેમના ધર્મપત્ની શ્રી હેમકુંવર બ્હેન દર વર્ષે જેઠ સુદ ૨ ( સભા સ્થાપના દિન ) શ્રી તળાજા તીર્થે ઉજવવા નિમિત્તે આપે છે, ( વોરા હઠીસંગભાઈએ આપવાની કહેલ રકમ હવે પછી આપવા તેમના ધર્મપત્નીએ કહેલ છે. જણાવે છે ) તે વડે દર વર્ષે સભા ઉજવે છે તેથી આ રીતે દર વર્ષે બે તીર્થોની યાત્રા, દેવગુરૂ ભક્તિ, વગેરેનો લાભ સભાસદો લેતા હોવાથી આત્મકલ્યાણની વૃદ્ધિ થાય છે.

**આનંદ મેળાપ**—દર બેસતે વર્ષે આ સભાના પ્રમુખ શેઠ **શ્રીયુત્ ગુલાબચંદ આણંદજીએ** આપેલી રકમના વ્યાજમાંથી સભાસદોને દુધપાર્ટી અપાય છે, અને મેમ્બરો તરફથી પ્રથમ જ્ઞાનપૂજન પણ થાય છે.

**જ્ઞાન પૂજન**—દર વર્ષે કારતક શુદ ૫ ( જ્ઞાનપંચમી )ના રોજ સભાના મકાનમાં જ્ઞાન પધરાવી પુજન વગેરે કરી જ્ઞાન ભક્તિ કરવામાં આવે છે.

**દેવગુરુભક્તિ અને ગુરુજયંતિઓ**—પ્રાત:સ્મરણીય **શ્રી આત્મારામજી મહારાજની** જન્મતિથિ ચૈત્ર શુદ ૧ ના રોજ હોવાથી તે દિવસે દર વર્ષે સભાસદો **શ્રી પવિત્ર શત્રુંજય** તીર્થે જઇ, વિવિધ પૂજા ભણાવી તથા શ્રી આદિનાથ પ્રભુ, શ્રી પુંડરિકજી મહારાજ તથા ગુરૂશ્રીની આંગી રચવા સાથે સભાસદોનું સ્વામીવાત્સલ્ય દર વર્ષે ત્યાં કરવામાં આવે છે. સભા માટે આ એક અપૂર્વ ભક્તિદિન છે. આ ગુરુભકિતના ઉત્તમ કાર્ય માટે ગુરૂભકત ઉદારદીલ શેઠ સકરચંદભાઇ મોતીલાલ મુળજીએ એક રકમ સભાને સુપ્રત કરી છે, જેના વ્યાજમાંથી ખર્ચ થાય છે. એ રીતે શ્રી શત્રુંજય પવિત્ર તીર્થ તથા શ્રી તાલધ્વજગિરિ તીર્થ બે તીર્થોની યાત્રાનો સર્વ સભાસદોને દર વર્ષે અપૂર્વ લાભ દેવગુરુભકિત સાથે મળે છે.

દર વર્ષે માગશર વદી ૬ ના રોજ પ્રાત:સ્મરણીય **શ્રી મૂળચંદજી મહારાજની** તેમજ આસો શુદિ ૧૦ ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાન્તમૂર્તિ પરમકૃપાળુ **શ્રી વિજયકમલસૂરીશ્વરજી** મહારાજની સ્વર્ગવાસ જયંતિઓ માટે થયેલા ફંડોના વ્યાજમાંથી ઉપરોકત રીતે દેવગુરુભકિત વગેરેથી અત્રે જયંતિ ઉજવાય છે. આ સભાનું ધન્યભાગ્ય છે કે ગુરુભકિતના આવા પ્રસંગો સાંપડ્યા છે.

ઉપરોક્ત કાર્યવાહી જોઇ, જાણી સભાના કોઇપણ કાર્યો:—જ્ઞાનોદ્ધાર–સાહિત્ય પ્રકાશન, પ્રચાર, ગુરુભકિત,–કેળવણી ઉત્તેજન તેવા અન્ય સઘળા કાર્યોમાં આર્થિક સહાય આપનાર તેમજ આ સભામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયેલા અને થતાં સર્વ સભાસદ બંધુઓ પણ આવા આત્મકલ્યાણ સાધવાના ઉત્તમ કાર્યોના ભાગીદાર બને છે.

---

# મીટિંગોનો સંક્ષિપ્ત અહેવાલ.

## ( સં. ૨૦૦૬ )

**જનરલ કમિટી પહેલી:**—કારતક સુદી ૪ ને મંગળવાર, તા. ૨૫-૧૦-૪૯.

જૈન શાસનની મહાવિભૂતિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મહારાજ સં. ૨૦૦૫ ના આશો વદી ૩૦ ને શુક્રવારના રોજ તેઓશ્રીની જન્મભૂમિ મહુવા શહેરમાં સ્વર્ગવાસ પામ્યા, તે માટે શોક પ્રદર્શિત કરવા સભાની જનરલ મીટીંગ કારતક સુદી ૪ ને મંગળવારે બપોરના ચાર વાગે મળી હતી. અને શોકનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. સભાનાં મુખ્ય સેક્રેટરી શ્રીયુત્ વલ્લભદાસભાઇએ સૂરી સમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીનાં જીવન પરત્વે બોલતાં તેમનો ધર્મ પ્રત્યેનો પ્રેમ વગેરેનું વર્ણન કર્યું હતું. અન્ય વક્તાઓનાં વિવેચનો થયા હતા અને સદ્ગતના આત્માની શાંતિ માટે પરમાત્માની પ્રાર્થના કરવામાં આવી હતી.

**મેનેજીંગ કમિટી પહેલી:**—કારતક વદી ૧૪ ને શનિવાર, તા. ૧૯-૧૧-૪૯.

( ૧ ) સં. ૨૦૦૫ ની સાલનો આવક જાવકનો હિસાબ તથા સરવૈયું વાંચી સંભળાવવામાં આવ્યું હતું. અને તે પસાર કરવામાં આવ્યું હતું. ( ૨ ) સં. ૨૦૦૬ ની સાલનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. ( ૩ ) સભાનાં મુખ્ય સેક્રેટરી શ્રીયુત્ વલ્લભદાસભાઇએ સભાનો હિસાબ રિપોર્ટ વગેરે બાબત પર વેધક પ્રકાશ પાડ્યો હતો.

**જનરલ મિટીંગ બીજી:**—માગસર સુદી ૭ બીજી ને રવિવાર, તા. ૨૭-૧૧-૪૯.

( ૧ ) સભાનાં મુખ્ય સેક્રેટરી શ્રીયુત્ વલ્લભદાસભાઇએ સભાનો વાર્ષિક અહેવાલ રજુ કરતાં સભાની વધતી જતી પ્રગતિ તથા વિકાસ સંબંધી સુંદર વિવેચન કર્યું હતું. ( ૨ ) સં. ૨૦૦૫ ની સાલનો હિસાબ, સરવૈયું વાંચી સંભળાવ્યું હતું અને તે પસાર કરવામાં આવ્યું. ( ૩ ) સં. ૨૦૦૬ ની સાલનું બજેટ મંજુર કરવામાં આવ્યું હતું. ( ૪ ) હિસાબ, રિપોર્ટ છપાવવાનું પણ મંજુર કરવામાં આવ્યું હતું.

---

**મેનેજીંગ કમિટી બીજી:**—માગશર વદી ૧૦ ને ગુરૂવાર, તા. ૧૫-૧૨-૪૯.

આજની મીટિંગમાં સભાના ઉપપ્રમુખ શેઠશ્રી **ફતેહચંદ ઝવેરભાઈ** હાજર હતા અને તેમના પ્રમુખપણા નીચે મિટિંગ મળી હતી, કારણ કે સભાના પ્રમુખ શેઠશ્રી ગુલાબચંદભાઇ આણંદજી પોતાની નાદુરસ્ત તબીયતને અંગે ગેરહાજર હતા.

( ૧ ) પ્રમુખસ્થાનેથી નીચે મુજબનો ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો કે સભાના મુખ્ય સેક્રેટરી ભાઈશ્રી **વલ્લભદાસભાઇ** સભાની અદ્વિતીય સેવા બજાવે છે, તે માટે તેમના ફાગણ સુદી ૮ નો ૭૧ મા જન્મ દિવસના રોજ અથવા તે પહેલાં તેમને સભા તરફથી માનપત્ર અર્પણ કરવું અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે માટે રૂા. ૧૦૦૧) એક હજારને એકની ખર્ચની મંજુરી આપવામાં આવી હતી. આ ઠરાવને સર્વે સભાસદોએ હર્ષથી વધાવી લીધો હતો અને મંજુર રાખ્યો હતો. આ ઠરાવને અમલમાં મૂકવા માટે નીચેનાં સભ્યોની સમીતિ નીમવામાં આવી હતી.

શેઠ ખાંતિલાલ અમરચંદ
શેઠ રમણીકલાલભાઇ ભોગીલાલભાઇ
શેઠ ગુલાબચંદ આણંદજી
શેઠ ફતેહચંદ ઝવેરભાઇ
શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
શાહ વિઠ્ઠલદાસ મૂલચંદ
શેઠ જાદવજી ઝવેરભાઇ
શેઠ અમૃતલાલ છગનલાલ
શેઠ હારલાલ દેવચંદ

---

**મેનેજીંગ કમિટી ત્રીજી:**—મહા સુદી ૧૧ ને રવીવાર, તા. ૨૯–૧–૫૦

(૧) આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજનાં પટ્ટધર શિષ્ય આચાર્ય શ્રી વિજયલલિતસૂરિજી મહારાજ કે જેઓ ઘણાં વર્ષોના દિક્ષિત બાલબ્રહ્મચારી સાહિત્યકાર, જ્ઞાનગરીષ્ઠ, ચારિત્ર પાત્ર, વ્યાખ્યાનકાર, ગુરૂભકત અને સતત્ વિહારી હતા. તેઓશ્રી તા. ૨૭–૧–૫૦ ના રોજ ખુડાલા ( મારવાડ ) મુકામે કાળધર્મ પામ્યા તેમના માટે દિલગીરીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો, અને તેમના આત્માની પરમ શાંતિ માટે પરમાત્માની પ્રાર્થના કરવામાં આવી હતી.

**મેનેજીંગ કમિટી ચોથી:**—શ્રાવણ સુદી ૧૩ ને શુક્રવાર, તા. ૨૫–૮–૫૦

( ૧ ) આપણી સભાનાં ટ્રેઝરર શેઠ અમૃતલાલ છગનલાલને જ્ઞાન મંદિરનું મકાન એન્જીનીયર મ્હેતા સાહેબે તૈયાર કરેલ પ્લાન પ્રમાણે તૈયાર કરાવી આપવાનું કામ સોંપવાનું સર્વાનુમતે ઠરાવ્યું.

( ૨ ) શ્રીયુત ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ તથા શ્રીયુત વિઠ્ઠલદાસ મૂળચંદ શાહને નોકરો રાખવા બાબતમાં તથા નોકરોને રજા દેવા, પગાર નક્કી કરવા વગેરે કુલ સત્તા આપવામાં આવી અને બન્ને સેક્રેટરીઓમાં મતભેદ થાય તો શ્રી પ્રમુખશ્રીની સલાહ મુજબ કરવું તેમ ઠરાવવામાં આવ્યું.

( ૩ ) જનરલ કમિટી, મેનેજીંગ કમિટી, તથા સભાના બીજા ફન્કશનો થાય ત્યારે ફકત ચા, દૂધ, કોરી, ( આઇસક્રીમ )નું ફકત પાણું કરવું તેમ ઠરાવવામાં આવ્યું.

**મેનેજીંગ કમિટી પાંચમી**—ભાદરવા વદી ૬ ને સોમવાર, તા. ૨–૧૦–૫૦

( ૧ ) નવા મકાનનું બાંધકામ આસો સુદી ૨ થી શરૂ થશે, તેનું એસ્ટીમેટ લગભગ બારથી તેર હજાર રૂપીયાનું થયું છે એમ શ્રીયુત વલ્લભદાસભાઈએ જાહેર કર્યું.

( ૨ ) અગાઉ ઠરાવ કર્યા પ્રમાણે પ્રવર્તકજી મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજનાં સ્મારક કેલવણી ફંડનાં વ્યાજમાંથી આ વર્ષની મેટ્રીકની પરીક્ષામાં ઉંચે નંબરે પાસ થનાર જૈન વિદ્યાર્થીને મેડલ આપવા માટે મેળાવડો કરવાનું ઠરાવ્યું.

( ૩ ) ભાદરવા વદી એકમને દિવસે બપોરના બારથી બેના ગાળામાં સભાના મકાનમાં મેજનું તાળું તોડીને સોએક રૂપીયા રોકડા તથા પોસ્ટની ટીકીટો ચોરાયાં છે તે ખબર કમિટીને આપવામાં આવ્યા.

---

For Private And Personal Use Only

# સંવત ૨૦૦૬ ની સાલનું સરવૈયું.

જ

| | |
|---|---|
| ૨૦૭૬૦॥।-॥ | શ્રી જ્ઞાન સંબંધી ખાતાઓ પુસ્તકો છપાવવા, સિરીઝ સંસ્કૃત વગેરે |
| ૩૫૯૫૧) | શ્રી ગુજરાતી સિરીઝ |
| ૯૭૯૦૩॥≡॥ | સાધારણ ખાતે મેમ્બર ફી પેટ્રન, લાઇફ મેમ્બર વગેરે |
| ૫૦૦૦) | શેઠ ભોગીલાલ લેકચર હોલ |
| ૩૨) | શ્રી ભાડુતોનાં ખાતા. ડીપાઝીટ |
| ૨૧૮૬૭॥≡ | શ્રી જયન્તિ તથા ફંડો |
| ૫૪૯૦)≡॥ | સરાફી દેવું |
| ૧૦॥= | મેમ્બરોનાં ખાતા |
| ૨૭૬॥=॥ | ઉબળેક તથા લાઇબ્રેરીનાં ડીપોઝીટ |
| | ૧૮૭૨૯૨॥।૦॥ |

ઉ

| | |
|---|---|
| ૪૭૩૭૦॥।-। | શ્રી જ્ઞાન ખાતે લેણા ડેડસ્ટોક, લાઇબ્રેરી, છપાતાં પુસ્તકો, વેચાણ પુસ્તકો વગેરે |
| ૨૯૩૫॥।≡॥ | છાપખાના તથા બુકસેલરોનાં ખાતા |
| ૯૩૭૨૦॥= | શ્રી મકાન ખાતા |
| | ૫૦૦૯૨॥≡ આત્માનંદ ભવન |
| | ૩૮૧૫૧॥। આત્માનંદ પુણ્ય ભવન |
| | ૪૯૩૯॥- જ્ઞાનમંદિરવાળું મકાન |
| | ૫૩૬॥= શા. નથુભાઇ દેવચંદ |
| | ૯૩૭૨૦॥= |
| ૪૧૬૦૮॥।૦॥ | શરાફીખાતા, તથા બોન્ડો, બેંકો ખાતે |
| ૧૦૭૬॥= | મેમ્બરોનાં ખાતા |
| ૫૪૨)=॥ | ઉબળેક ખાતા |
| ૩૭॥।૦॥ | પુરાંત સં. ૨૦૦૬ નાં આસો વદી ૦)) |
| | ૧૮૭૨૯૨॥।૦॥ |

## આવતા વર્ષ માટે બાકી રહેલા અને શરૂ કરવાના ઉત્તમ કાર્યો, તૈયાર કરેલી નવીન ભૂમિકા અને નવીન મનોરથો.

સભાના નાણાનું ભંડોલ જે હાલ છે, તેમજ ગુરુકૃપાથી વધે તેનું સંરક્ષણ કરવા સાથે પ્રમાણિકપણે ભાડું કે વ્યાજ યોગ્ય રીતે કેમ વિશેષ ઉત્પન્ન થાય અને તેનાથી પૂર્વાચાર્ય પૂજ્ય પુરુષોરચિત પ્રાકૃત, સંસ્કૃત, સાધુ, સાધ્વી મહારાજાઓના પઠનપાઠન માટે ઉપયોગી હોય તેવું તેમજ અન્ય કથા, ઇતિહાસ, જીવન ચરિત્ર વગેરે સુંદર વાંચતાં પરમ આનંદ પ્રગટે એવું, સર્વોપયોગી સાહિત્ય ભેટ કે સંયોગવશાત્ ઓછી કિંમતે સભા આપી શકે, તેમજ જૈન કથા, ચારિત્ર, ઇતિહાસ સાહિત્યના ગ્રંથો કે જેના પઠનપાઠનથી આત્મકલ્યાણ સાધી સધાય, સુસંસ્કાર ઉત્પન્ન થાય તેના ગુજરાતી ભાષામાં અનુવાદો કરાવી સુંદર શુદ્ધ, સરલ, સચિત્ર તે સર્વ રીતે ભાવવાહી પ્રગટ કરી સભાના માનવંતા સભાસદોને મોટી કિંમતના જ્ઞાનખાતાનો દોષ ન લાગે તે રીતે સંખ્યાબંધ ગ્રંથો, ભેટ આપી શકાય અને અન્યને ઓછી કિંમતે આપવાનો પ્રબંધ થઇ શકે તે માટે કોઇ નવીન યોજના અને તેવા સુંદર સાહિત્યનું વ્હેલાસર પ્રકાશન સહેલાઇથી થઇ શકેતેવી વિચારણા સભા નિરંતર કરે છે.

પ્રાતઃસ્મરણીય આ સભાના મહાન ઉપકારી પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજના, સ્મરણ નિમિત્તે કેળવણી ફંડ કરવામાં આવ્યું છે, તેના વ્યાજમાંથી તેમની સ્વર્ગવાસ તીથી અશાડ શુદ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ ના રોજ સુવર્ણ અને રૌપ્ય મેડલ જૈન વિદ્યાર્થીને (કરેલ ધારાધોરણ પ્રમાણે) મેળાવડો કરી આ વર્ષથી તેની શરૂઆત કરવામાં આવશે.

સભાની ઇચ્છા, વિચાર કે ધ્યેય નાણા વધારવા કે સંગ્રહી રાખવાનો નથી, પરંતુ તેની જેમ જેમ આર્થિક સ્થિતિ વધતી જશે તેમ તેમ ધારાધોરણ પ્રમાણે દરેક ખાતાઓમાં થતો સદ્વ્યય બાદ જતાં જે રકમ ફાઝલ પડશે તે જરૂર પડે તો મુદ્દલ કે નિયમ પ્રમાણે તેના વ્યાજમાંથી તે જ્ઞાનખાતા કે સિરિઝના ખાતા સિવાયના જે નાણાં હશે તેનો કેળવણીને ઉત્તેજન, જૈનબંધુના રાહત માટે કે બીજી કોઇ બાબતની સભા જે વિચારણા ધારાધોરણ પ્રમાણે યોજના તૈયાર કરશે તે રીતે તે તે ખાતામાં પ્રમાણિકપણે સભા સદ્વ્યય કરશે કે જેનાથી સભાની પ્રગતિ, ગૌરવ અને પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થાય.

---

## મનોરથો, આશા અને પ્રાર્થના.

ઉપર પ્રમાણે આવતા વર્ષે કરવાના કાર્યોની ભૂમિકા આપને જણાવી છે–સભાનો ખર્ચ જેમ વધતો જાય છે, તેમ તેની સાથે નવા સભાસદોની વૃદ્ધિ, સભાની પ્રતિષ્ઠા, ગૌરવ વધતાં સભાની કાર્યવાહી પ્રત્યે સંતોષ અને સમાજપ્રિયતા વધતી જાય છે. જૈન બંધુઓ અને બ્હેનો વગર લખ્યે સભ્યો થઇ, સહાયક થઇ સભાની પ્રગતિમાં ફાળો આપ્યે જાય છે. છેવટે સભા ભાવિમાં વિશેષ પૂર્વાચાર્યોકૃત ઉત્તમોત્તમ સાહિત્ય પ્રકટ કરી, જ્ઞાનદાન, પ્રચાર અને જ્ઞાનભક્તિ કરે તેમજ તે સાથે:—

(૧) પ્રથમ ધાર્મિક કેલવણી (૨) વ્યવહારિક (સ્કુલ) કેલવણી અને (૩) ઔદ્યોગિક કેલવણી વગેરે જૈન બાળકો વિશેષ રસ લેતા કેમ થાય? તે માટે સ્કોલરશીપ, બુકો કે લોન સીસ્ટમે આગળ વધવામાં સહાય જરૂરીયાત પ્રમાણે આપી શકાય તેને માટે, તેમજ ફ્રી લાઇબ્રેરીનો લાભ વધારે સરલતાપૂર્વક જૈન જૈનેતર બંધુઓ પ્રજા વિશેષ કેમ લઇ શકે? આપણા જૈન બંધુઓ કે જેને કોઇપણ પ્રકારની રાહતની જરૂરીયાત હોય તેને તે તે પ્રકારે રાહત સભા કેમ આપી શકે, છેવટે દેવ, ગુરુ ધર્મની વિશેષ વિશેષ પ્રકારે સભા ભક્તિ કેમ કરી શકે અને ચિન્તવેલા અને નવા મનોરથો ગુરુકૃપાવડે જલ્દી પૂર્ણ પામે એ સર્વ માટે પરમાત્માની પ્રાર્થના કરી આ નિવેદન પૂર્ણ કરવામાં આવે છે.

ઉપર પ્રમાણે સં. ૨૦૦૬ ની સાલનો સંપૂર્ણ કાર્યવાહી સાથેનો રિપોર્ટ આપની સમક્ષ રજૂ કર્યો છે. અમો કાર્યવાહકોની કદાચ કોઇપણ સ્થળે ત્રુટી સ્ખલના દેખાય તો દરગુજર કરી અમોને જણાવશો જેથી અમો કાર્યવાહકો અથવા સભા તેમાં યોગ્ય સુધારાવધારા જરૂર કરશે.

**આભાર**—આ વર્ષમાં સભાના ચાલતા કોઇ પણ કાર્યમાં આર્થિક સહાય આપનાર બંધુઓ તથા શ્રી આત્માનંદ પ્રકાશ માસિકને માટે લેખો, સહકાર વગેરે આપનાર મુનિ મહારાજો તથા જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે. આ સભાના અનેક ઉત્તમ ભાવિ મનોરથો ગુરુકૃપાથી શ્રી અધિષ્ઠાયક દેવો સફળ બનાવે તેવી પરમાત્માની પ્રાર્થના કરી આ રિપોર્ટ પૂર્ણ કરવામાં આવે છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જલદી મંગાવો. ઘણી થોડી નકલો સીલિક રહે તેમ છે.

### કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત-

### શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ-પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

ત્રણ પર્વોમાં સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણય-સાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું. **પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.**

---

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણુ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) થોડા દિવસમાં છપાઇ જશે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, સુમારે સાડાત્રણુસેં ઉપરાંત પાનાઓ, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણુ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, શ્રી સમેત્તશિખર તીર્થના જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, **સિંહપુરી** નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર ઝેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો સર્વ ત્રણુ કલર, બે કલર વગેરેના આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઇડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધારજ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઇ પણુ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે.

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલીકમાં છે. )

**પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર ( કિંમત રૂા. ૧૩ )**

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુદર. આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, જેથી હવે **પછી નવા થનારા લાઇફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ** રૂા. ૧૦૧) લાઇફ **મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તો આ સાલના ભેટ આપવાના બે ગ્રંથો સાથે તે પણ મોકલી આપવામાં આવશે. ફરી આટલો મ્હોટો ગ્રંથ સખ્ત મોંઘવારીને લઇ ફરી છપાવી શકાય તેમ નથી.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે રહી છે. )

### શ્રી માણિક્યચંદ્રદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, એ અસાધારણ શીલના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભકિત, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસનાં વખતે, આવતા સુખ દુઃખે વખતે ધીરજ, શાંતિ રાખી કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત ને તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુન્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું વર્ણન આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇંડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

---

## શ્રી વર્તમાન ચોવીશીના જિનેશ્વર ભગવંતોનાં સંક્ષિપ્ત (સચિત્ર) જીવન ચરિત્રો.

વિદ્વાન પૂર્વાચાર્ય શ્રી અમરચંદસૂરીશ્વરજીએ સંવત ૧૩૪૯ ની સાલમાં મૂળ સંસ્કૃત ભાષામાં રચેલ, શ્રી આદિનાથ પ્રભુ આદિ ચોવીશ તીર્થંકર ભગવંતોના સંક્ષિપ્ત જીવન ચરિત્રો સચિત્ર શ્રી જૈન પાઠશાળા, કન્યાશાળામાં ધાર્મિક અભ્યાસ કરતા બાળક બાળિકાઓ સહેલાઇથી મુખપાઠ ( મ્હોડેથી ) કરી શકે તેવા, સાદા સરલ અને ટુંકા છે. તેનો ગુજરાતીમાં થયેલ અનુવાદ સાથે શુમારે ક્રાઉન બાર ફોર્મ માત્રમાં સમાવેશ થઇ શકે તેવા છે; સાથે ( જિનેન્દ્ર ભગવંતો ) ના ચાર રંગમાં શાસન દેવદેવીઓ સહિતના ફોટાઓ, તેમજ પરમાત્માની નિર્વાણ ભૂમિના ( તીર્થ, પર્વતો કે અન્ય સ્થળો ) ના વિવિધ રંગના ફોટાઓ સાથે આ સભા બહુ જ આકર્ષક સચિત્ર અનુવાદ–ગુજરાતી ભાષાંતર છપાવવા વિચાર ધરાવે છે. આ એક કલાકૃતિનો અદ્ભુત નમુનો બનશે. પરમાત્માના માત્ર દર્શનથી આત્માને આહ્‌લાદ ઉત્પન્ન થાય તેવી અનુપમ કૃતિ બનશે. એક હજાર કોપીના શુમારે ત્રણ હજાર રૂપીયા ખર્ચ ( સખ્ત મોંઘવારી હોવાથી થાય તેમ છે. ) આર્થિક સહાય આપનાર જૈન બંધુનો ફોટો, જીવનવૃત્તાંત સાથે આપવામાં આવશે. અમારા લાઇફ મેમ્બરોને ભેટ આપવા ઉપરાંત આર્થિક સહાય–આપનારની ઇચ્છા પ્રમાણે બાકીની તે ચરિત્ર બુકોનો વ્યય કરવામાં આવશે. એક કરતાં વધારે શ્રીમંત જૈનબંધુઓને તે લાભ લેવો હોય તો તેમ પણ સભા ધારા ધોરણ પ્રમાણે સગવડ કરી આપશે.

---

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only